**: પ્રકાશન વર્ષ :**

ડિસેમ્બર–૨૦૦૫

કુલ નકલ : ૧૦૦૦ નંગ

# : પ્રસ્તાવના:

સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારમાં દરિયાઈ ખારાશની સમસ્યાએ ગંભીર સ્વરૂપ ધારણ કરેલ છે. આ સમસ્યાને નાથવા માટે સરકારી અને બિન સરકારી સંસ્થાઓ છેલ્લા કેટલાક વર્ષોથી પ્રયત્નશીલ છે. આ પ્રયત્નોના ફળસ્વરૂપે કેટલાક સારા પરિણામો મેળવવામાં તથા દરિયાઈ ખારાશના પ્રશ્નોને અમુક અંશે હલ કરવામાં સફળતા પ્રાપ્ત થયેલ છે. પરંતુ આ પ્રકારના પરિણામોનો વ્યાપ સૌરાષ્ટ્રના સમગ્ર દરિયાકાંઠામાં પ્રસરે તે હેતુથી ગુજરાત સરકાર, આગાખાન ગ્રામ્ય સમર્થક કાર્યક્રમ (ભારત) તથા સર રતન ટાટા ટ્રસ્ટ, મુંબઈના સંયુકત ઉપક્રમે "કોસ્ટલ સેલિનીટી સેલ" ની રચના કરવામાં આવેલ છે.

સરકારના વિવિધ વિભાગો દ્વારા સમયાંતરે વિવિધ વિકાસલક્ષી યોજનાઓ બહાર પાડવામાં આવે છે. આ યોજનાઓનો મુખ્ય હેતુ સમાજના નબળા વર્ગોને મદદરૂપ થઈને તેમજ સક્ષમ વર્ગો માટે સાનુકુળ વાતાવરણ ઉભું કરીને સમગ્ર વિકાસ કરવાનો છે. આ માટે સરકારના વિવિધ વિભાગો પોતાના સ્તરે સામાજીક લોકજાગૃતિ લાવવા કાર્યરત છે. આમ છતાં પણ આ પ્રકારના પ્રયત્નોનો લાભ અદના માનવી સુધી પહોંચાડવામાં હજી કયાંક ઉણપ હોય તેવું જણાઈ રહ્યું છે. ખાસ કરીને દરિયાઈ ક્ષેત્રમાં વસતા ગામો તથા લોકો આ પ્રકારની માહિતીથી હજી વંચિત છે. દરિયાઈ ક્ષેત્રને સ્પર્શતી તેમજ તે વિસ્તારમાં અમલમાં મૂકી શકાય તેવી યોજનાઓની છુટી છવાઈ માહિતી ઉપલબ્ધ છે પરંતુ સંકલિત માહિતીનો અભાવ છે.

સૌરાષ્ટ્રના કાઠાં વિસ્તારમાં આવેલ ગામડાઓને તથા તેમાં વસતા લોકોને તેમજ દરિયાઈ ક્ષેત્રમાં કાર્યરત સંસ્થાઓને આ વિવિધ યોજનાઓની સંકલિત માહિતી ગ્રામ્ય સ્તરે જ ઉપલબ્ધ થાય તે હેતુથી વિવિધ વિભાગોની વિવિધ યોજનાઓને આવરી લેતી માહિતી પુસ્તિકા અમે તૈયાર કરીને લોકો સમક્ષ રજુ કરીએ છીએ. જેનો મુખ્ય હેતુ સરકારના વિવિધ વિભાગો તથા લોકો વચ્ચે માહિતીનું આદાન પ્રદાન થાય તે માટે માધ્યમ ઉભું કરવાનો છે. તેમજ સરકારની વિવિધ યોજનાઓનો લાભ સમાજના જરૂરિયાતવાળા વર્ગો સુધી પહોંચાડવાનો છે.

સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને શકય તેટલી સચોટ અને લોક ઉપયોગી માહિતી આપવાનો અમે પ્રયાસ કરેલ છે. આમ છતાં કયાંક કોઈ કચાશ રહી ગઈ હોય અથવા તો કોઈને માહિતી વિશે કાંઈ શંકા ઉદ્ભવે તો સંબંધિત વિભાગનો સીધો સંપર્ક કરીને સ્પષ્ટતા કરવા વિનંતી છે. ઉપરોકત જણાવ્યાનુસાર આ માહિતી પુસ્તિકાનો મુખ્ય હેતુ દરિયાઈ વિસ્તારના લોકો અને સરકારના વિવિધ વિભાગો વચ્ચે માહિતીનો સેતુ બાંધવાનો છે.

આ માહિતી પુસ્તિકા બહાર પાડવા માટે આર્થિક મદદ સર રતન ટાટા ટ્રસ્ટ, મુંબઈ દ્વારા પ્રાપ્ત થયેલ છે જે માટે અમો તેમના આભારી છીએ. આ પુસ્તિકા તૈયાર કરવા માટે જરૂરી માહિતી ઉપલબ્ધ કરાવવામાં સરકારના વિવિધ વિભાગો જેવા કે ખેતીવાડી, બાગાયત, સરદાર પટેલ સહભાગી સિંચાઈ, જંગલખાતું, નેશનલ હોર્ટીકલ્ચર રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન, ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની, જમીન વિકાસ નીગમ, વાસ્મો, જીલ્લા ગ્રામીણ વિકાસ એજન્સી, મત્સ્યોદ્યોગ, રોજગાર કચેરી, સમાજ કલ્યાણ અને જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર વિગેરે વિભાગોનો પુરતો સહયોગ આપવા બદલ અમે તેમનો આભાર વ્યકત કરીએ છીએ. અંતમાં માહિતિનું એડીટીંગ કરવા માટે તેમજ અન્ય સહયોગ માટે મદદરૂપ થનાર તમામ વ્યકિતઓ તથા સંસ્થાઓ જેમના નામનો ઉલ્લેખ ન થયેલ હોય તે તમામનો અમે આભાર વ્યકત કરીએ છીએ. ખાસ કરીને આ પુસ્તિકાનું આખરી એડીટીંગ સ્વેચ્છાએ કરી આપવા બદલ શ્રી મહેશ જોષી જેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના અર્થશાસ્ત્રના વડા છે તેમના અમે આભારી છીએ.

અલકા રાવલ
એકઝીકયુટીવ સેક્રેટરી

જયેશ તલાટી
સીનીયર પ્રોગ્રામ ઓફીસર

# અનુક્રમણિકા


| | |
|---|---|
| ૧ | ખેડીવાડી<br><br>૧.૧ ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓ અને તેની સમજ<br>૧.૨ કૃષિ ધિરાણ અને રાજ્ય સરકારની વિવિધ કૃષિ ધિરાણ યોજનાઓ<br>૧.૩ કિસાન ક્રેડિટ કાર્ડ અને રાજ્યની વિવિધ યોજનાઓ<br>૧.૪ સંકલિત પાક વિમા યોજના અને ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજનાની સમજ |
| ૨ | રાજ્યના બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓ |
| ૩ | સેન્ટ્રલ સેકટર સ્કીમ : શાકભાજીના સંકલિત વિકાસ માટેની યોજનાઓ |
| ૪ | સામાજીક વનીકરણ વિભાગ હેઠળ હાલના તબક્કે અમલમાં આવેલ વિવિધ યોજનાઓ |
| ૫ | રાજ્યમાં સૂક્ષ્મ સિંચાઈ ટપક અને ફુવારા પધ્ધતિના કાર્યક્રમની યોજના |
| ૬ | સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના |
| ૭ | ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી. હસ્તક રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ |
| ૮ | વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા સંચાલિત સ્વજલધારા યોજના |
| ૯ | જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સંચાલિત ગ્રામિણ વિકાસના કાર્યક્રમો |
| ૧૦ | મત્સ્યોદ્યોગ વિભાગ, ગુજરાત રાજ્ય : ગુજરાત સરકાર દ્વારા મત્સ્યોદ્યોગ માટેની વિવિધ યોજનાઓ |
| ૧૧ | સ્વરોજગાર અંગે લોન સહાય યોજનાઓની વિગત |
| ૧૨ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની સ્વરોજગાર લક્ષી યોજનાઓ |

# ૧. ખેડીવાડી વિભાગ

## ૧.૧ ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓ અને તેની સમજ

| ક્રમ | યોજનાનું નામ | કેવા ખેડૂતોને લાભ મળે | સહાયનું ધોરણ |
|---|---|---|---|
| ૧. | રાષ્ટ્રિય કઠોળ વિકાસ કાર્યક્રમ | તમામ ખેડુતો | ૧. **બીજ વિતરણ :** ચણા અને વટાણાની કિંમતના ૩૦% રૂા. ૮૦૦/ કવી. |
| | | નાના / સિમાંત ખેડુતો | ૨. **મીનીકીટ :** તુવેર, મગ, અડદ, ચણા– વિના મૂલ્યે |
| | | તમામ ખેડુતો | ૩. **બ્લોક નિદર્શન :** તુવેર, મગ, અડદ–રૂા. ૧,૫૦૦ / હેકટર, ચણા – રૂા. ૨,૦૦૦/ હેકટર. |
| | | તમામ ખેડુતો | ૪. **સુધારેલ ખેત ઓજાર :** કિંમતના ૫૦ ટકા, રૂા. ૨,૦૦૦ની મર્યાદામાં |
| | | તમામ ખેડુતો | ૫. **સ્પ્રીંકલર સેટ :** અનુ જાતિ, અનુ.જ. જાતિ, નાના, સિમાંત ખેડૂતોને કિંમતના ૫૦ ટકા, રૂા. ૧૫,૦૦૦/– ની મર્યાદામાં તથા અન્ય ખેડૂતો માટે ૩૩ ટકા રૂા. ૧૦,૦૦૦/– ની મર્યાદામાં, અમલવારી ૧૦૦ હે. ના ઘટકમાં કરવાની હોય છે. |
| | | તમામ ખેડુતો | ૬. **રાઈઝોબીયમ કલ્ચર :** કિંમતના ૫૦ ટકા રૂા. ૫૦– હેકટરની મર્યાદામાં |
| | | તમામ ખેડુતો | ૭. **સૂક્ષ્મ તત્વો :** કિંમતના ૫૦ ટકા, રૂા. ૨૦૦/હેકટરની મર્યાદામાં |
| | | તમામ ખેડુતો | ૮. **ખેડૂત તાલીમ :** ૫૦ ખેડૂતોને, રૂા. ૧૫,૦૦૦/ તાલીમની મર્યાદામાં |
| | | તમામ ખેડુતો | ૯. **પાક સંરક્ષણ સાધનો : હેન્ડ સ્પ્રેયર્સ** ૫૦ ટકા રૂા. ૮૦૦/ નંગ **પાવર સ્પ્રેયર્સ** ૫૦ ટકા, રૂા. ૨,૦૦૦/ નંગ ની મર્યાદામાં |
| | | તમામ ખેડુતો | ૧૦. **જીપ્સમ :** રૂા. ૨૦૦/હેકટર |
| | | તમામ ખેડુતો | ૧૧. **આઈ.પી.એમ.નિદર્શન :**૧૦ હે. બ્લોક માં રૂા. ૧૫,૦૦૦/– સહાય આપવામાં આવે છે. |
| | | તમામ ખેડુતો | ૧૨. **એનપીવી દવા :** ખર્ચના ૫૦ ટકા, રૂા. ૨૫૦ ની મર્યાદામા |
| ૨. | સંકલિત ધાન્ય વિકાસ કાર્યક્રમ | તમામ ખેડુતો | ૧. **ફિલ્ડ નિદર્શન** ખરેખર ખર્ચ રૂા. ૧,૦૦૦ ની મર્યાદામાં |
| | | તમામ ખેડુતો | ૨. **પ્રમાણિત બીજ વિતરણ :** ઘઉં રૂા. ૨૦૦/કિવન્ટલની મર્યાદામાં |
| | | તમામ ખેડુતો | ૩. **જીપ્સમ :** રૂા. ૨૦૦/હેકટર |
| ૩. | તેલીબિંયા ઉત્પાદન કાર્યક્રમ | તમામ ખેડુતો | ૧. **બીજ વિતરણ** : રૂા. ૪૦૦ / કિવન્ટલ |
| | | નાના–સિમાંત | ૨. **મીનીકટ :** વિનામૂલ્ય |
| | | તમામ ખેડુતો | ૩. **બ્લોક નિર્દશન :** ઈનપુટ કિંમતના ૫૦ ટકા રૂા. ૨,૦૦૦/ હેકટર ની મર્યાદામાં |
| | | તમામ ખેડુતો | ૪. **આઈપીએમ :** નિદર્શન રૂા. ૧,૫૦૦ / હેકટર |
| | | તમામ ખેડુતો | ૫. **બીજ માવજત :** રૂા. ૧૦૦/હેકટર ની મર્યાદામાં ૫૦ ટકા |
| | | તમામ ખેડુતો | ૬. **ઘૈણ નિયંત્રણ :** રૂા. ૧૦૦/હેકટર ની મર્યાદામાં ૫૦ ટકા |
| | | તમામ ખેડુતો | ૭. **સુક્ષ્મતત્વો :** રૂા. ૨૦૦/હેકટરની મર્યાદામાં ૫૦ ટકા. |
| | | નાના–સિમાંત ખેડૂતો | ૮. **સુધરેલા ખેત ઓજાર :** બળદથી ચાલતા ૫૦ ટકા, રૂા. ૨,૦૦૦/ નંગની મર્યાદામાં, યંત્રથી ચાલતા ૩૦ ટકા, રૂા. ૧૦,૦૦૦/ નંગની મર્યાદામાં |
| | | તમામ ખેડુતો | ૯. **જીપ્સમ :** રૂા. ૨૦૦/હેકટર |
| | | તમામ ખેડુતો | ૧૦. **ખેડૂતતાલીમ:**૫૦ ખેડૂતો રૂા. ૧૫,૦૦૦/– |

| | | | |
|---|---|---|---|
| | | તમામ ખેડુતો<br><br>તમામ ખેડુતો<br><br><br><br>અનુ. જાતિ, અનુ. જ.જાતિ, નાના, સિમાંત અને મહિલા<br>અન્ય ખેડૂતો | **૧૧. પાક સંરક્ષણ દવાઓ :** વસ્તુની કિંમતના ૫૦ ટકા મુજબ, રૂા. ૫૦૦/હે. ની મર્યાદામાં<br>**૧૨. પાક સંરક્ષણ સાધનો :**<br>હેન્ડ સ્પ્રેયર્સ ૫૦ ટકા, રૂા. ૭૦૦/નંગની મર્યાદામાં<br>પાવર સ્પ્રેયર્સ ૫૦ ટકા, રૂા.૧,૫૦૦/નંગની મર્યાદામાં<br>**૧૩. રાયઝોબીયમ કલ્ચર :** ૫૦ ટકા, રૂા. ૫૦/હેકટરની મર્યાદામાં<br>**૧૪. સ્પ્રીંકલર સેટ :**<br>કિંમતના ૫૦ ટકા, રૂા. ૧૫,૦૦૦/સેટની મર્યાદામાં<br>કિંમતના ૩૩ ટકા રૂા. ૧૦,૦૦૦ સેટની મર્યાદામાં વ્યકિતગત ખાતેદારોને. |
| ૪ | સઘન કપાસ<br>વિકાસ કાર્યક્રમ | તમામ ખેડુતો<br>તમામ ખેડુતો<br>તમામ ખેડુતો<br><br>એસ.સી., એસ.ટી., નાના, સિમાંત અને મહિલા ખેડૂતો<br><br>એસ.સી., એસ.ટી., નાના, સિમાંત અને મહિલા ખેડૂતો<br><br>તમામ ખેડૂતો<br><br><br>તમામ ખેડૂતો<br><br>તમામ ખેડૂતો<br><br><br><br><br>તમામ ખેડૂતો<br><br>વિસ્તરણ સ્ટાફ | **૧. પ્રમાણીત બીજ :** રૂા. ૧,૦૦૦/કિવન્ટલ<br>**૨. ફિલ્ડ ડેમોન્સ્ટ્રેશન :** રૂા. ૨,૫૦૦/હેકટર<br>**૩. ખેડૂત તાલીમ :** ૫૦ ખેડુતો ૨ દિવસ માટે રૂા. ૧૦,૦૦૦/–<br>**૪. સ્પ્રીંકલર સેટ :** કિંમતના ૫૦ ટકા, રૂા. ૧૫,૦૦૦/સેટ ની મર્યાદામાં ૩૩ ટકા, રૂા.૧૦,૦૦૦/ સેટ ની મર્યદામાં<br>**૫. ડ્રીપ સેટ :** કિંમતના ૫૦ ટકા, રૂા. ૨૨,૫૦૦/ હેકટરની મર્યાદામાં કિંમતના ૩૫ ટકા , રૂા. ૧૬,૦૦૦/હેકટર ની મર્યાદામાં ડ્રીપ/સ્પ્રીંકલર માટે ૧૦૦ હે. ના ઘટકમાં અમલવારી કરવાની હોય છે.<br>**૬. આઈપીએમ નિદર્શન કમ ટ્રેઈનીંગ :** ૩૦ ખેડૂતોને ૫૦ હેકટરના બ્લોક માટે રૂા. ૮૫,૦૦૦ ની સાધનસામગ્રી રૂપે આપવામાં આવે છે.<br>**૭. ફેરોમન ટ્રેપ નિદર્શન :** કિંમતના ૫૦ ટકા, રૂા. ૫૦૦/ હેકટરની મર્યાદામાં.<br>**૮. પાકસંરક્ષણ સાધનો :** હેન્ડ સ્પ્રેયર્સ કિંમતના ૫૦ ટકા, રૂા. ૭૦૦/નંગની મર્યાદામાં પાવર સ્પ્રેયર્સ કિંમતના ૫૦ ટકા, રૂા. ૧૫૦૦/નંગ ની મર્યાદામાં ટ્રેકટર માઉન્ટેડ સ્પ્રેયર્સ કિંમતના ૨૫ ટકા, રૂા. ૪,૦૦૦/ નંગ ની મર્યાદામાં<br>**૯. સપ્લાય ઓફ બાયોએજન્ટ :** કિંમતના ૫૦ ટકા, રૂા. ૩૦૦/હેકટરની મર્યાદામાં.<br>**૧૦. વિસ્તરણ કાર્યકરોને તાલીમ :** ૩૦ તાલીમાર્થીને ૩ દિવસ માટે રૂા. ૧૫,૦૦૦/ તાલીમ |
| ૫. | એજીઆર–૧૧<br>ડ્રીપઈરીગેશન યોજના તથા સ્પ્રીંકલર ઈરીગેશન યોજના | નાના, સિમાંત, અનુ. જાતિ, અનુ. જ. જાતિ અને મહિલા<br>અન્ય ખેડૂતો | **ડ્રીપ –**<br>કિંમતના ૫૦ ટકા, રૂા. ૨૨,૫૦૦/હેકટરની મર્યાદામાં નાના સિમાંત, સ્ત્રી/અ. જાતી. ના ખાતેદારો. કિંમતના ૩૫ ટકા, રૂા. ૧૬,૦૦૦/હેકટરની મર્યાદામાં અન્ય ખાતેદારો<br>**સ્પીંકલર –**<br>૧. કિંમતના ૫૦ ટકા રૂા. ૧૫,૦૦૦/– ની મર્યાદામાં નાના – સિમાંત/અ.જા./સ્ત્રી ખાતેદારોને<br>૨. કિંમતના ૩૫% રૂા. ૧૦,૦૦૦/– ની મર્યાદામાં અન્ય ખાતેદારોને. |
| ૬. | એમએનઆર–૩<br>અનુ.જાતીના ખેડૂતોને સિંચાઈ સવલોતોમાં સહાય | અનુ. જાતીના તમામ ખેડૂતો | **૧. નવા કુવા :** ખર્ચના ૭૫ ટકા, રૂા. ૩૦,૦૦૦ની મર્યદામાં<br>**૨. સબમર્સીબલ પંપ :** ખર્ચના ૬૦ ટકા, રૂા.૧૨,૦૦૦ની મર્યાદામાં<br>**૩. ઓઈલ એન્જિન પંપસેટ :** ખર્ચના ૬૦ટકા, રૂા. ૭,૦૦૦ની મર્યાદામાં |

| | | | |
|---|---|---|---|
| ૭. | એમએનઆર–૫ આદીજાતી વિસ્તાર બહાર વસતા આદી જાતીના ખેડૂતોને સીંચાઈ સવલત માટે સહાય | આદી જાતી ખેડૂતો | ૧. **નવા કુવા :** ખર્ચના ૭૫ ટકા, રૂા. ૩૦,૦૦૦ની મર્યદામાં<br>૨. **સબમર્સીબલ પંપ :** ખર્ચના ૬૦ ટકા, રૂા.૧૨,૦૦૦ની મર્યાદામાં<br>૩. **ઓઈલ એન્જિન પંપસેટ :** ખર્ચના ૬૦ટકા, રૂા. ૭,૦૦૦ની મર્યાદામાં |
| ૮. | એમએનઆર–૮ નાના, સિંમાત ખેડૂતોને સિંચાઈ સવલતોમાં સહાય | નાના સિમાંત ખેડૂતો | ૧. **નવા કુવા :** ખર્ચના ૭૫ ટકા, રૂા. ૩૦,૦૦૦ની મર્યદામાં<br>૨. **સબમર્સીબલ પંપ :** ખર્ચના ૬૦ ટકા, રૂા.૧૨,૦૦૦ની મર્યાદામાં<br>૩. **ઓઈલ એન્જિન પંપસેટ :** ખર્ચના ૬૦ટકા, રૂા. ૭,૦૦૦ની મર્યાદામાં |
| ૯. | એજીઆર–૧૬ અનુ.જાતીના ખેડૂતોને બળદ, ગાડા , ખેત ઓજારો તથા સેન્દ્રિય ખેતી, જંતુનાશક દવાઓમાં સાધન વિગેરેમાં સહાય | અનુ.જાતીના તમામ ખેડૂતો | ૧. **બળદ :** કાંકરેજ ઓલાદ–ખર્ચના ૫૦ ટકા, રૂા. ૪,૨૦૦/– ની મર્યાદામાં, ગીર ઓલાદ – ખર્ચના ૫૦ ટકા, રૂા. ૩,૫૦૦/– ની મર્યાદામાં<br>૨. **ગાડા :** ખર્ચના ૫૦ ટકા, રૂા. ૩,૦૦૦/–ની મર્યાદામાં<br>૩. **સુધારેલ ખેત ઓજાર :** ખર્ચના ૫૦ ટકા, રૂા. ૧,૦૦૦/– ની મર્યાદામાં<br>૪. **પાક સંરક્ષણ સાધનઃ** ખર્ચના ૫૦% રૂા. ૬૦૦/–ની મર્યાદા. |
| ૧૦. | એજીઆર–૧૫ આદી જાતી પેટા યોજના બહાર વસતા આદી જાતી ખેડૂતોને રાહત દરે ઈનપુટ કીટ ખેત ઓજાર, બળદ, ગાડા તાલપત્રી ખરીદી ઉપર સહાય | અનુ. જન જાતીના તમામ ખેડૂતો | ૧. **બળદ :** કાંકરેજ ઓલાદ–ખર્ચના ૫૦ ટકા, રૂા. ૪,૨૦૦/– ની મર્યાદામાં<br>ગીર ઓલાદ – ખર્ચના ૫૦ ટકા, રૂા. ૩,૫૦૦/– ની મર્યાદામાં<br>અન્ય ઓલાદ – ખર્ચના ૫૦ ટકા રૂા. ૨,૮૫૦/– ની મર્યાદામાં<br>૨. **ગાડા :** ખર્ચના ૫૦ ટકા, રૂા. ૩,૦૦૦/–ની મર્યાદામાં<br>૩. **સુધારેલ ખેત ઓજાર :** ખર્ચના ૫૦ ટકા, રૂા. ૧,૦૦૦/– ની મર્યાદામાં |
| ૧૧. | એજીઆર–૩ નાના, સિમાંત ખેડૂતોને સેન્દ્રિય ખાતરમાં સહાય | નાના સિમાંત ખેડૂતો | ખર્ચના ૫૦ ટકા, રૂા. ૧૫૦/ ની મર્યાદામાં |

**સંપર્ક સ્થળો :–**

- આ સહાય યોજનાનો લાભ મેળવવા માટે ગ્રામ સેવક નો સ્થાનિક કક્ષાએ સંપર્ક કરવો. આ ઉપરાંત તાલુકા મથકે તાલુકા પંચાયત કચેરીમાં વિસ્તરણ અધિકારી (કૃષિ) નો પણ સંપર્ક સાધી શકાય.
- યોજનાનો લાભ લેવા ઈચ્છુક ખેડુતે ઉપરોકત કચેરીઓનો તથા અધિકારીઓનો સંપર્ક સાધીને જે તે યોજના અંતર્ગત જરૂરી પુરાવાની માહિતી એકત્ર કરી આગળ કાર્યવાહી કરવી.

**આ ઉપરાંત નાયબ ખેતી નિયામકશ્રીની જીલ્લા કચેરીએ ફોન દ્વારા, પત્ર દ્વારા, તથા રૂબરૂમાં સંપર્ક સાધીને જે તે યોજનાની માહિતી અને માર્ગદર્શન ઘેરબેઠા મંગાવી શકાય છે અને મેળવી શકાય છે.**

## ૧.૨ કૃષિ ધિરાણ અને રાજ્ય સરકારની વિવિધ કૃષિ ધિરાણ યોજનાઓ

૧) **વિવિધ ખેત ધિરાણ યોજનાઓ :** રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા ખેડૂતોને ખેતી વિકાસ માટે જુદા જુદા હેતુઓ માટે મોસમી તેમજ ટૂંકી, મધ્યમ અને લાંબી મુદતનું જે ધિરાણ આપવામાં આવે છે તેનાં અત્યારે વ્યાજનાં દર નીચે મુજબ છે.

| ધિરાણની રકમ | પાક ધિરાણ વ્યાજના દર | મધ્યમ મુદ્દતી ધિરાણ માટે વ્યાજના દરા |
|---|---|---|
| રૂા. ૫૦,૦૦૦/– સુધી. | ૯.૦૦% | ૯.૦૦% |
| રૂા. ૫૦,૦૦૦/– થી વધારે પરંતુ<br>રૂા. ૨,૦૦,૦૦૦/– થી નીચે | ૧૦.૨૫% | ૧૧.૦૦% |
| રૂા. ૨,૦૦,૦૦૦/– થી વધારે પરંતુ<br>રૂા. ૨૫,૦૦,૦૦૦/– થી નીચે | ૧૨.૨૫% | ૧૧.૫૦% |
| રૂા. ૨૫,૦૦,૦૦૦થી વધુ | ૧૨.૭૫% | ૧૨.૭૫% |

૨) **વિકાસનાં કાર્યો માટે મધ્યમ મુદ્દતનું ધિરાણ**

પિયતનાં સાધનો ઉભાં કરવા માટે, જેમ કે

- નવા કૂવા ગાળવા તથા બાંધવા
- જૂના કૂવાનું સમારકામ, જૂના કૂવા ઉંડા ઉતરાવવા તેમાં બોરીંગ કરવા વગેરે
- ઓઈલ એન્જીન, ઈલેકટ્રીક મોટર, પંપસેટ, જનરેટર સેટ તથા સબમર્શીબલ મોટર ખરીદવા માટે તથા એન્જીન / મોટર રૂમ બનાવવા.
- સીમેન્ટ/પી.વી.સી. પાઈપ લાઈન નાંખવા.
- નદીનાં કૂવામાંથી પાણી લેવા માટે ઉદવહન સિંચાઈ.
- સ્પ્રિંકલર સીસ્ટમ (ફુવારા પધ્ધતિ) તથા ટપક સિંચાલ (ડ્રીપ ઈરીગેશન)
- તત્કાલ વિજ જોડાણ યોજના હેઠળ વિદ્યુત બોર્ડના કનેકશનના ખર્ચ માટે પણ ધિરાણ મળી શકે છે.

૩) **ખેતીનાં યાંત્રિકરણ માટે**

આધુનિક પધ્ધતિથી તથા ઝડપથી ખેતી કામો પુરાં કરવા માટે ટ્રેકટર તથા ટ્રેઈલર, પાવર ટીલર તથા તેને લગતાં સાધનો, સુધારેલ ઓજારો જેવા કે, –ખાતર, બિયારણની સંયુકત વાવણી, લોખંડનું હળ તથા ચાફ કટર, ઓપનર સેટ, સુધારેલા – રબ્બરનાં પૈડાંવાળા બળદ ગાડા, ઉંટગાડી કે બીજાં ભારવાહક સાધનો જેવા કે, ટ્રક, મીની ટ્રક, પીકઅપ વાન, જીપ, દ્વિચકી વાહનો, કમ્બાઈન હાર્વેસ્ટર, એર કંમ્પ્રેસર વગેરે માટે મધ્યમ મુદ્દતનું ધિરાણ આપવામાં આવે છે.

૪) **જમીન સુધારણા માટે**

જમીન સમથળ કરવા, બંધ પાળા બનાવવા તેમજ ડ્રેનેઈજ કરવા, પડતર જમીન સુધારવા, ખાટાપાટને નવસાધ્ય કરી વાવેતર હેઠળ લાવવાનાં હેતુઓ માટે ધિરાણ કરવામાં આવે છે.

૫) **બળદ ખરીદવા માટે**

ખેતીનાં કામ સમયસર કરી શકે તે માટે જરૂરી ધિરાણ કરવામાં આવે છે.

૬) **ખેતર ઉપર બાંધકામ કરવા માટે**

અનાજ કે અન્ય પેદાશોને યોગ્ય સંગ્રહ કરવા માટે ગોડાઉન બનાવવા, ડુંગળીનાં મેડો બનાવવા, ખેત–ઓજારો મૂકવા માટે શેડ બનાવવા, ફાર્મ હાઉસ, ઢોર બાંધવા માટેનું ઢાળિયું (કેટલ શેડ) વગેરે માટે મધ્યમ મુદતનું ધિરાણ કરવામાં આવે છે.

૭) **બિયારણનાં ઉત્પાદન માટે**

સુધારેલ હાઈબ્રીડ બિયારણનાં ઉત્પાદન  તેમજ વૈજ્ઞાનિક ઢબે પ્રોસેસીંગ કરવા માટે જરૂરી મશીનરી ખરીદવા ધિરાણ કરવામાં આવે છે.

૮) **બાગાયતી પાકોનાં વાવેતર માટે**

બાગાયતી પાકો જેવા કે, આંબા, ચીકુ, દાડમ, બોર, લીંબુ, જામફળ, સીતા ફળ, નાળિયેરી, કેળ વગેરેના  નવા વાવેતર માટે ધિરાણ આપવામાં આવે છે. ઉત્પાદન શરૂ થયા બાદ પાંચ વર્ષનાં હપ્તામાં ધિરાણ પરત કરવાનું રહે છે. નર્સરી બનાવવા, જુદા જુદા બાગાયતી પાકો તથા ફૂલઝાડ ઉછેરવાની નર્સરી બનાવવા માટે ધિરાણની સવલત મળે છે. ગુલાબ તથા વિવિધ ફૂલછોડની ખેતી માટે પણ ધિરાણ આપવામાં આવે છે.

**૯) સોના–ચાંદીના ઘરેણાં સામે કષિ ધિરાણ**

આ ધિરાણ, નાના–મોટાં તમામ જરૂરીયાતવાળા ખેડૂતોને ખેતીનાં કામકાજ માટેનાં ખાતર, બિયારણ વગેરે તથા ખેત–ઉપયોગી સાધનો જેવા કે, ખેતીનાં ઓજારો, ઓઈલ એન્જીન, ઈલેકટ્રીક મોટર વગેરે ખરીદવા માટે ધિરાણ આપવામાં આવે છે.

**૧૦) ડેરી ફાર્મ**

ખેડૂતો તેમજ ખેતમજૂરો પુરક આવક મેળવી શકે અને દૂધ ઉત્પાદનમાં વધારો થાય તે માટે દૂધાળા ઢોર (ભેંસ, ગીર ગાય, સંકરગાય) ખરીદવા માટે ધિરાણ આપવામાં આવે છે. આ ઉપરાંત ડેરી ઉદ્યયોગને એક વ્યવસાય તરીકે વિકસાવવા ઈચ્છતાં અરજદારોને ગુણત્તાના ધોરણે ભેંસો ખરીદવા / સંકર ગાય ખરીદવા, કેટલ શેડ બાંધવા તેમજ જરૂરી સાધનો ખરીદવા ધિરાણ આપવામાં આવે છે.

**૧૧) મરઘાં ઉછેર**

તાલીમ લીધેલ મરઘાં–પાલકોને જે તે વિસ્તારની સવલતોને ધ્યાનમાં લઈને ગુણવત્તાના ધોરણે પ્રોલ્ટ્રી ફાર્મ શરૂ કરવા માટે, પ્રોલ્ટ્રીના ખોરાક વગેરે ખરીદવા, કેટલ ફીડ બનાવવા માટે ધિરાણ આપવામાં આવે છે.

**૧૨) મત્સ્ય – ઉદ્યોગ**

મત્સ્ય ઉદ્યોગનાં વિકાસ માટે માછીમારોને નાની–મોટી યાંત્રિક હોડીઓ બનાવવાં, હોડી પર એન્જીન કે જનરેટર મૂકવા તેમજ હોડીઓનાં યાંત્રિકરણ કરવા માટે ધિરાણ અપાય છે. આ ઉપરાંત જમીન પરની મત્સ્ય ખેતી ઝીંગા ઉછેર ફાર્મ, મત્સ્યબીજનાં વિકાસ માટે અને જાળ ખરીદવા પણ ધિરાણની વ્યવસ્થા છે.

**૧૩) હાઈટેક પ્રોજેકટ યોજના (ઉચ્ચ ટેકનોલોજી)**

આ યોજના હેઠળ વ્યવસાયનાં અનુભવીને મોટી રકમનું ધિરાણ ફલોરીકલ્ચર (કટ ફલાવર, ગુલાબની ખેતી) ઝીંગા ઉછેર, ટીસ્યુકલ્ચર, મશરૂમની ખેતી તથા અળસિયા ઉછેર માટે આપવામાં આવે છે. મધ્યમ મુદતના ધિરાણમાં સામાન્ય રીતે ધિરાણની કુલ જરૂરીયાતનાં ૧૫ થી ૨૫ ટકા સ્વ–ખર્ચ તરીકે અરજદારે ભોગવવાનાં રહે છે, પરંતુ નાનાં સીમાન્ત ખેડૂતો તથા ખેતમજૂરો કે જેમને સરકારશ્રીની યોજનાઓ હેઠળ સબસીડી મળે છે તેમણે સ્વ–ખર્ચ ભોગવવાનો રહેતો નથી. આ ઉપરાંત, યોગ્ય કિસ્સાઓમાં અરજદારોને પોતાનો ખર્ચ માફ કરીને પુરેપુરી રકમનું ધિરાણ પણ કરાય છે.

**૧૪) ગ્રામ્ય ગૃહ–ધિરાણ યોજના**

ગ્રામ્ય પરિવારોને પોતાનું ઘરનું ઘર બનાવવા, મકાન રીપેર કરવા માટે "રાષ્ટ્રીય ગૃહ નિર્માણ બેન્કની યોજના" પ્રમાણે રાષ્ટ્રીયકૃત સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર, ગામડાનાં ખેડૂતોને આ યોજના હેઠળ ધિરાણ આપે છે.

**૧૫) ગોબર ગેસ પ્લાન્ટ માટે**

પાવર તથા બળતણની તીવ્ર અછતને પહોંચી વળવા ગોબર ગેસ પ્લાન્ટ બનાવવા માટે ખેડૂતો અને અન્ય લોકોને ધિરાણ આપવામાં આવે છે.

**૧૬) ખેત–વિષયક ઈતર પ્રવૃત્તિઓ માટે ધિરાણ**

નાના અને સીમાન્ત ખેડૂતો તથા ખેતમજૂરો વગેરે ગ્રામ્યજનોને તથા મોટા ખેડૂતો વગેરેને વિવિધ વ્યવસાયોમાં ધિરાણની સવલત છે.

**૧૭) ઘેટા ઉછેર**

ઘેંટા / બકરા ઉછેરવાનાં ધંધા સાથે સંકળાયેલ પશુપાલકોને ઘેંટા / બકરા ખરીદવા માટે ગુણવત્તાના ધોરણે ધિરાણ કરવામાં આવે છે.

૧૮) ખેત પેદાશ સામે માલ તારણ ધિરાણ ખેડુતોને તેની ખેત પેદાશના પુરા ભાવ મળી શકે અને જ્યારે વધુ ભાવ મળે ત્યારે વેચી શકે અને માલના સંગ્રહ પર ધિરાણ મળી શકે તે માટે દરેક ખાતેદારને ખેત પેદાશના વર્તમાન બજાર ભાવ પ્રમાણે ૬૦% પ્રમાણે ધિરાણ વધુમાં વધુ રૂા. ૫.૦૦ લાખ મળી શકે છે અને એક વર્ષની અંદર વેચાણ કરી લોન ભરી શકે છે.

**૧૯) ખેડૂત લક્ષી યોજના**

પાક ધિરાણ તથા મધ્યમ મુદતના હેતુ સિવાય નિયમિત ખાતેદારને તેની ચોખ્ખી આવકના પાંચ ગણી રકમ આકસ્મીક હેતુ સબબ મળી શકે છે અને ૫ થી ૭ વર્ષના હપ્તા દ્વારા ચુકવણી કરી શકે છે.

## ૧.૩ કિસાન ક્રેડિટ કાર્ડ અને રાજયની વિવિધ યોજનાઓ

➢ **કિસાન કાર્ડ શા માટે ?**

આપણો દેશ ખેતીપ્રધાન દેશ છે અને ૭૦% લોકો ખેતી અને ખેતી આધારીત ઉદ્યાગો ઉપર નિર્ભર છે. ખેતી એ આપણા દેશનો મુખ્ય વ્યવસાય છે. ટૂંકમાં ખેતી આપણી જીવાદોરી છે તેથી ખેતીને પ્રાધાન્ય આપવાની ખાસ જરૂર છે. ખેત–ઉત્પાદન વધારવા માટે ખેતીમાંથી વધુ આવક મળી રહે તે માટે પાક ઉત્પાદન માટેનાં એકમો જેવા કે, બિયારણ, ખાતર, દવા વગેરે ખરીદવા માટેની સવલત એટલે કે, ખેત–ધિરાણ–પાક લોન ખેડૂતોને સરળતાથી અને ઝડપથી મળી રહે તે ખૂબ જ જરૂરી છે. ખેડૂતોને પાક–ઉત્પાદનનાં અકેમો ખરીદવા પોતાની જરૂરીયાત મુજબ યોગય સમયે ખરીદી શકે તે માટે સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રે ખેડૂતો માટે નવી યોજના "કિસાન કેડીટ કાર્ડ" ની યોજના રજૂ કરી છે. જેથી ખેડૂતોને સરળતાથી અને ઝડપથી તેમની જરૂરીયાત પ્રમાણે પાક ધિરાણ મળી

શકશે અને ખેત–ઉત્પાદનમાં વધારો કરવા ખેડૂતોને બેંક આ રીતે મદદરૂપ થશે. આ યોજના લાંબા ગાળે ખેડૂતો માટે લાભદાયી નિવડશે.

- **યોજનાનાં અમલ કયા હેતુ માટે ?**

  ખેત–ધિરાણ કરતી તમામ શાખાઓ ''સૌરાષ્ટ્ર કિસાન ક્રેડિટ કાર્ડ'' યોજનાનો અમલ કરશે. ખેડુતોને પાક ઉત્પાદન માટે મોસમી ધિરાણ પુરતાં પ્રમાણમાં અને સમયસર અને સરળતાથી મળી રહે તે એનો હેતુ છે.

- **કિસાન ક્રેડીટ કાર્ડ મેળવવાની પાત્રતા**

  રૂા. ૫,૦૦૦/– થી વધારે પાક ધિરાણ મેળવતાં હોય તેવા ખેડૂતો આ યોજના નીચે ક્રેડિટ કાર્ડ મેળવી શકશે.

- **કિસાન ક્રેડીટ કાર્ડ અંગેની વિગત**

  આ યોજના હેઠળ ખેડૂતોને ક્રેડીટ કાર્ડ–કમ–પાસબુક આપવામાં આવશે જેમાં ખેડૂતનું પુરૂ નામ, સરનામું, જમીનની વિગત, ધિરાણની મર્યાદા અને કાર્ડની પુરી થવાની સમય–મર્યાદા, ખેડૂતની સહી અને પાસપોર્ટ સાઈઝનાં ફોટા સાથેની વિગત દર્શાવવામાં આવશે. જે ઓળખપત્ર તરીકે તેમજ ધિરાણનાં વ્યવહારો નોંધવાના ઉપયોગમાં આવશે. ધિરાણ લેનાર ખેડૂતે આ ક્રેડીટ–કાર્ડ–કમ–પાસબુક નાણાંની લેતી–દેતી સમયે અચુક રજુ કરવાની રહેશે.

- **ધિરાણ મર્યાદા અંગેની વિગત**

  આ યોજના હેઠળ મંજુર કરવામાં આવતી રોકડ શાખ ચડ ઉતર થતાં પ્રકારની હશે ને (Revolving Cash Credit) જે ધિરાણ મર્યાદા નક્કી કરેલ હશે તે મુજબ ઉપાડ કરી શકશે અને ગમે ત્યારે નાણાં ખાતામાં જમા કરાવી શકશે અને લોન ઉપર ચુકવવા માટે યોગ્ય સમય પસંદ કરી શકશે અને વ્યાજનું ભારણ ઘટાડી શકશે. આ ઉપરાંત પોતાની તાત્કાલીક શાખની જરૂરીયાત ક્રેડીટ કાર્ડ દ્વારા મેળવી શકશે.

  ધિરાણ મર્યાદા નક્કી કરતાં સમયે ખેડૂતની વર્ષ દરમ્યાનની પાક ઉત્પાદન ખર્ચ મુજબ ધિરાણ જરૂરીયાતો જેવી કે, મશીનરી, ખેત ઓજારની જાળવણી તેમજ સામાજીક, શૈક્ષણિક અને માંદગી સબબ થતાં ખર્ચને પહોંચી વળવા માટેનાં ખર્ચને પણ આ યોજના નીચે આવરી લીધેલ છે.

- **યોજનાની અસરકારકતા – નવીનીકરણ**

  (૧) ક્રેડીટ કાર્ડની મુદ્દત ૩ વર્ષની રહેશે અને વાર્ષિક સમીક્ષા કરવામાં આવશે.

  (૨) ખાતેદારની આ સવલત ચાલુ રાખવી કે વધારી આપવી કે રદ કરવી તે અંગેનો આધાર ખેડૂતનાં બેંક સાથેનાં નિયમિત અને સંતોષકારક વ્યવહાર ઉપર આધારીત રહેશે.

  (૩) ખેડુતે તેનાં લોન ખાતામાં બાર મહિના દરમ્યાન ઉપાડેલ લોનની રકમ વ્યાજ સાથે ખાતામાં જમા કરાવવાની રહેશે.

  (૪) સમીક્ષા સમયે ક્રેડીટ કાર્ડ ધારણકર્તાનો વ્યવહાર સંતોષકારક હોય તો તેને પ્રોત્સાહનરૂપે ખેતી ખર્ચમાં થયેલ વધારાના ખર્ચને ધ્યાનમાં લઈ પાકનાં પ્રકાર પ્રમાણે યોગ્ય માત્રામાં ધિરાણ મર્યાદા વધારી આપવામાં આવશે.

- **''કિસાન ક્રેડીટ કાર્ડ'' નાં ઉપયોગ માટેની ખાસ જરૂરી સુચના**

  (૧) જ્યારે જ્યારે બેન્કમાંથી નાણાની લેવડ–દેવડ કરવાની થાય ત્યારે ક્રેડીટ કાર્ડ અવશ્ય રજુ કરવાનું રહેશે.

  (૨) મંજુર કરવામાં આવેલ પેટા શાખાની (ઋતુવાર) મર્યાદામાં ગમે ત્યારે અને ગમે તેટલીવાર નાણાકીય લેવડ–દેવડ થઈ શકશે.

  (૩) કિસાન ક્રેડીટ કાર્ડ ધારણકરનારે કાર્ડ સાચવવાની ખાસ તકેદારી રાખવી અત્યંત જરૂરી છે. અન્યથા મુશ્કેલી થવા સંભવ છે. સંજોગોને ધ્યાનમાં રાખી ડુપ્લીકેટ કાર્ડ, બેન્કના નીતિ નિયમોને ધ્યાનમાં રાખી મેળવી શકાશે.

  (૪) કિસાન ક્રેડીટ કાર્ડ ધારણ કરનારે જે શાખામાંથી આપવામાં આવેલ હશે ત્યાં જ તેનો ઉપયોગ થઈ શકશે.

  (૫) બેન્કનાં નીતિ–નિયમોને ધ્યાનમાં રાખી વ્યવહાર કરી સાથ–સહકાર આપી વધુ સેવા કરવાની બેન્કને તક આપો.

- **''કિસાન ક્રેડીટ કાર્ડ'' અપનાવો અને નીચેનાં ફાયદાઓ મેળવો**

  (૧) વ્યાજ ખર્ચની બચત કરો.

  (૨) સમયસર અને જરૂરીયાતને ધ્યાનમાં રાખી ધિરાણ મેળવો.

  (૩) આનુષંગિક ખર્ચાઓ જેવા કે.,

  - ધાર્મિક અને સામાજીક.
  - શૈક્ષણિક અને માંદગી સબબનો ખર્ચ
  - ખેત–ખોજાર, મશીનરીનો જાળવણીનો ખર્ચ વગેરેનો શાખ–પત્રકમાં સમાવેશ કરવામાં આવે છે.

  (૪) બેન્ક સાથેનો વ્યવહાર નિયમિત રાખી આપની શાખામાં વધારો કરો.

  (૫) કિસાન ક્રેડીટ કાર્ડનો ઉપયોગ કરી માન, મોભો અને પ્રતિષ્ઠામાં વધારો કરો.

## ૧.૪ સંકલિત પાક વિમા યોજના અને ખાતેદાર ખેડૂત અકસ્માત વિમા યોજનાની સમજ.

**(૧) રાષ્ટ્રિય કૃષિ વિમા યોજના**

ભારત દેશમાં ખેતીનાં વ્યવસાય કુદરતી પરીબળોને આધિન છે. દેશની આબોહવા વિષમતાઓથી ભરેલ હોય, ખેડૂતોની આર્થિક સ્થિરતા કુદરત આધિન છે. આથી ખેડૂતોને આર્થિક સ્થિરતા તથા કુદરતી પ્રકોપ સામે રક્ષણ આપવા અર્થે સરકારશ્રીએ ખરીફ–૧૯૮૫માં સર્વગ્રાહી પાક વિમા યોજના દાખલ કરેલ જેનો અમલ ગુજરાત રાજ્યે તે જ વર્ષમાં ખરીફ–૧૯૮૫ ઋતુથી કરેલ.

સદર સર્વગ્રાહી પાક વિમા યોજનામાં મુખ્યત્વે નીચે મુજબની મર્યદાઓ હતી.

- ➢ યોજનાનો લાભ ફકત ધિરાણ લેતા ખેડૂત પૂરતો જ મર્યાદીત હતો.
- ➢ યોજના અંતર્ગત ખેડૂત દિઠ તથા ઋતુ દિઠ મહત્તમ વિમાપાત્ર રકમ રૂા. ૧૦,૦૦૦/– ની મર્યાદામાં હતી.
- ➢ વાર્ષિક વાણિજ્ય/બાગાયત પાકોનો સમાવેશ થયેલ ન હતો.

ઉકત મર્યાદાઓ દુર કરવા અર્થે ભારત સરકારશ્રીએ રવિ/ઉનાળુ ૧૯૯૯–૨૦૦૦ થી રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના મુકેલ છે. જેના અમલ ગુજરાત રાજ્યમાં તે જ ઋતુથી કરવામાં આવેલ.

**યોજનાના ઉદ્દેશો :–**

(૧) કુદરતી આફતો, રોગો, જીવાતો વગેરેના કારણે યોજના હેઠળ આવરી લીધેલ પાક નિષ્ફળ જાય તે સંજાગોમાં ખેડૂતોને વિમા રક્ષણ ધ્વારા આર્થિક સહાય પૂરી પાડવી.

(૨) પ્રગતિકારક કૃષિ પ્રવૃતિઓ, ઉચ્ચ મૂલ્યના ઈનપુટ અને ખેતીમાં ઉચ્ચ ટેકનોલોજી વગેરે અપનાવવા ખેડૂતોને પ્રોત્સાહીત કરવા.

(૩) કુદરતી હોનારતના વર્ષમાં ખેડૂતોની ખેત આવક સ્થિર રાખવી.

**યોજનાની મુખ્ય વિશેષતાઓ**

**૧. આવરી લેવાયેલ પાકો :**

ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ નીચે મુજબના મુખ્ય પાક સમુહોને યોજના હેઠળ આવરી લેવાની જોગવાઈ છે.

(અ) ખાદ્યપાકો (ધાન્ય, તૃણ ધાન્ય અને કઠોળ પાકો)

(બ) તેલીબિયા

(ક) વાર્ષિક વાણીજ્ય / વાર્ષિક બાગાયતી પાકો (કપાસ અને બટાટા)

ઉકત પાક સમુહો પૈકી ગુજરાત રાજ્યમાં નીચે મુજબના કુલ વીસ મુખ્ય પાકો રાષ્ટ્રિય કૃષિ વીમા યોજના અંતર્ગત આવરી લીધેલ છે.

**૨. યોજનામાં આવરી લેવાના ખેડૂતો :**

જે તે અધિસુચિત વિસ્તાર (નોટી ફાઈડ / ડીફાઈન્ડ વિસ્તાર)માં વીમા હેઠળ આવરી લેવાયેલ બધા જ ખેડૂતો (કે જે ભાગીદારીમાં ખેતી કરતા ખેડૂતો, ગણોતીયાઓનો પણ સમાવેશ થાય છે.) યોજના હેઠળ આવરી લેવા પાત્ર છે.

યોજનામાં ખેડૂતોને નીચ મુજબના ધોરણે આવરી લીધેલ છે.

**(અ) ફરજીયાત ધોરણે :** યોજના હેઠળ અધિસુચિત વિસ્તારમાં સમાવિષ્ટ પાકો માટે નિયત કરેલ નાણાકીય સંસ્થાઓ પાસેથી નિયત સમયમાં ખેત ધિરાણ લેતા તમામ ખેડૂતોને ફરજીયાત પણે આવરી લેવામાં આવે છે.

**(બ) મરજીયાત ધોરણે :** અધિસુચિત વિસ્તારમાં સમાવિષ્ટ અધિસુચિત પાક માટે ધિરાણ ન લેતા ખેડૂતો નિયત સમયે મર્યાદામાં અલગથી પ્રિમીયમ ભરીને યોજનાનો લાભ લઈ શકે છે.

**(૨) ખાતેદાર ખેડૂતોની વિમા યોજના**

આજે અનેક પ્રકારની વિમા યોજનાઓ અમલમાં છે. જેમકે જીવન વીમો, મજુર જુથ વિમો, પશુ વિમો, પાક વિમો, કામદાર વિમો, વગેરે પરંતુ જે ખેડૂતો રાત દિવસ, તડકો છાયડો, ઝેરી જીવજંતુ કે હિંસક પશુઓના હમુલાનો સામનો કરીને જાતના જોખમે ધરતીમાંથી ખેતી પેદાશ મેળવે છે તેવા મહેનતકશ ખેડૂતો માટેની કોઈ વિમા યોજના ૧૯૯૬ પહેલા અમલમાં નહોતી. આથી રાજ્ય સરકારશ્રીએ ખાતેદાર ખેડૂતોની આકસ્મિક વીમા યોજના ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૬ થી અમલમાં મુકેલ છે. સદર યોજના અંતર્ગત ગુજરાત રાજ્યના ખાતેદાર ખેડૂતોના આપઘાત કે કુદરતી મૃત્યુ સિવાય બીજી કોઈપણ રીતે મૃત્યુ કે કાયમી અપંગતા કિસ્સામાં જીવન વિમા રક્ષણ આપી તેના વારસદારને સહાય કરવાનો મુખ્ય ઉદેશ છે. હાલમાં સરકારશ્રી તરફથી આ યોજનામાં એટલે કે તા. ૨૬/૧/૨૦૦૨ થી જીવન વીમા રક્ષણની રકમ રૂા. ૫૦,૦૦૦/– થી વધારીને રૂા. ૧,૦૦,૦૦૦/– કરવામાં આવી છે.

આ યોજના હેઠળ ગુજરાત રાજ્યના ૧૨ થી ૭૦ વર્ષની ઉંમર સુધીના બધા જ ખેડૂતો કે જેમના નામે ખેતીની જમીન હોય તેવા તમામ ખાતેદાર ખેડૂતોને આવરી લેવામાં આવે છે. આ યોજના અંતર્ગત પ્રિમીયમની રકમ ખાતેદાર ખેડૂતો વતી રાજ્ય સરકાર વીમા કંપનીને ચુકવી આપે છે.

**યોજનાનો ઉદ્દેશ :**

આ યોજનાનો ઉદ્દેશ ખાતેદાર ખેડૂતના અકસ્માતે મૃત્યુ કે કાયમી અપંગતા આવે તો તેના વારસદારને આર્થિક સહાય આપવાનો છે.

**(૧) વીમાની રકમ :** તા ૨૬/૧/૨૦૦૨ થી ખાતેદાર ખેડૂતના આકસ્મિક મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં વધુ ને વધુ રૂા. ૧,૦૦,૦૦૦/– વીમા રક્ષણ આર્થિક સહાય રૂપે આપવામાં આવે છે.

**(૨) યોજના હેઠળ આવરી લેવામાં આવતા ખેડૂતો**

- (અ) ૧૨ થી ૭૦ વર્ષની ઉંમર સુધીના બધા જ ખેડૂતો કે જેમના નામે ખેતીની જમીન હોય તેવા તમામ ખેડૂતોને આવરી લેવામાં આવેલ છે.
- (બ) ખાતેદાર ખેડૂતની જમીન ગુજરાત રાજ્યમાં આવેલી હોવી જોઈએ.
- (ક) જો કોઈ ખેડૂતનું નામ વ્યકિતગત ખાતામાં અને સંયુકત ખાતામાં બન્ને જગ્યાએ હોય તો ફકત એક જ ખાતા પુરતો લાભ મળવા પાત્ર છે.
- (ડ) જો કોઈ ખેડૂત એક કરતા વધારે સ્થળ કે ગામે જમીન ધારણ કરતો હોય તો પણ લાભ એક જ ખાતા પુરતો મળવાપાત્ર થાય છે.
- (ઈ) સંયુકત ખાતામાં જેટલા વારસદારોના નામ હોય તે દરેકને યોજનાનો લાભ વ્યકિતગત ખાતેદાર તરીકે પુરેપુરો મળવાપાત્ર છે.
- (ઉ) આ યોજના હેઠળ પ્રત્યેક ૧૨ વર્ષ પુરા કરેલાને, ૧૨ વર્ષથી ઓછી ઉંમરના ખાતેદાર ખેડૂત ભવિષ્યમાં ૧૨ વર્ષ પુરા કરે તે તારીખથી આ યોજનામાં આવરી લેવાયેલ ગણાશે અને ૭૦ વર્ષની ઉંમર પુરી કરે તે નાણાકીય વર્ષના અંતે સુધી જ આ યોજના હેઠળ ચાલુ રહેશે.

**(૩) ખાતેદાર ખેડૂત હોવા અંગેની ઓળખવિધી**

- (અ) ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ખેડૂતો માટે ગુજરાત રાજ્યના સંબંધિત ગામના તલાટી કમ મંત્રીશ્રીનું પ્રમાણપત્ર.
- (બ) શહેરી વિસ્તારમાં રહેતા ખેડુતો માટે ગુજરાત રાજ્યની જે તે શહેરની નગરપાલિકાને મહાનગરપાલીકાના સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર ઓળખવિધી પુરતુ ગણાશે.

**(૪) મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં મળવા પાત્ર રકમ**

- (અ) અકસ્માતના કારણે મૃત્યુ/કાયમી સંપૂર્ણ અપંગતાના કિસ્સામાં ૧૦૦% લેખે રૂા. ૧,૦૦,૦૦૦/–
- (બ) અકસ્માતના કારણે બે આંખ કે બે અંગ (હાથ/પગ) ગુમાવવાના કિસ્સામાં ૧૦૦% લેખે રૂા. ૧,૦૦,૦૦૦/–
- (ક) અકસ્માતને કારણે એક આંખ અને એક અંગ (હાથ/પગ) ગુમાવવાના કિસ્સામાં ૧૦૦% લેખ રૂા.૧,૦૦,૦૦૦/–
- (ડ) અકસ્માતને કારણે એક આંખ અથવા એક અંગ (હાથ/પગ) ગુમાવવાના કિસ્સામાં ૫૦% લેખે રૂા. ૫૦,૦૦૦/–

**(૫) વિમાની રકમ મેળવાનાર વારસદાર કોને ગણી શકાય ?**

આ યોજના હેઠળ વારસદાર તરીકે નીચે મુજબની વ્યકિતઓ ક્રમાનુંસાર નક્કી થયેલ છે.

- (અ) પતિ અથવા પત્નિ અને તેમની ગેરહયાતીમાં
- (બ) તેમના બાળકો અને તેમની ગેરહયાતીમાં
- (ક) તેમના માં–બાપ અને તેમની ગેરહયાતીમાં
- (ડ) તેમના પૌત્ર–પૌત્રી અને તેમની ગેરહયાતીમાં
- (ઈ) મૃત ખાતેદાર ખેડૂત પર આધારીત તેમની સાથે રહેતા પરિણત અથવા વિધવા અથવા ત્યકતા બહેન
- (ઉ) ઉપરોકત કિસ્સા સિવાયના કેસમાં ઈન્ડીયન સેકશન એકટ હેઠળ જાહેર થયેલ વારસદાર ગુજરાત રાજ્યના ખાતેદાર ખેડૂતોને અકસ્માતે મૃત્યુ/કાયમી અપંગ થતા વારદારાએ દાવા મેળવવા માટે રાજ્ય સરકારશ્રીએ સંબંધિત તાલીમ અને મુલાકાત યોજના મદદનીશ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) પેટા વિભાગને કલેઈમ ઈન્કવાયરી સેટલમેન્ટ ઓફીસર તરીકે નિયુકત કરેલ છે. તેમને ૯૦ દિવસમાં નિયત ફોર્મ પરિશિષ્ટ–૧માં જાણ કરવાની રહેશે અને મદદનીશ ખેતી નિયામકશ્રી, જાણ થયા પછી અનિવાર્ય સંજોગો સિવાય ૩૦ દિવસની અંદર આ બાબતે જરૂરી તપાસ કરી દાવા પાત્ર ભલામણ સાથે વીમા કંપનીને મોકલી આપશે અને વીમા કંપનીએ ૩૦ દિવસની અંદર દાવાની રકમ ચુકવી આપવાની રહેશે. ચુકવેલ વીમાના દાવાની જાણ ખેતી નિયામતકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને વીમા કંપનીએ કરવાની રહેશે.

વધુમાં સાથે રજુ કરવા માટે અરજદારે/વારસદારે મદદનીશ ખેતી નિયામકની કચેરીને નીચે મુજબના પુરાવા સાથે અરજી કરવાની રહેશે.

૧. ૭ / ૧૨, ૮–અ, નં.૬ ની નકલ.

૨. પોસ્ટમોર્ટમ

૩. એફ.આઈ.આર.ની નકલ અથવા

૪. કોર્ટ કેઈસ થયેલ હોય તો તેના ચુકાદાની નકલ.

૫. ઉપરયુકત દસ્તાવેજ ઉપલબ્ધ ન હોય તો તેવા કિસ્સામાં જે તે ગામના તલાટી કમ મંત્રીશ્રીનું પ્રમાણપત્ર અથવા ગામના સરપંચ અને બીજા ત્રણ પ્રતિષ્ઠિત વ્યકિતનું પંચનામું.

૬. ગ્રામ્ય વિસ્તાર માટે ગામના તલાટી કમ મંત્રી પાસેથી મરણ, ઉમર તેમજ શહેરી વિસ્તાર માટે આ હેતુઓ માટે સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે.

૭. કાયમી અપંગતાના કિસ્સામાં સરકારી તબીબી અધિકારીનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે.

# ૨. રાજ્યના બાગાયત ખાતાની વિવિધ સહાય યોજનાઓ

રાજ્યમાં બાગાયત ખાતા દ્વારા બાગાયત ક્ષેત્રે ઘણી બધી પ્રોત્સાહક યોજનાઓ અમલમાં છે. આ પૈકીની કેટલીક યોજનાઓ બધા જ જીલ્લાઓમાં અમલમાં છે અને તમામ ખેડૂતોને લાભદાયી છે. તેવી યોજનાઓની માહિતી અત્રે આપેલ છે.

| અ.નં. | યોજનાનું નામ | સહાયતાનું ધોરણ |
|---|---|---|
| ૧. | ફળ ઝાડની કલમો અને રોપા કે છોડ ખરીદી તેના વાવેતરમાં આર્થિક સહાય માટેની યોજના માટે સહાય | આંબા – ૩,૦૦૦, ચીકુ – ૨,૫૦૦, જામફળ–૨,૭૪૦, દાડમ–૫,૪૪૦, બોર–૨,૭૦૦, દ્રાક્ષ–૨૪,૨૦૦, અને અન્ફ ફળપાક–૩,૦૦૦, જ્યારે છુટક કલમો/રોપાઓના વાવેતર પર ખરીદ કિંમતના ૫૦ ટકાની સહાય રૂા. ૪૦૦ સુધીની મર્યાદામાં. |
| ૨. | ગોકળીયા ગામમાં બ્લોક વિસ્તારમાં ફળ પાકોના વાવેતરમાં સહાયની યોજના. | ગોકુળીયા ગામની ગૌચર ખાનગી પડતર તથા ખરાબાની જમીન કે સ્થાનિક પંચાયત સરકારી અને ખાનગી ખાતેદારની જમીનમાં ફળ પાકોનું વાવેતર બ્લોક વિસ્તારમાં કરવા સહાય આપવામાં આવે છે. બ્લોક વિસ્તાર ૩૦ હેકટર કરતાં ઓછો ન હોવો જોઈએ. આ સહાય હેકટરે પ્રથમ વર્ષે રૂા. ૧૫,૦૦૦/– બીજા વર્ષે અને ત્રીજા વર્ષે રૂા. ૩,૦૦૦/–, ચોથા વર્ષે રૂા. ૨,૦૦૦/– જીવંત રોપ કલમના વાવેતર પર કરેલા ખર્ચને ધ્યાનમાં લઈને સહાય ચુકવવામાં આવે છે. ૦.૨૦ હેકટરે થી ૫ હેકટર સુધી એક ખેડૂત સહાય પાત્ર રહેશે. |
| ૩. | ધરુવાડીયા માટે બનાવેલ નેટ હાઉસમાં નેટ પર સહાયની યોજના. | ૨૦૦ ચોરસ મીટર થી ૪૦૦ ચો.મી. વિસ્તારનો નેટહાઉસ માટે ખરેખર વપરાયેલ નેટની કિંમતના ૫૦ ટકા વધુમાં વધુ રૂા. ૮,૦૦૦/– સુધી સહાય. |
| ૪. | બાગાયતી પાકોમાં સેન્દ્રીય ખેતી માટે સહાયોની યોજના | બાગાયતી પાકોમાં ઓર્ગેનીક ફાર્મીગમાં જુદા–જુદા સેન્દ્રીય ખાતરો જેવા કે છાણીયું ખાતર, દીવેલી ખોળ બાર્યોફર્ટીલાઈઝર, વર્મીકલ્ચર, તેમજ જૈવીક કલ્ચર, વિગેરેમાં પ્રતિ હેકટરે અંદાજીત રૂા. ૧૦,૦૦૦/– નો ખર્ચ થાય છે. તેને લક્ષમાં રાખી થતાં ખર્ચના ૫૦ ટકા અથવા રૂા. ૪,૦૦૦/– તે મુજબ થતા ખર્ચના અનુસુચિત, જન જાતિના ખેડૂતને ૭૫ ટકાઅથવા રૂા. ૬,૦૦૦/– બે માંથી ઓછુ હોય તેટલી જ સહાયની રકમ બાગાયતદાર ખેડૂતને પ્રતિ હેકટરે ચુકવવાની રહેશે. ઓર્ગેનીક ફાર્મીગ કરતા ખેડૂતોને ૦.૨૦ ગુઠાથી એક હેકટર સુધીના વિસ્તાર માટે લાભ આપવાનો રહેશે. |
| ૫. | ખાસ અંગભુત કાર્યક્રમ હેઠળ અનુસુચિત જાતીના ખેડૂતોને શાકભાજી તથા મસાલા પાકોના મિનીકીટસ તથા બાગાયતી ફળ પાકોના વાવેતર માટે સહાયની યોજના | શાકભાજી અને મસાલાના ૨૦ આર વિસ્તાર માટે મીનીકીટમાં બિયારણ, ખાતર, જંતુનાશક દવા વિ. રૂા. ૧,૦૦૦/– મીનીકીટસ માટે ૭૫ ટકા સહાયથી ૨૫ ટકા રકમ વસુલ લઈને આપવામાં આવે છે. વર્ષમાં ત્રણ સીઝનમાં બે મીનીકીટસ એક લાભાર્થી ખેડૂતને આપી શકશે.<br>શાકભાજીના મસાલાના ૨૦ આર વિસ્તાર માટે મીનીકીટસમાં બિયારણ, ખાતર, જંતુનાશ દવા વિ. રૂા. ૧,૦૦૦/– મીનીકીટસ માટે ૭૫ ટકા સહાયથી ૨૫ ટકા રકમ વસુલ લઈને આપવામાં આવે છે. વર્ષમાં ત્રણ સીઝનમાં બે મીનીકીટસ એક લાભાર્થી ખેડૂતને આપી શકશે.<br>ફળઝાડ રોપા/કલમના નવા વાવેતર માટે હેકટરે આંબામાં રૂા. ૩૦૦૦/– , ચીકુમાં, રૂા. ૩૦૦૦/–, લીંબુમાં રૂા. ૩,૪૪૦/–, જામફળમાં રૂા. ૨,૭૪૦/–, દાડમમાં રૂા. ૫,૪૪૦/–, બોરમાં રૂા. ૨,૭૦૦/–, દ્રાક્ષમાં રૂા. ૨૪,૨૦૦/– તથા અન્ય ફળઝાડ માટે રૂા. ૩,૦૦૦/– હેકટરે આપવામાં આવે છે. આ વાવેતર ૦.૧૦ હેકટરથી ૨ હેકટર સુધીના વાવેતર માટે સહાય મળી શકશે. |

| | | |
|---|---|---|
| ૬. | એ.જી.આર.–૨૬ અને શાકભાજીની જાળવણી અને તાલીમની યોજના. | આ યોજનામાં ગ્રામીણ મહીલાઓને સાત થી પંદર દિવસના વર્ગો ખાતા દ્વારા ગોઠવી ફળ અને શાકભાજી પરિરક્ષણની રોજગારલક્ષી તાલીમ આપવામાં આવે છે. તાલીમ દરમ્યાન વર્ગ દીઠ ફળ અને શાકભાજીની વિવિધ બનાવટો બનાવવામાં થતાં ખર્ચ પેટે રૂા. ૫૦૦/– નો ખર્ચ કરવાની જોગવાય છે. વડોદરા, રાજકોટ તથા ભાવનગર કેનીંગ સેન્ટરોને વિસ્તૃત કરી એફપીઓ લાઈસન્સ મેળવી ફળશાકભાજીની પરિરક્ષીત બનાવટો તૈયાર કરી કીફાયતી ભાવે પુરી પાડવામાં આવે છે. |
| ૭. | ખેતીના પ્લાસ્ટીકના ઉપયોગ માટે ઉત્પાદન અંગે કે.પુ. યોજના | આ યોજનામાં નીચે જણાવેલ ઘટકોમાં સહાય આપવામાં આવે છે.<br>**(એ) ડ્રીપ ઈન્સ્ટોલેશન :** આ ઘટકમાં પાકના વાવેતર અંતર પ્રમાણે વપરાયેલ મટીરીયલ્સ મુજબ હેકટરે ડ્રીપ સેટની કિંમતના ૨૫ ટકા મુજબ વધુમાં વધુ સહાય રૂા. ૧૧,૨૫૦/– (નાના, સીમાંત, અ.જા., અ.જ.જાતિ, મહિલા ખાતેદારોને પ્રાધાન્ય)<br>**(બી) ડ્રીપ ડ્રેમોસ્ટ્રેશન :** આ ઘટકમાં હેકટરે ડ્રીપ સેટની કિંમતના ૨૫ ટકા પ્રમાણે રૂા. ૧૧,૨૫૦ ની મહતમ મર્યાદા છે.<br>**(સી) સ્પ્રીંકલર ઈરીગેશન માટે :** સ્પ્રીંકલર ઈરીગેશન માટે સ્પ્રીકલરના એક સેટમાં તમામ પ્રકારના ખેડૂતોને ૨૫ટકા મુજબ રૂા. ૭,૫૦૦/– મહત્તમ મર્યાદામાં સહાયનું ધોરણ છે.<br>**(ડી) મલ્ચીંગ અને મલ્ચીંગ ડેમોસ્ટ્રેશન :** બાગાયતી પાકો માટે એક હેકટરમાં મલ્ચીંગના ખર્ચ રૂા. ૧૪,૦૦૦/– ગણીને તેના ૨૫ ટકા પ્રમાણે રૂા .૩,૫૦૦/– ની સહાયનું ધોરણ છે.<br>**(ઈ) ગ્રીન હાઉસ અને ગ્રીન હાઉસ ડ્રેમોસ્ટ્રેશન :** ૫૦૦ ચો.મી. ની ગ્રીન હાઉસનો ખર્ચ રૂા. એક લાખ ગણી ખર્ચના ૨૫ ટકા પ્રમાણે રૂા. ૨૫,૦૦૦/–નું સહાયનું ધોરણ છે. |
| ૮. | સી.એસ.એસ.ફોર ધી ઈન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ વેજીટેબલ ઈન્કલુડીંગ રૂટ એન્ડ ટયુબર ક્રોપ | આ યોજનામાં નીચે જણાવેલ ઘટકોમાં સહાય આપવામાં આવે છે.<br>**(એ) ડેવલોપમેન્ટ ઓફ ઈરીગેશન સોર્સ/સીસ્ટમ :** આ ઘટકમાં શાકભાજીના પાકમાં ડ્રીપ ઈન્સ્ટોલેશન માટે એક હેકટરે રૂા. ૨૬,૭૫૦/– ની સહાયનું ધોરણ છે. યુઝ ઓફ પ્લાસ્ટીકના ઉપયોગની યોજના મુજબ અમલ કરવો.<br>**(બી) આઈ.પી.એમ.(સંકલિત રોગ જીવાત નિયંત્રણ) :** આ ઘટકમાં શકભાજીમાં આવતા રોગ જીવાત ના નિયંત્રણ કરવા માટે વપરાતા ઈનપુટસમાં હેકટરે રૂા.૧,૫૦૦/– સુધીની સહાયનું ધોરણ છે.<br>**(સી) ખેડૂતોને તાલીમ અને ગ્રુપ પ્રવાસ :** શાકભાજીના પાકોના ઉત્પાદન, બીજ ઉત્પાદન અને કાપણી પછીની વ્યવસ્થા માટેની ટેકનોલોજીની જાણકારી માટે અને ખેડૂતોની કુશળતામાં વધારો થાય તે માટે ૫૦ ખેડૂતોના ગ્રુપને રાજય બહારના સાત દિવસના પ્રવાસમાં લઈ જવા માટે પ્રવાસ દીઠ રૂા. ૭૫,૦૦૦/– ની સહાયનું ધોરણ છે.<br><br>આ ઉપરોકત શાકભાજીના પાક પર ખાસ પ્રકારની ટેકનોલોજીની જાણકારી ૫૦ ખેડૂતોના ગ્રુપમાં ૩ થી ૫ દિવસ માટે રાજયની કૃષિ યુનિવર્સિટી કે.વી. કે દ્વારા આપવામાં આવે તો તેમાં રૂા. ૭૫,૦૦૦/–ની સહાયનું ધોરણ છે. |
| ૯. | પસંદ કરેલ શાકભાજી પાકોના પ્રમાણિત બીજ ઉત્પાદનને વેગ આપવાની યોજના | શાકભાજીના સર્ટીફાઈડ તથા ફાઉન્ડેશન બિયારણોના બીજ ઉત્પાદકોને સહાય આપવામાં આવે છે. ગુજરાત રાજ્ય બીજ પ્રમાણિત એજન્સી સાથે રજીસ્ટર્ડ થયેલા અને તેમના દ્વારા ઉપદન કરેલ ફાઉન્ડેશન તથા સર્ટીફાઈડ બિયારણના જથ્થા મુજબ ભારત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ નેશનલ સીડ કોર્પોરેશનના પ્રવર્તમાન ભાવ મુજબ કિંમત ગણીને ફાઉન્ડેશન બિયારણ માટે ૨૫ ટકા જ્યારે સર્ટીઈડ બિયારણ માટે ૨૫ ટકા મુજબ |

| | | |
|---|---|---|
| | | સહાય આપવામાં આવે છે. |
| ૧૦. | સી.એસ.એસ.ફોર ધી ઈન્ટીગ્રેટેડ પ્રોગામ ફોરધી ડેવલોપમેન્ટ ઓફ સ્પાઈસીસ. | (એ) **આદુ નિદશર્ન :** આ ઘટકમાં ૦.૧૦ હેટકર વિસ્તારમાં આદુ પાક પરના નિદર્શનમાં કુલ રૂા. ૭૫૦૦/– નો ખર્ચ ગણી જે તેના ૨૫ ટકા રૂા. ૧૮૭૫/– ની સહાયનું ધોરણ છે.<br>(બી) **આદુ મીનીકીટસ :** આ ઘટકમાં રૂા. ૨૫૦/–ની કિંમતનું એક મીનીકીટસ ગણી તેના ૨૫ ટકા પ્રમાણે રૂા.૬૨.૨૫ ની સહાયનું ધોરણ છે.<br>(સી) **આદુ પાક સંરક્ષણ ઉપાય :** આ ઘટકમાં આદુના પાકમાં આવતા રોગ જીવાતના નિયંત્રણ માટે એક હેકટર વિસ્તાર માટે રૂા. ૫૦૦/– નો ખર્ચ ગણી તેના ૨૫ ટકા પ્રમાણે રૂા. ૧૨૫/– ની સહાયનું ધોરણ છે.<br>(ડી) **હળદર નિદર્શનઃ** આ ઘટકમાં ૦.૧૦ હેકટર વિસ્તારમાં હળદર પાક પરના નિદર્શનમાં કુલ રૂા. ૫૦૦૦/–નો ખર્ચ ગણી તેના ૫ર ૨૫ ટકા પ્રમાણે રૂા. ૧૨૫૦/– ની સહાયનું ધોરણ છે.<br>(ઈ) **હળદર પાક સંરક્ષણ ઉપાય :** આ ઘટકમાં હળદર પાકમાં રોગ જીવાતના નિયંત્રણ માટે એક હેકટર માટે રૂા. ૧,૨૦૦/– નો ખર્ચ ગણી તેના ૫ર ૨૫ ટકા પ્રમાણે રૂા. ૩૦૦/– ની સહાયનું ધોરણ છે.<br>(એફ) **મરચી નિદર્શન :** આ ઘટકમાં ૦.૧૦ હેકટર વિસ્તારમાં મરચી પાકના નિદર્શનમાં કુલ રૂા. ૩,૦૦૦/– નો ખર્ચ ગણી તેના ૨૫ ટકા પ્રમાણે રૂા. ૭૫૦/–નું સહાય ધોરણ છે.<br>(જી) **મરચી મીનીકિટસ :** આ ઘટકમાં રૂા. ૨૦૦/– ની કિંમતુનં એક મીનીકિટ ગણી તેના ૨૫ ટકા પ્રમાણે રૂા. ૫૦/–ની સહાયનું ધોરણ છે.<br>(એચ) **મરચી પાક સંરક્ષણ ઉપાય :** આ ઘટકમાં મરચીના પાકમાં રોગ જીવાતના નિયંત્રણ માટે એક હેકટર વિસ્તાર માટે રૂા. ૧,૦૦૦/– નો ખર્ચ ગણી તેના ૫ર ૨૫ ટકા પ્રમાણે રૂા. ૨૫૦/–ની સહાયનું ધોરણ છે.<br>(આઈ) **સીડ સ્પાઈસીસ નિદશર્ન :** આ ઘટકમાં મસાલામાં સીડ તરીકે વપરાતાં સ્પાઈસીસ પાકો જેવા કે ધાણાજીરૂ, વરીયાળી, મેથી વિગેરે માટે ૦.૧૦ હેકટર વિસ્તાર નિદર્શનમાં કુલ રૂા. ૧,૫૦૦/– નો ખર્ચ ગણી તેના ૨૫ ટકા પ્રમાણે રૂા. ૩૭૫/– નું સહાયનું ધોરણ છે.<br>(જે) **સીડ સ્પાઈસીસ નિદર્શન :** આ ઘટકમાં મસાલાના પાકનું ૧,૦૦૦/– ની કિંમતનું (૦.૧૦ હેકટર માટે) ૫ર ગણી તેના ૨૫ ટકા પ્રમાણે રૂા. ૨૫૦/–ની સહાયનું ધોરણ છે.<br>(કે) **સીડ સ્પાઈસીસ પાક સંરક્ષણ :** આ ઘટકમાં મસાલાપાકોમાં આવતા રોગ જીવાતના નિયંત્રણ માટે ૧.૦૦ હેકટર વિસ્તાર માટે રૂા. ૧,૦૦૦/– ના ખર્ચ ગણી તેના ૨૫ ટકા પ્રમાણે રૂા. ૨૫૦/– નું સહાય નું ધોરણ છે.<br>(એલ) **લસણ મીનીકટસ :** આ ઘટકમાં લસણના પાક માટે ૨.૫ આર (ગુંઠા) નું એક મીનીકીટસનું ખર્ચ રૂા. ૧,૫૦૦/– ગણી તેના ૫ર, ૨૫ ટકા પ્રમાણે રૂા. ૩૭૫/– નું સહાયનું ધોરણ છે.<br>(એમ) **મસાલા પાકોના વાવેતર વધારવા માટે સહાય :**<br>(૧) **આદુ :** આદુની વધુ ઉત્પાદન આપતી સારી જાતોનું વાવેતર કરવા માટે પ્લાન્ટીંગ મીટીરીયલ (રાઈઝોમ) ના ખર્ચના ૨૫ ટકા રૂા. ૫,૬૨૫/– દર હેકટરે સહાયનું ધોરણ છે.<br>(૨) **હળદર :** હળદરના નવા વાવેતર માટે હેકટરે સારી જાતોના પ્લાન્ટીંગ મટીરીયલ (રાઈઝોમ) નું વાવેતર કરવા માટે ખર્ચના રૂા. ૪,૦૦૦/– ની મર્યાદામાં દર હેકટરે સહાયનું ધોરણ અમલમાં છે. |

| | | |
|---|---|---|
| | | **(૩) મરચી :** મરચી પાકના સારી જાતોના વાવેતર માટે બિયારણ, ખાતર અને પાર સંરક્ષણ દવા અને સેન્દ્રીય ખાતર પેટે થયેલ ખર્ચનાર ટકા રૂા. ૧,૨૫૦/– ની મર્યાદામાં દર ૧ હેકટરે સહાય આપવાનું ધોરણ અમલમાં છે.<br>**(૪) સીડ સ્પાઈસીસ (જીરૂ, ધાણા, વરીયાળી વગેરે) :** સારી જાતના સીડ સ્પાઈસીસમાં ૧ હેકટરના વાવેતર માટે થતા ખર્ચના કે જેમા સારી જાતનું બિયારણ, ખાતર, જંતુનાશ દાવઓ અને સેન્દ્રીય ખાતર પેટે થયેલ ખર્ચના ૨૫ ટકા મુજબ રૂા. ૧,૫૦૦/– ની મર્યાદામાં ૧ હેકટરે સહાય આપવાનું ધોરણ અમલમાં છે. ઉપર જણાવેલ મસાલાપાકોના વાવેતર માટે ૧ હેકટરે સુધીમાં વાવેતર માટેની સહાય આપવામાં આવશે. |
| ૧૧. | સી.એસ.એસ.ફોર ઈન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ ટ્રોપીકલ એન્ડ એરીડઝોન ફ્રુટસ. | આ યોજનામાં નીચે જણાવેલ ઘટકોમાં સહાય આપવામાં આવે છે.<br>**(એ) મોટી ફળ નર્સરી :** સહાયના આ ઘટકમાં મોટી નર્સરીના દર વર્ષે ચાર લાખ કલમો/રોપાઓ તૈયાર કરવાના રહેશે. જેના માટે ખર્ચના ૨૫ ટકા અથવા રૂા. ૮ લાખ બે માંથી ઓછું હોય તેટલી સહાય મળશે.<br>**(બી) નાની ફળ નર્સરી :** સહાયના આ ઘટકમાં નાની નર્સરીમાં દર વર્ષે ૧ લાખ રોપોઓ / કલમો તૈયાર કરવાના રહેશે. જેના ખર્ચના ૨૫ ટકા અથવા રૂા. ૨ લાખ બે માંથી ઓછેં હોય તેટલી સહાય મળશે.<br>**(સી) ફળ પાકનું નવું વાવેતર વધારવું :** આ યોજના હેઠળ લાભાર્થીને ૧ હેકટર વિસ્તારના નવા વાવેતર માટે સરકારશ્રીએ પાકવાર નિયત કરેલ સહાયના પ્રથમ વર્ષે ૫૦ ટકા, બીજા અને ત્રીજા વર્ષે ૧૫ ટકા અને ચોથા વર્ષે ૨૦ ટકા સહાયનું ધોરણ છે. જામફળ, ખારેક, બોર, સીતાફળ, આમળાના પાક માટે સહાય ધોરણ રૂા. ૭,૦૦૦/– આંબા, દાડમ, ચીકુ, પપૈયાના પાક માટે કુલ સહાયનું ધોરણ રૂા. ૧૦,૦૦૦/– કેળના ટીસ્યુકલ્ચર (ફર્ટીગેશન સાથે) માટે કુલ સહાયનું ધોરણ રૂા. ૩૦,૦૦૦/–, દ્રાક્ષના પાક માટે કુલ સહાયનું ધોરણ રૂા. ૭૦,૦૦૦/–, ઉપર મુજબ ચાર વર્ષે સુધી સહાયન આપવાનું ધોરણ છે. જ્યારે કેળના પાક માટે પ્રથમ વર્ષ પુરેપુરી સહાય ચુકવવાની થાય છે. કેળમાં ટીસ્યુકલ્ચર રોપો અને ફર્ટીગેશન સુવિધા હોવી જોઈએ.<br>**(ડી) ફળપાકોની ઉત્પાદકતા વધારવી :–**<br>આ ઘટકમાં નીચે જણાવેલી ચાર ઘટકોનો સમાવેશ થાય છે.<br>**(૧) વાયરસ રોગવાળા છોડ દૂર કરવા :** લીંબુ, જામફળના વાયસર રોગાળા છોડને દૂર કરવા એક છોડ દીઠ રૂા. ૫૦/– ની સહાય અને હેકટરે આવા ૧૦૦ છોડ દૂર કરવામાં આવે તો રૂા. ૫,૦૦૦/– ની સહાયનું ધોરણ છે. જ્યારે વાઈરસ રોગવાળા કેળ અને પપૈયાના છોડ દૂર કરવા, કાઢી નાંખવા માટે રૂા. ૨૦/– ની સહાય અને હેકટરે કુલ ૨૫૦ છોડ દૂર કરવા માટે રૂા. ૫,૦૦૦/– ની સહાયનું ધોરણ છે.<br>**(૨) પાક સંરક્ષણ સાધન ખરીદી :** ફળ પાકોમાં આવતા રોગ જીવાતના નિયંત્રણ માટે ઉપયોગમાં લેવામાં આવતા પાક સંરક્ષણ સાધનની ખરીદીમાં સાધનની કિંમતના ૨૫ ટકા અને વધુમાં વધુ રૂા. ૫,૦૦૦/– સુધીનું સહાયનું ધોરણ છે.<br>**(૩) પી.પી. કેમીકલ (પાક સંરક્ષણ દવાઓ) :** ફળપાકોમાં આવતા રોગ જીવાતના નિયંત્રણ માટેની પાક સંરક્ષણ દવાઓના ખર્ચમાં રૂા. ૫,૦૦૦/–ની મર્યાદામાં સહાયનું ધોરણ છે. |

| | | |
|---|---|---|
| | | (ડ) **સૂક્ષ્મ તત્વોના વપરાશ, ફર્ટીગેશન :** ફળપોકોની ઉત્પાદકતા વધારવા માટે સુક્ષ્મ તત્વોના વિવેકપૂર્ણ ઉપયોગ કરવાથી ઉત્પાદકતા વધારવાનો ખુબ જ અવકાશ છે. આ માટે સૂક્ષ્મ તત્વોના વપરાશ અને ડ્રીપ ઈરીગેશન પધ્ધતિથી લીકવીડ ફર્ટીલાઈઝરના વપરાશ માટે રૂા. ૭,૦૦૦/– સુધીની સહાયનું ધોરણ છે.<br><br>(ઈ) **ખેડૂત પ્રવાસ :** યોજના આ ઘટકમાં ફળ પોકાની ખેતીમાં રસ ધરાવતા ખેડૂતોને રાજ્ય બહાર લઈ જઈ ટેકનીકલ માહિતીથી જાણકાર કરવા માટે ખેડૂત દીઠ રૂા. ૧,૫૦૦/– પ્રમાણે કુલ ૫૦ ખેડૂતો રૂા. ૭૫,૦૦૦/–ની મર્યાદામાં સહાયનું ધોરણ છે.<br>(એફ) **બાગાયતમાં યાંત્રિકરણ :** માણસ/પાવરથી ચાલતા ખેત સાધનો / ઓજારોની કિંમતના ૨૫ ટકા રૂા. ૧૦,૦૦૦/– ની મહત્તમ મર્યાદામાં, બળદ અથવા અન્ય પ્રાણીથી ચાલતા સાધનો / ઓજારોની કિંમતના ૨૫ ટકા રૂા. ૩,૦૦૦/– ની મહત્તમ મર્યાદામાં અને ટ્રેકટર માઉન્ટેડ સ્પ્રેયર, પ્રુનર વિગેરે માટે કિંમતના ૨૫ ટકા રૂા. ૨૦,૦૦૦/– ની મહત્તમ મર્યાદામાં લાભર્થી દીઠ/લાભાર્થીના ગ્રપુને સહાયનું ધોરણ છે.<br>(જી) **ટીસ્યુકલ્ચર યુનિટમાં સહાય આપવાની યોજના :** કેન્દ્ર સરકારની યોજના ફળપાકોની સંકલીત વિકાસ હેઠળ ટીસ્યુકલ્ચર યુનિટ સ્થાપવા માટે રાજ્યની કૃષિ યુનિવર્સિટી / સંશોધન સંસ્થાઓને રૂા .૨૧.૦૦ લાખની સહાય આપવાનું ધોરણ અમલમાં છે. જ્યારે ખાનગી ધોરણ ક્ષેત્ર માટે ખર્ચના ૨૦ ટકા રૂા. ૧૦.૦૦ લાખની મર્યાદામાં સહાયનું ધોરણ અમલમાં છે.<br>(એચ) **પેશી/પાનનું એનાલીસીસ કરવા માટે લેબોરેટરી સ્થાપવામાં સહાય :** આ ઘટકમાં પબ્લીક સેકટર માટે રૂા. ૨૦.૦૦ લાખની, પ્રાઈવેટ સેકટર માટે ખર્ચના ૨૫ ટકા વધુમાં વધુ રૂા. ૫.૦૦ લાખની સહાયનું ધોરણ અમલમાં છે. આ ઘટકમાં ફળપાકોના પાન અને પેશીનું એનાલીસીસ કરી પોષકતત્વોની સ્થિતિ અંગેની જાણકારી મેળવવામાં આવે છે.<br>(આઈ) **પ્લાન્ટ હેલ્થ કલીનીક :** પ્લાન્ટ હેલ્થ કલીનીક માટે પ્રાઈવેટ સેકટરને રૂા. ૫.૦૦ લાખ અને પબ્લીક સેકટર ને ખર્ચના ૨૫ ટકા વધુમાં વધુ રૂા. ૩.૦૦ લાખની સહાયનું ધોરણ અમલમાં છે.<br>(જે) **ફાર્મ હેન્ડલીંગ ઓફ ફ્રૂટસ / ફાર્મ પર ફળોની સંગ્રહ વ્યવસ્થા :** આ ઘટકમાં ખેડૂતો / લાભાર્થીના ગ્રુપ / સહકારી સંસ્થાઓને |
| ૧૨. | સી.એસ.એસ.ફોર ધી ડેવલોપમેન્ટ ઓફ કોમર્શીયલ ફલોરી કલ્ચર | ફળપાકો પરથી ફળો ઉતાર્યા બાદ ગ્રેડીંગ તેમજ સંગ્રહ કરી શકે તે માટે રૂા. ૫.૦૦ લાખ સુધી સહાયનું ધોરણ અમલમાં છે.<br>(એ) **ફૂલપાકો ઉપર નિદર્શન :** ફૂલપાકોની ખેતીમાં નિદર્શન પ્લોટ ૦.૪૦ હેકટર વિસ્તારમાં ગ્લેડીયોલ્સ, ટયુબરોઝ, ગુલાબ, ક્રીસેન્થેમમ, જાસ્મીન વગેરે પાકો પરના નિદર્શન પ્લોટ માટે થયેલ ખર્ચના ૨૫ ટકા પ્રમાણે રૂા. ૩૦,૦૦૦/– મહત્તમ સહાયનું ધોરણ છે.<br>(બી) **સેટીંગ અપ ઓફ શેડ નેટ હાઉસ :** વિવિધ ફૂલ પાકોના રોપા કલમો માટે ૫૦૦ ચો.મી. ના નેટ હાઉસ તૈયાર કરવા માટે ખર્ચના ૨૫ ટકા રૂા. ૨૫,૦૦૦નું મહત્તમ સહાયનું ધોરણ છે.<br>(સી) **ફૂલપાકોના વાવેતર વિસ્તાર વધારવો :** |

| | | |
|---|---|---|
| | | **(૧) ફૂલપાકોની બલ્બ વેરાઈટીનું વાવેતર :** બલ્બ વેરાયટીના ૦.૨૦ હેકટર વાવેતર માટે થનાર ખર્ચ રૂા. ૪૦,૦૦૦/– ના ૨૫ ટકા પ્રમાણ રૂા .૧૦,૦૦૦/– ની સહાયનું ધોરણ છે.<br><br>**(૨) ફૂલ પાકોની ગ્રાફટ વેરાયટીનું વાવેતર :** ગ્રાફ્ટ વેરાયટીમાં ૦.૨૦ હેકટર વાવતેર માટે થનાર ખર્ચ રૂા. ૩૦,૦૦૦/– ના ૨૫ ટકા પ્રમાણે રૂા. ૭,૫૦૦/– ની સહાયનું ધોરણ છે.<br><br>**(૩) ફૂલ પાકોની સીડ વેરાયટીનું વાવેતર :** સીડ વેરાયટીના ૦.૨૦ હેકટરના વાવેતર માટે થનાર ખર્ચ રૂા. ૮,૦૦૦/– ના ૨૫ ટકા પ્રમાણે રૂા. ૨,૦૦૦/– ની સહાયનું ધોરણ છે.<br><br>**ખેડૂત પ્રવાસ :** ફૂલપાકોની ખેતી કરતા અને રસ ધરાવતા ખેડૂતોને ફૂલપાકોની ખેતીની જાણકારી માટે રાજ્ય તેમજ રાજ્યની બહાર લઈ જઈ ફૂલ ઉત્પાદનની નવી પધ્ધતી તથા હેરફેર વ્યવસ્થા માટે જાણકારી પ્રવાસ ધ્વારા આપવા માટે ૫૦ ખેડૂતોના ગ્રુપમાં પ્રવાસ માટે ખેડૂત દીઠ રૂા. ૧,૦૦૦/– પ્રમાણે કુલ રૂા. ૫૦,૦૦૦/– નો ખર્ચ સહાયનું ધોરણ છે. |
| ૧૩. | ઔષધીય અને સુગંધિત વનસ્પતિ માટેની કેન્દ્ર પુરસ્કૃત યોજના | આ યોજનામાં નીચે જણાવેલ ઘટકોમાં સહાય આપવામાં આવે છે.<br>**(એ) નિદર્શન કમ બીજ ઉત્પાદન પ્લોટ :** આ ઘટકમાં ૦.૦૫ હેકટરના મેડીસીનલ / એરોમેટીક પ્લાન્ટના વાવેતર માટે કરેલ એક નિદર્શનમાં થનાર ખર્ચના ૨૫ ટકા મુજબ રૂા. ૭૫૦/– નું મહત્તમ સહાય ધોરણ છે.<br>**(બી) એરિયા એકસ્પાનસન :** આ ઘટકમાં મેડીસીનલ / એરોમેટીક પ્લાન્ટના એક હેકટર વાવેતર માટે થનાર ખર્ચ રૂા. ૫૦,૦૦૦/–ના ૨૫ ટકા મુજબ રૂા. ૧૨,૫૦૦/–ની સહાયનું ધોરણ છે. આ સહાય એન.જી.ઓ. સહકારી સંસ્થાઓ, ખેડુતોનું જૂથ વિ. ને આપી શકાય. |
| ૧૪. | રાજ્યના બાગાયતદારોને ઔષધિય અને સુગંધિત પાકોના વાવેતર માટે સહાયની યોજના | ઔષધિય અને સુગંધિત પાકોનાં ૦.૨૦ હેકટર થી ૧ હેકટરના વાવેતર માટે કુલ ખર્ચના ૫૦ ટકા અથવા રૂા. ૨૫,૦૦૦/– ની મર્યાદામાં પ્રતિ હેકટરે સહાય આપવામાં આવશે.<br>ઔષધિ ઔષિદ્યય પાકો : સફેદમુસળી, ગુગળ, મીંઢીઆવળ, અશ્વગંધા, કરીયાતુ, જેઠીમધ, કુંવાર પાઠુમાં સહાય આપવામાં આવે છે. |
| ૧૫. | નાળિયેરી વાવેતર વિસ્તાર વધારવાની યોજના | નાળિયેરી વિકાસ બોર્ડ બેંગ્લોર દ્વારા નાળિયેરી વાવેતર માટે હેકટરે રૂા. ૮,૦૦૦/– સહાય આપવામાં આવે છે પ્રથમ વર્ષે ૪,૦૦૦/– રૂા. તેમજ બીજા વર્ષે રૂા. ૪,૦૦૦/– બે હપ્તામાં સહાય મળી શકશે. ૪ હેકટરમાં વાવેતર સુધી સહાય મળી શકે છે. |

# સંપર્ક કચેરીઆની માહિતી

| અ.નું. | તાલુકો | જિલ્લો | કચેરીની માહિતી |
|---|---|---|---|
| ૧. | રાજકોટ | રાજકોટ | સં. બાગાયત નિયામક કચેરી, આર.કે.મેડીકલ એન્ડ રીસર્ચ સેન્ટર બીજોમાળ, એરોડ્રામ રાડ, રાજકોટ. : ૦૨૮૧ – ૨૪૫૪૬૭૫ |
| ૨. | રાજકોટ | રાજકોટ | નાયબ બાગાયત નિયામકશ્રી , કલેકટર કચેરી કમ્પાઉન્ડ. : ૦૨૮૧ – ૨૪૪૫૫૧૭ |
| ૩. | અમરેલી | અમરેલી | નાયબ બાગાયત નિયામકશ્રી , બહુમાળી ભવન, સી–બ્લોક બીજો માળ. રૂમ–૨૧૨ : ૦૨૭૯૨ – ૨૨૩૮૪૪ |
| ૪. | જામનગર | જામનગર | નાયબ બાગાયત નિયામકશ્રી, ૩૦ દિગ્વીજય પ્લોટ, જોડીયાવાલા બિલ્ડીંગ, જામનગર. : ૦૨૮૮ – ૨૬૭૪૨૧૭ |
| ૫. | જુનાગઢ | જુનાગઢ | નાયબ બાગાયત નિયામકશ્રી, લઘુ કૃષિ ભવન, બહુમાળી ભવન સામે, નીલમ બાગ, જુનાગઢ. : *૨૮૫ – ૨૬૩૫૦૧૯* |
| ૬. | પોરબંદર | પોરબંદર | નાયબ બાગાયત નિયામકશ્રી, સત્યનારાયણ મંદિર, રામ ગેસ્ટ હાઉસ સામે, પોરબંદર : ૦૨૮૬ – ૨૨૧૨૬૪૬ |
| ૭. | ભાવનગર | ભાવનગર | નાયબ બાગાયત નિયામકશ્રી, ટેકનીકલ હાઈસ્કુલ કમ્પાઉન્ડ, નવા પરા, ભાવનગર. – *૨૭૮ – ૨૪૨૦૪૪૪* |
| ૮. | સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર | નાયબ બાગાયત નિયામકશ્રી, બહુમાળી ભવન, સી–બ્લાકે, બીજે માળ, રૂમ નં. ૨૦૭/૨૦૮, ખેરાળી રોડ, સુરેન્દ્રનગર. ૦૨૭૫૨– ૨૮૨૭૬૩ |

# ફળનર્સરી

| અ.નું. | તાલુકો | જિલ્લો | કચેરીની માહિતી |
|---|---|---|---|
| ૧. | ઉના | જુનાગઢ | મોહબ્બત બાગ. – ૦૨૮૭૫ – ૨૨૫૬૭૦ |
| ૨. | કોડીનાર | જુનાગઢ | એસ.ટી. સ્ટેશન પાસે. – ૦૨૭૯૫ – ૨૨૧૭૪૦ |
| ૩. | માંગરોળ | જુનાગઢ | નીશાત બાગ – ૨૮૭૮ – ૨૨૪૦૩૯ |
| ૪. | મહુવા | ભાવનગર | બંદર રોડ – ૦૨૮૪૪ – ૨૨૨૪૦૧ |
| ૫. | ધારી | અમરેલી | ટી.ડી.ઓ કચેરી પાસે – ૦૨૭૯૭ – ૨૨૨૬૮૭ |

# ૩. સેન્ટ્રલ સેકટર સ્કીમ : શાકભાજીના સંકલિત વિકાસ માટેની યોજના (કંદમૂળવાળા શાકભાજી સહિત)

**ડુંગળી બીજ ઉત્પાદન યોજના :**

**સહાય :** ડુંગળીની ગાંઠ માટે ૧૦ કિવન્ટલ પ્રતિ એકરની જરૂરીયાત પ્રમાણે રૂા. ૧૦,૦૦૦ પ્રતિ કિવન્ટલના ભાવથી

**પૂર્વ શરતો :**

૧. ઓછામાં ઓછું ૭૦% જર્મીનેશન મેળવવું ફરજીયાત છે.

૨. ડુંગળીના પ્લોટને અન્ય જાતોથી તથા પાકથી ઓછામાં ઓછા ૫૦૦ મીટરના અંતરે અલગ રાખવો જરૂરી છે.

**ઉત્પાદન બાયબેક ગેરેંગી :** ૪ થી , કિવ. પ્રતિ એકરના હિસાબે રૂા. ૧૦,૦૦૦ પ્રતિકિવન્ટલના ભાવથી પરત ખરીદી આ યોજનાનો લાભ તમામ પ્રકારના ખેડૂતો લઈ શકે છે.

**યોજનાની વધુ જાણકારી માટે નીચેના સરનામે સંપર્ક કરવો :**

**રીજીયોનલ સેન્ટર અને સબ સેન્ટર**
રાષ્ટ્રીય બાગાયત સંશોધન અને વિકાસ ફાઉન્ડેશન
૧૦/૨, ગેલેકસી કોમર્શીયલ સેન્ટર,
બીજા માળે, જવાહર રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૧.
ફોન / ફેકસ 0281 - 2231545
ઈ–મેઈલ : rajkot@nhrofindia.com

**સંપર્ક અધિકારી**

| | | |
|---|---|---|
| ડો. વી. કે. સીંગ<br>નાયબ નિયામકશ્રી | તથા | શ્રી એસ. પી. સીંગ<br>મદદનીશ નિયામકશ્રી |

# ૪. સામાજીક વનીકરણ વિભાગ હેઠળ હાલના તબક્કે અમલમાં આવેલ વિવિધ યોજનાઓ

સામાજીક વનીકરણ વિભાગ હેઠળ હાલનાં તબ્બકે નીચે મુજબની વિવિધ યોજનાઓ અમલમાં છે.

**(૧) પટ્ટીવાવેતર :**

રસ્તા, નહેર અને રેલ્વેની બન્ને બાજુની સરકારી પડતર જમીનોમાં જુદા જુદા મોડલ હેઠળ વૃક્ષ વાવેતરની કામગીરી કરવામાં આવે છે. વાવેતરોમાંથી વીનામુલ્યે વાવેતરોને નુકશાન ન થાય તે રીતે ઘાસ વિગેરે એકત્ર કરી શકાય છે. વાવેતર પરિપકવ થયે ખાતા રાહે કપાણ કરી મળતી ચોખ્ખી આવકનાં ૫૦ ટકા રકમ પરિશિષ્ઠ – ૧૬ હેઠળ દર્શાવેલ જોગવાઈઓ મુજબ સબંધીત તાલુકા પંચાયતોને વિકાસનાં કામો માટે આપી શકાય છે.

**(૨) ગ્રામવન :**

ગ્રામવન ગ્રામપંચાયતો તરફથી ગૌચરની જમીનો ઠરાવ કરીને વન વિભાગને આપવાથી ૪ હેકટરની મર્યાદામાં વૃક્ષ વાવેતર માટે લેવામાં આવે છે. સિંચાઈની સગવડ ઉપલબ્ધ હોય ત્યાં ટેકા રૂપ સિંચાઈ કરવામાં આવે છે. ૩ વર્ષ સુધી વાવેતરની જાળવણી કર્યા બાદ જે તે ગ્રામપંચાયતને રક્ષણ અર્થે પરત સોંપવામાં આવે છે. વાવેતર પરિપકવ થયે ખાતા રાહે કપાણ કરી મળતી ચોખ્ખી આવકનાં ૭૫ ટકા રકમ ગ્રામ પંચાયતને વિકાસના કામો અર્થે આપવામાં આવે છે. બાકીની રકમ ૨૫ ટકા વન વિભાગ અને ગ્રામપંચાયતનાં સંયુકત ખાતામાં રાખી આજ વિસ્તારમાં પુનઃ વનીકરણ અર્થે વાપરવામાં આવે છે. આ જોગવાઈઓ અંગેનો ઠરાવ પરિશિષ્ઠ – ૧૬ હેઠળ આપેલ છે. વાવેતરમાંથી ઘાસ વિગેરે સ્થાનિક લોકો વિનામુલ્યે લઈ શકે છે. ગ્રામ વન લેવા ઈચ્છુક પંચાયતોએ વાવેતર લેવામાં ૧ વર્ષ અગાઉ ૩૦ જુન સુધી ઠરાવ કરી આપવાનો રહે છે. ઠરાવનો નમુનો પરિશિષ્ઠ – ૧ હેઠળ આપેલ છે. અને વાવેતર બાબતના કરારનામા ગ્રામપંચાયત અને સરકારશ્રી વતી વન વિભાગ વચ્ચે કરવાનાં થાય છે. જે ઠરાવનો નમુનો પરિશિષ્ઠ – ૨માં દર્શાવેલ છે.

**(૩) ઘાસ સુધરણા :**

ગ્રામ પંચાયત ઠરાવ કરીને ગૌચરની જમીન વન વિભાગ ને સુપરત કરે તો સુધરેલા ઘાસની જાતોનું વાવેતર ૪ હેકટરની મર્યાદામાં કરવામાં આવે છે. જેની ૨ વર્ષ સુધી જાળવણી કર્યા બાદ આગળનાં રક્ષણ અને વહિવટ માટે ગ્રામપંચાયતને સુપરત કરવામાં આવે છે. જમીન વિહોણા ખેત મજુરો તેમજ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને રાહત દરે ઘાસ ચારો આપવાની જોગવાઈ છે. આ અંગેનો ઠરાવ વાવેતરમાં ૧ વર્ષ અગાઉ ૩૦ જુન સુધીમાં આપવાનો રહે છે.

**(૪) ઉર્જા વાવેતર :**

ગ્રામ પંચાયતો ગૌચરની જમીન ઠરાવ કરીને વન વિભાગને આપે તો બળતણની જાતો વાવવા વૃક્ષોનું ઘનિષ્ઠ વાવેતર કરવામાં આવે છે. જેનું ૫ વર્ષે ખાતારાહે કપાણ કરી જરૂરીયાતમંદ લોકોને રાહત દરે આપવાની જોગવાઈ છે. આ અંગેનો ઠરાવ વાવેતરનાં ૧ વર્ષ અગાઉ ૩૦ જુન સુધીમાં કરી આપવાનો રહે છે. ઠરાવનો નમુનો પરિશિષ્ઠ – ૧ મુજબ રહેશે.

**(૫) પાંખા થયેલા વનોનું પુનઃ વનીકરણ :**

અનામત જંગલોરક્ષિત જંગલો તથા નદી કાંઠાના સરકારી પડતર કોતર વિસ્તારોમાં વૃક્ષ વાવેતર તથા ભુમિ અને ભેજ સંરક્ષણનાં કામો હાથ ધરવામાં આવે છે. જરૂર જણાયે ગ્રામપંચાયતોને આ કામે સમંતિ મેળવવામાં આવે છે.

**(૬) ખાનગી માલિકીની જમીનમાં વૃક્ષ વાવેતર :**

આ યોજના હેઠળ નાના અને સીમાંત ખેડુતોની કસ વગરની જમીનમાં વન વિભાગ દ્વારા વૃક્ષ વાવેતર કરી આપવામાં આવે છે. આ માટે ઈચ્છુક ખેડુતોએ જે તે વર્ષના ૩૦ જુન સુધીમાં પરિશિષ્ઠ – ૩ માં બતાવેલ નમુનામાં અરજી મોકલી આપવાની રહે છે. અરજી મંજુર થયાની અરજદારને જાણ થયે લેખીત કરાર કરવાનો રહેશે. લાભાર્થી ને વાવેતરમાં જીવંત રોપાની ટકાવારીનાં પ્રમાણમાં વખતો વખત અમલમાં રહેતું વળતર ચુકવવામાં આવે છે. વૃક્ષ વાવેતરમાં લાભો ઉપર લાભાર્થીનો સંપુર્ણ અને અબાધિત હક્ક રહેશે.

**(૭) પર્યાવરણ વાવેતર :**

આ યોજના હેઠળ જાહેર સંસ્થાઓ તેઓની પડતર જમીનમાં વૃક્ષ વાવેતર કરવા ઈચ્છતી હોય અને વૃક્ષોનું પર્યાવરણીય દ્રષ્ટિએ સંવર્ધન કરવા તૈયાર હોય તો વન વિભાગને અરજી આપવાથી એક હેકટરની મર્યાદામાં વૃક્ષ વાવેતર કરી આપવામાં આવે છે. જેની ૨ વર્ષ સુધી જાળવણી કરવામાં આવે છે. શરૂઆતથી જ રક્ષણની સંપુર્ણ જવાબદારી જે તે સંસ્થાની રહે છે. ઈચ્છુક સંસ્થાઓએ વાવેતરનાં ૧ વર્ષ અગાઉ ૩૦ જુન સુધીમાં પરિશિષ્ઠ – ૪ માં બતાવ્યા મુજબનાં નમુનામાં અરજી આપવાની રહેશે.

**(૮) વિકેન્દ્રીયકૃત પ્રજા નર્સરી :**

આ યોજના હેઠળ નાના અને સિમાંત ખેડુતો, ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો, ખેત વિહોણા મજુરો તેમજ સંસ્થાઓ મારફતે રોપ ઉછેરવામાં આવે છે. ઈચ્છુક વ્યકિતઓ અને સંસ્થાઓએ જે તે વર્ષનાં ૩૧ ઓગષ્ટ સુધીમાં પરિશિષ્ઠ – ૫ માં દર્શાવ્યા મુજબનાં નમુનામાં અરજી કરવાની રહે છે. અરજી મંજુર થયે લેખીત કરાર કરાવનો રહેશે. વખતો વખત અમલમાં નાણાકીય જોગવાઈ મુજબ કરેલ કામગીરીનાં પ્રમાણમાં લાભાર્થીને હપ્તાવાર સહાય આપવામાં આવે છે.

**(૯) રોપ, ઘરૂ અને બીજ વિતરણ :**

વન વિભાગની ખાતાકીય નર્સરીઓ ઉપરથી ચોમાસાની ઋતુ દરમ્યાન પરિશિષ્ઠ – ૬ અને ૬અ મુજબ દર્શાવેલ જોગવાઈઓ મુજબ વિવિધ જાતનાં રોપોઓનું વિતરણ કવરામાં આવે છે. રોપા મેળવવા માટેનાં અરજી પત્રકનો નમુનો પરિશિષ્ઠ – ૭ હેઠળ આપવામાં આવેલ છે. જરૂરતમંદ ખેડુતોને રોપવાનું ઘરૂ તથા વિવિધ જાતનાં બીજ નક્કી કરાયેલ રકમ વસૂલ કરીને આપવામાં આવે છે.

**(૧૦) સુધારેલ સ્મશાન સગડી :**

બળતણે બચાવના સાધનરૂપ સ્મશાન સગડી અગ્રતા યાદીના આધારે ગ્રામપંચાયતોને વિનામૂલ્યે આપવામાં આવે છે. આ માટે કરવાની અરજીનો નમુનો પરિશિષ્ઠ –૮ હેઠળ આપેલ છે.

**(૧૧) વન કુટિર :**

વિવિધ રસ્તાઓ ઉપર યાત્રીકોનાં વિસામો માટે અગ્રતા યાદીના આધારે વન કુટિર બાંધવામાં આવે છે. આ અંગેની સ્થળ પસંદગી વિભાગ જાતે જ કરે છે.

**(૧૨) વન ચેતના કેન્દ્ર :**

વિભાગીય કક્ષાએ દ્વારકા ભુભળી ખાતે વન ચેતનાં કેન્દ્ર ઉભુ કરવામાં આવેલ છે.

**(૧૩) ફોરશોર વાવેતરઃ**

તળાવ કાંઠાના વિસ્તામાં વાવેતર કરવાની યોજના છે. આ વર્ષે જ આ મોડલ હેઠળ ખુબ જુજ પ્રમાણમાં વાવેતર લેવાનું છે. આથી નિર્દશન રૂપ વિસ્તારો પસંદ કરી વાવેતર લેવામાં આવશે.

**(૧૪) બાયોગેસ અને સોલર કુકુર વિતરણ :**

ચાલુ વર્ષે જ ખૂબ નાના પ્રમાણમાં લક્ષ્યાંકો પ્રાપ્ત થયેલા છે. એકમ કિંમતનાં ૫૦ ટકા રકમ લઈ ફાળવણી કરવાની જોગવાઈ છે. વન વિભાગની અન્ય યોજનાઓ સાથે સંકલન કરી ફાળવણી કરવાનું ધોરણ નક્કી કરેલ છે.

## *:: વિવિધ પરવાનગીઓ મેળવવા અંગે ::*

**(૧) જંગલ જમીનોમાં બિન જંગલ પ્રવૃતિઓ કરવા બાબત :**

અનામત અને રક્ષિત જમીનોમાંથી રસ્તા બનાવવા, રસ્તા પહોળા કરવા કે અન્ય બિનજંગલ પ્રવૃતિઓ કરવા સારૂ જે તે વ્યકિત, સંસ્થા, સરકારી વિભાગે વનસંરક્ષણ અધિનિયમ ૧૯૮૦ ની જોગવાઈઓ હેઠળ નિયત નમુનામાં દરખાસ્ત કરવાની હોય છે. જે ભારત સરકારને જરૂરી ભલામણો સહિત મોકલી આપવામાં આવે છે. ભારત સરકાર તરફથી મંજુરી મળે નક્કી થયેલ વળતરની રકમ ભરપાઈ થયે જંગલની જમીન બિન જંગલ હેતુ માટે વાપરવા પરવાનગી આપવામાં આવે છે. દરખાસ્તને લગતા ફોર્મનો નમુનો પરિશિષ્ઠ – ૯ હેઠળ આપવામાં આવેલ છે.

**(૨) રસ્તા ઉપર વરસાદ વાવાઝોડાથી પડતા વૃક્ષો દુર કરવા બાબત :**

વરસાદ વાવાઝોડાનાં પ્રસંગે રસ્તા, નહેર અને રેલ્વે પાટા પર પડી જતા વૃક્ષો અન્ય વિભાગોનાં સંકલનમાં રહી હટાવવાની આ કચેરીની ફરજ છે. પૂરી સજાગતાથી આ કામગીરી કરવામાં આવે છે. આમ છતાં કોઈ સ્થળે આવા વૃક્ષો પડેલ જણાય તો તાબાની કચેરી કે અત્રેની કચેરીને ફરીયાદ નોંધાવવાથી તેનો ત્વરીત નિકાલ કરવામાં આવે છે.

**(૩) વન્ય પ્રાણીઓથી થતાં નુકશાનનું વળતર મેળવવા બાબત :**

અત્રેની કચેરીનાં કાર્ય વિસ્તારમાં કોઈ વન્ય પ્રાણી અભ્યારણ કે રાષ્ટ્રીય ઉદ્યાન આવેલ નથી. આમ છતાં, વન્ય પ્રાણી સંરક્ષણ ધારા ૧૯૭૨ હેઠળ સૂચિત કરાયેલ વન્ય પ્રાણીઓ જ્યાં હોય ત્યાં તેઓનું રક્ષણ કરવાનું રહે છે. આમ કરતા જાન માલને થતા નુકશાન બદલ વળતર ચૂકવવાનું ધોરણ નક્કી થયેલ છે. જે પરિશિષ્ઠ – ૧૦ હેઠળ આપેલ છે. નુકશાન અંગેના જરૂરી પુરાવાઓ સાથે અરજી કરવાથી વળતર ચૂકવવામાં આવે છે.

## *:: વિવિધ ઈનામ યોજનાઓ ::*

વૃક્ષ ઉછેરની પ્રવૃતિઓમાં સમાજનાં તમામ વર્ગોનો સક્રીય સહયોગ મેળવવા તથા સારી કામગીરી કરનારને પ્રોત્સાહિત કરવાના બેવડા ઉદ્દેશ્યથી સરકારશ્રીએ પ્રોત્સાહક ઈનામી યોજનાઓ અમલમાં મુકેલ છે.

**(૧) મહાવૃક્ષ પુરસ્કાર :**

વિવિધ પ્રજાતિના વૃક્ષોનું જતન અને સંવર્ધન કરવાના અભગિમને પ્રોત્સાહિત કરવા સારૂ કેન્દ્ર સરકારશ્રીએ આ યોજના અમલમાં મુકેલ છે. દરેક વર્ષ વિવિધ પ્રજાતિનાં વૃક્ષો નક્કી કરવામાં આવે છે અને આ પ્રજાતિના વૃક્ષોમાં થડનો પ્રતિયોગીતા માટે ન્યૂનતમ ઘેરાવો પણ નક્કી કરવામાં આવે છે. સૌથી વધુ ઘેરાવાવાળા વૃક્ષોને રૂા. ૨૫,૦૦૦/– પુરસ્કાર આપવામાં આવે છે. પરિશિષ્ઠ – ૧૧

અને ૧૧–અ હેઠળ જોગવાઈઓ તથા ફોર્મનો નમુનો આપેલ છે. કેન્દ્ર સરકાર તરફથી આ અંગે પ્રસિધ્ધ થયેલ નિયત કરેલ સમય મર્યાદામાં જરૂરી વિગતો સાથેની અરજી નાયબ વન સંરક્ષકશ્રી સામાજીક વનીકરણ વિભાગ, જામનગરને કરવાની રહેશે.

**(૨) વૃક્ષ ઉછેર પ્રોત્સાહક ઈનામો :**

વિભાગીય કક્ષાએ આ યોજનાઓ હેઠળ ઉત્તમ કામગીરી કરનારા વ્યકિત / સંસ્થાઓને પ્રોત્સાહિત કરવાની જોગવાઈઓ અમલમાં છે. જે પરિશિષ્ઠ – ૧૨ અને ૧૨–અ હેઠળ આપેલ છે. તાલુકા કક્ષાએ ભાગ લેવા ઈચ્છુક વ્યકિત / સંસ્થાઓએ તેઓની અરજીઓ જરૂરી વિગતો સાથે સંબંધિત પરિક્ષેત્ર વન અધિકારીઓને તારીખ ૩૦ નવેમ્બર સુધીમાં કરવાની રહેશે. જીલ્લા કક્ષાએ ભાગ લેવા માટે અરજીઓ નાયબ વન સંરક્ષકશ્રીને આજ સમય મર્યાદામાં કરવાની રહેશે.

**(૩) વનપંડિત :**

વૃક્ષ ઉછેર અને પર્યાવરણ ક્ષેત્રે રાજયકક્ષાએ ઉદાહરણ રૂપ કામગીરી કરનાર વ્યકિતને વનપંડિતના સન્માનથી પુરસ્કૃત કરવાની જોગવાઈઓ પરિશિષ્ઠ – ૧૩ હેઠળ આપેલ છે. જે તે વર્ષના ૩૦ નવેમ્બર સુધીમાં સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્નાર વ્યકિતઓએ પોતાનાં સંપુર્ણ બાયોડેટા સાથે સમગ્ર કારકિર્દીમાં વન અને પર્યાવરણ ક્ષેત્રે કરેલ કામગીરી આંકડાકીય વિગતો વિસ્તૃત વિશ્લેષણ સહિત નાયબ વન સંરક્ષકશ્રીને મોકલી આપવાની રહેશે.

**(૪) ઈન્દીરા પ્રિયદર્શિની વૃક્ષમિત્ર એવોર્ડ :**

રાષ્ટ્રીય કક્ષાએ વૃક્ષ ઉછેર અને પર્યાવરણ ક્ષેત્રે ઉત્તમ કામગીરી કરનાર વ્યકિત / સંસ્થા / વિભાગો / મંડળીઓ વિગેરેને વૃક્ષમિત્ર સન્માનથી પુરસ્કારવામાં આવે છે. પરિશિષ્ઠ – ૧૪ અને ૧૪–અ હેઠળ જોગવાઈઓ તથા નમુનાનું ફોર્મ આપેલ છે.

**(૫) વન પ્રાણીઓએ લગતા ગુનાઓની બાતમી આપનારને પુરસ્કાર આપવા બાબત :**

વન્ય પ્રાણીઓનાં રક્ષણ અને સંવર્ધનમાં પ્રજાનો સક્રિય સહયોગ મેળવવા આ અંગેના ગુનાઓ અંગેની બાતમી આપનારોએ પુરસ્કૃત કરવાની જોગવાઈઓ પરિશિષ્ઠ – ૧૫ હેઠળ આપેલ છે.

ઉપરોકત દર્શાવેલ વિવિધ સહાય યોજનાનો લાભ મેળવવા માટે જે તે જીલ્લાની વનવિભાગની કચેરીનો કોષ્ટકમાં જણાવ્યા પ્રમાણે સંપર્ક કરવો. કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ વિવિધ યોજનાના અરજીપત્રક અલગ અલગ હોવાથી વનવિભાગની કચેરીમાંથી રૂબરૂમાં સંપર્ક કરીને અરજી પત્રક મેળવવું. દરેક યોજનાના પરિશિષ્ટની માહિતિ વનવિભાગ કચેરીએથી મેળવવા વિનંતી.

# વિવિધ કામગીરીઓના નિકાલની સમય મર્યાદા

| ક્રમ | કામગીરીની વિગત | અરજી કોને કરવી | અરજી કયારે કરવી | અરજીના નિકાલનો સમય | અરજીનો નમુનો | નોંધ |
|---|---|---|---|---|---|---|
| (૧) | ગ્રામ વનો ઉછેરવાં | નાયબ વન સંરક્ષક શ્રી વિસ્તરણ વિભાગ જે તે જિલ્લા મથકે | વાવેતર ઉછેરવા અગાઉ એક વર્ષ ૩૦ જૂન સુધીમાં | ૩ માસ અથવા લક્ષ્યાંક ફાળવણી થયેથી | પરિશિષ્ઠ – ૧ | – |
| (૨) | ઉર્જા વાવેતર | ––– ઉપર મુજબ ––– | ––– ઉપર મુજબ ––– | ––– ઉપર મુજબ––– | પરિશિષ્ઠ – ૧ | – |
| (૩) | એફ.એલ.(ખાનગી માલિકીની જમીનમાં વાવેતર) | ––– ઉપર મુજબ ––– | જે તે. વર્ષમાં ૩૦ જૂન સુધીમાં | ––– ઉપર મુજબ ––– | પરિશિષ્ઠ – ૩ | – |
| (૪) | પર્યાવરણ વાવેતર | ––– ઉપર મુજબ ––– | વાવેતર ઉછેરવા અગાઉ ૩૦ જૂન સુધીમાં | ––– ઉપર મુજબ ––– | પરિશિષ્ઠ – ૪ | – |
| (૫) | વિકેન્દ્રીય કૃત પ્રજા નર્સરી | ––– ઉપર મુજબ ––– | જે તે વર્ષમાં ૩૧ ઓગષ્ટ સુધીમાં | ૨ માસ અથવા લક્ષ્યાંક ફાળવણી થયેથી | પરિશિષ્ઠ – ૫ | – |
| (૬) | રોપ વિતરણ | પરીક્ષેત્ર વન અધિકારી ની કચેરી જે તે તાલુકા | ૨૧ જૂન થી ૩૧ ઓકટોબર | એક સપ્તાહ | પરિશિષ્ઠ – ૭ | વિના મૂલ્યે મળતા રોપાની જોગવાઈ માટે નાયબ વન |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | મથકે | | | | સંરક્ષકશ્રીને અરજી કરવી. |
| (૭) | સ્મશાન સગડી | નાયબ વન સંરક્ષક શ્રીની કચેરી જે તે જિલ્લા મથકે | ૩૦ જૂન સુધીમાં | અગ્રતા યાદીનાં આધારે | પરિશિષ્ઠ – ૮ | – |
| (૮) | બીન જંગલ પ્રવૃતિઓ કરવા | નાયબ વન સંરક્ષકશ્રી વિસ્તરણ વિભાગ જે તે જિલ્લા મથકે | જરૂર પડીયે | દરખાસ્ત પુર્ણ થયેલ અત્રેથી ઉપલી કક્ષાએ મોકલી અપાશે | પરિશિષ્ઠ – ૯ | – |
| (૯) | વન્ય પ્રાણીઓથી થતાં નુકશાન | ––– ઉપર મુજબ ––– | જરૂર પડીયે | ૪૫ દિવસ | પરિશિષ્ઠ – ૧૦ | – |
| (૧૦) | મહાવૃક્ષ પુસ્રકાર | ––– ઉપર મુજબ ––– | પ્રસિધ્ધ થયેથી | પ્રસિધ્ધીમાં જણાવ્યા પ્રમાણે | પરિશિષ્ઠ – ૧૧ અને ૧૧–અ | |
| (૧૧) | વૃક્ષ ઉછેર પ્રોત્સાહક ઈનામો | ––– ઉપર મુજબ ––– તથા પરીક્ષેત્ર વન અધિકારી જે તે જીલ્લા મથકે | ૩૦ નવેમ્બર સુધીમાં | ૨ માસ | પરિશિષ્ઠ – ૧૨ અને ૧૨–અ | – |
| (૧૨) | વન પંડીત | નાયબ વન સંરક્ષશ્રી વિસ્તરણ વિભાગ જે તે જિલ્લા મથકે | ૩૦ ઓગષ્ટ | રાજ્ય સરકાર તરફથી નક્કી થયે | પરિશિષ્ઠ – ૧૩ | – |
| (૧૩) | ઈન્દીરા પ્રિયદર્શિની પુરસ્કાર | ––– ઉપર મુજબ ––– | પ્રસિધ્ધ થયેથી | પ્રસિધ્ધીમાં જણાવ્યા મુજબ | પરિશિષ્ઠ – ૧૪ – અ | – |

# ૫. રાજ્યમાં સૂક્ષ્મ સિંચાઈ ટપક અને ફુવારા પધ્ધતિના કાર્યક્રમની યોજના

ગુજરાત રાજ્યમાં પિયત હેઠળનો વિસ્તાર મર્યાદિત છે. આથી પાણીના વૈજ્ઞાનિક વ્યવસ્થાપન દ્વારા મહત્તમ ખેત ઉત્પાદન ઓછા ખર્ચે થાય અને ખેડૂતની આવક વધુ થાય તે દિશામાં રાજ્ય સરકારે રાજ્યના ખેડૂતોને પ્રેરિત કરવા અને જળશકિત ક્રાંતિ દ્વારા ગુજરાતમાં કૃષિની આધુનિક કાયાપલટ થાય તે માટે ગુજરાત રાજ્યમાં જળસંચય અભિયાન હાથ ધરેલ છે. રાજ્યમાં સિંચાઈના જુદા જુદા સ્ત્રોતમાંથી ઉપલબ્ધ થતાં પાણીનો ખૂબ જ કરકસરભર્યો અને કાર્યક્ષમ ઉપયોગ થાય તે હેતુસર. રાજ્ય સરકારે રાજ્યના ખેડૂતોને સૂક્ષ્મ પિયત પધ્ધતિ હેઠળ ટપક, ફુવારા રેઈનગન્સ અને પોરસ પાઈપ સિંચાઈ માટેના સાધનો માટે સહાય આપવા માટે રૂપિયા ૧૫૦૦ કરોડના અંદાજીત ખર્ચે એક સંકલિત યોજના અમલમાં મૂકેલ છે.

આ યોજનાના સરળ અને એક સમાન ધોરણે અમલીકરણ માટે રાજ્ય સરકારે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ, ફર્ટીલાઈઝરનગર ટાઉનશીપ, પો.ઓ.ફર્ટીલાઈઝરનગર – ૩૯૧ ૭૫૦, જિલ્લો વડોદરા (હાલમાં ગુજરાત એગ્રો પ્રોસેસીંગ કંપની લિમિટેડના નામે ઓળખાતી), ની સ્થાપના કરેલ છે. જેના દ્વારા આ નવી યોજનાના અમલ કરવામાં આવે છે.

આ યોજના હેઠળ કોઈપણ પાક માટે કોઈપણ ખેડૂતો વ્યકિતગત / જુથ રચીને કોઈપણ પ્રકારના પિયતસ્ત્રોત હેઠળના કોઈપણ ક્ષેત્રફળ માટે તમામ જિલ્લામાં રાજ્ય સરકારનો ફાળો મેળવી શકશે પરંતુ આ માટે પાણીની અછતવાળા વિસ્તારોને પ્રાથમિકતા આપવામાં આવશે.

સદર યોજનાનો લાભ લેવા ઈચ્છતા ખાતેદારોએ કંપનીએ ઠરાવેલ / નક્કી કરેલ અરજી પત્રકમાં વ્યકિતગત અથવા જુથમાં અરજી કરવાની રહેશે અને અરજીની તાંત્રિક અને ભૌતિક ચકાસણી કર્યાબાદ કંપની દ્વારા જે તે ખેડૂતના ખેતરમાં સંપૂર્ણ રીતે જે તે સેટ વોટર મીટર સહિત ગોઠવી આપવાની વ્યવસ્થા કરવામાં આવશે.

હાલમાં પ્રમાણિત એમ. આઈ. એસ. કંપનીઓ નીચે મુજબ છે :

(૧) જૈન ઈરીગેશન સિસ્ટમ, જલગાંવ

(૨) પ્રિમિયર ઈરીગેશન ઈકવીપમેન્ટ કંપની, કલકત્તા

(૩) નેટાફીમ ઈરીગેશન ઈન્ડિયા લિ., વડોદરા

(૪) પ્લાસ્ટ્રો પ્લાસોન ઈન્ડિયા લિ., પૂના

(૫) પરિક્ષિત ઈન્ડસ્ટ્રીઝ લિ., અમદાવાદ

(૬) ઈ.પી.સી. ઈન્ડસ્ટ્રીઝ લિ., નાશીક

(૭) નાગાર્જુન પાલ્મ ઈન્ડિયા લિ., હૈદરાબાદ

રાજ્ય સરકારના ફાળાનું (હવે પછી ''ફાળો'' એમ વાંચવું) ધોરણ નીચે પ્રમાણે રહેશે :–

(અ) ખર્ચના પ્રાથમિક હિસ્સા પેટે ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપનીએ નકકી કરેલ કુલ એમ.આઈ.એસ. ખર્ચના પાંચ ટકા એડવાન્સ રકમ ખેડૂત દ્વારા જમા કરાવવાની રહેશે.

(બ) સદર યોજના હેઠળ લાભ મેળવતા રાજ્યના ખેડૂતોને કુલ એમ.આઈ.એસ. કોસ્ટના ૫૦ ટકા, અથવા પ્રતિ હેઠકર રૂપિયા ૫૦,૦૦૦/– ની મર્યાદામાં સહાય મળવા પાત્ર થશે અને આ સદર સહાય સરકારશ્રી દ્વારા ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડના હવાલે મૂકવામાં આવશે. જે ઉકત કંપની દ્વારા સીધી બેંકને જમા કરાવવામાં આવશે.

(ક) કોઈ ખેડૂત લોન લેવા ઈચ્છતો ન હોય તો તેઓને એમ.આઈ.એસ. કોસ્ટની ૫૦ ટકા અથવા રૂપિયા ૫૦,૦૦૦/– બન્નેમાં જે ઓછી રકમ હશે તે રકમનો ફાળો મળવાપાત્ર થશે અને બાકી રહેતી ૪૫ ટકા રકમ તેણે એક સામટી કંપનીમાં આગોતરી જમા કરવવાની રહેશે.

બાકીની ૪૫ ટકા રકમ લોન લેનાર ખેડૂત ભાઈને રાષ્ટ્રીયકૃત અથવા સહકારી બેંક મારફતે નાબાર્ડના લાંબાગાળાના ધિરાણના દરોએ ઉપલબ્ધ કરાવવામાં આવશે. બેંકો અંગે ગુજરાત ગ્રીન રીવોલુશન કંપની જરૂર જણાયે વધુ વિગતવાર માર્ગદર્શન રેખાંઓ નક્કી કરશે.

લાભાર્થી ખેડુતે સિંચાઈ / ટપક / ફુવારા / રેઈનગન્સ / પોરસ પાઈપ સેટ સહાય દરે મેળવવા માટેની અરજી નિયત નમુનામાં ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની લિમિટેડ, ફર્ટીલાઈઝનરનગર ટાઉનશીપ, પો.ઓ. ફર્ટીલાઈઝરનગર – ૩૯૧ ૭૫૦. જિ. વડોદરા (હવે પછી **''કંપની''** વાંચવું) ને કરવાની રહેશે.

સદર સહાય માટેના નિયત અરજી પત્રકો ગ્રામ સેવકો / તાલુક પંચાયત કચેરી / જિલ્લા પંચાયત કચેરી / જી.એસ.એફ.સી. – જી.એન.એફ.સી. ડે.પો. / જી.ઈ.બી. તથા ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના કેન્દ્રો તથા કંપનીની મુખ્ય કચેરીમાંથી વિના મૂલ્યે મળી શકશે. તેમાં જરૂરી વિગતો ભરીને સ્થાનિક કાગળો સહિત અરજી પત્રકમાં દર્શાવ્યા પ્રમાણેના અધિકારી મારફતે કંપનીને મોકલવાની રહેશે.

# ફોર્મ નં . ૧

## વિષય : ટપક / ફુવારા પિયત પધ્ધતિ વસાવવા માટેની અરજી

અરજદારનો
પાસપોટ
સાઈઝનો ફોટો

૧.૦ સવિનય ઉપરોક્ત વિષયનાં અનુસંધાનમાં જણાવવાનું કે નીચે મુજબની જમીન ધરાવું છું અને તેમાં ટપક / ફુવારા પિયત પધ્ધતિ સેટ વસાવવા માંગું છું.

ખેડૂતનું નામ : ....................................................................................................................

ગામ : .......................... પીન કોડ : .......................... તાલુકો : .......................... જિલ્લો : ..........................

ફોન નં. : (STD કોડ ..........................) નં. .......................... મોબાઈલ નં. ................................................

| અનુ. નંબર | ગામનું નામ | તાલુકો | સર્વે નં. | વિસ્તાર (એકર) | હાલમાં લેવાતા પાકો | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | શિયાળુ | ઉનાળુ | ચોમાસુ |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | (કુલ વિસ્તાર એકર) | | | | | |

૨.૦ ઉપર દર્શાવેલ જમીન માટે જરૂરી નીચે જણાવેલ પત્રકોની ખરી નકલો સામેલ છે.

૧. ફોર્મ નં. ૮–અ

૨. ૭/૧૨ નો ઉતારો

૩. ફોર્મ નં. ૧૬/ પાણી પત્રક

૩.૦ પાણીના સ્ત્રોત અંગેની માહિતી : કૂવો / ટયૂબ વેલ / કેનાલ ( ✓ ટીક કરવી)

નીચની માહિતી જ્યાં લાગુ પડતી હોય ત્યાં ભરવી :

૩.૧ કૂવો / ટયૂબવેલ લાગેલ હોય તે ખેતરનો સર્વે નંબર : .......................................

૩.૨ કૂવો કે ટયૂબવેલ પર ઈલેકટ્રીક મોટર લાગેલી છે ? હા / ના ...............................

જો હા લાગેલ મીટર નંબર ...................................... છે.

જો ના તો મારા કૂવા / ટયૂબવેલ પર મીટર લગાવવા માટે સહમત છું (હા / ના)

૩.૩ કૂવા / ટયૂબ વેલ પર લાગેલ ઈલેકટ્રીક મોટર ............................... હોર્સ પાવર

૩.૪ કૂવા / ટયૂબ વેલ પર લાગેલ ડિઝલ એન્જીન ................................ હોર્સ પાવર

૩.૫ પંપ હેડસ (પાણીની ઉંડાઈ) ............................................... ફૂટ

૩.૬ પાણીનો હાલનો આવરો (ડિસ્ચાર્જ ફલો) .................................ઘન મીટર / કલાક

૩.૭ દિવસમાં કેટલા સમય વીજળી ઉપલબ્ધ થાય છે. ........................ કલાક

૪.૦ જે પાક માટે ટપક / ફુવારા / પિયત પધ્ધતિ સેટ હાલમાં લાગેલ હોય તો એ અંગેની માહિતી :

| અ. નં. | ગામનું નામ | તાલુકો | સર્વે નં. | પિયત પધ્ધતિ પસંદગી | વિસ્તાર (એકર) | પાકનું નામ | સપ્લાયર કંપનીનું નામ | લગાયેલ વર્ષ | મેળવેલ સબસીડીની કુલ રકમ રૂા. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ટપક | | | | | |
| | | | | ફુવારા | | | | | |
| | | | | | | | | | |

૫.૦ જે પાક માટે ટપક / ફુવારા / પિયત પધ્ધતિ સેટ વસાવવા માંગતી હોય એ અંગેની માહિતી :

| અ. નં. | ગામનું નામ | તાલુકો | સર્વે નં. | પિયત પધ્ધતિ પસંદગી | વિસ્તાર (એકર) | લેવાના થતા પાકોની વિગત | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | શિયાળુ | ઉનાળુ | ચોમાસુ |
| | | | | ટપક | | | | |
| | | | | ફુવારા | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

૬.૦ હું કંપની માફરત ધિરાણ મેળવવા માંગુ છું. (હા / ના)
અગર હા તો આ ધિરાણની રકમ કંપનીની શરતો પ્રમાણે સબસીડીની રકમ બાદ કર્યા પછી બાકીની રકમ પરત કરવા સહમત છું.

૭.૦ હું પડોશનાં જે ખેડૂતોને મારા કૂવા / ટયૂબ વેલમાંથી પાણી વિક્રય કરીશ તે ખેડૂત પણ કંપની મારફત ધિરાણ મેળવવા માંગે છે.(હા/ના)
અગર હા તો આ ધિરાણની રકમ કંપનીની શરતો પ્રમાણે સબસીડીની રકમ બાદ કર્યા પછી ધિરાણના હપ્તા ભરશે એની જવાબદારી હું લઉં છું તેમજ ટપક / ફુવારા પિયત પધ્ધતિ સેટના ખેડૂતવાર કુલ ખર્ચની જરૂરી રકમ તમામ ખેડૂતો ભરે તે માટે હું બંધાઉં છું.

૮.૦ હું પડોશનાં જે ખેડૂતોને મારા કૂવા / ટયૂબ વેલમાંથી વધારાનું પાણી વિક્રય કરૂં છું તેમજ જેઓ પણ ટપક / ફુવારા પિયત પધ્ધતિ સેટ અપનાવવા ઈચ્છા દર્શાવે છે એમનાં નામ અને અન્ય માહિતી નીચેનાં કોષ્ટક મુજબ છે.

| અ. નં. | ખેડૂતનું નામ | નીચે જણાવેલ દાખલાઓ આ સાથે જોડલ છે ફોર્મ નં. ૮–અ, ૭/૧૨, ફોર્મ નં. ૧૬ (પાણી પત્રક) | સિંચાઈ પધ્ધતિ માટેનો કુલ વિસ્તાર (એકર) | | | |
|---|---|---|---|---|---|---|
| | | | ટપક | ફુવારા | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

૯.૦ હું અને મારા સાથી ખેડૂત મિત્રો કંપની દ્વારા પસંદ કરેલ સૂક્ષ્મ પિય પધ્ધતિ સપ્લાયર્સ દ્વારા ટપક / ફુવારા પિયત પધ્ધતિ લગાવવા તૈયાર છીએ તથા તેમના દ્વારા સર્વે કર્યા પછી જે કિંમત નક્કી કરવામાં આવશે તે અમને મંજૂર રહેશે અને તેના માટે નિર્ણય લેવા કંપનીને અધિકૃત કરીએ છીએ. ઉપરોકત સર્વે પ્રમાણે જે કિંમત નક્કી થશે તેના ઉપર ૫% વહીવટી ખર્ચ કંપનીને આપવા સહમત છીએ.

૧૦.૦ મારી તથા પેટા ખેડૂતની જમીન અને પાણીના જરૂરી પૃથ્થકકરણ માટે ચકાસણી ફી આપવા માટે અમે સહમત છીએ.

૧૧.૦ મારા ખેતર ઉપર લગાવેલ ટપક / ફુવારા સેટ હું દશ વર્ષ સુધી જાળવણી કરીશ તથા કોઈને તબદલી નહીં કરું કે વેચાણ નહીં કરું તેની ખાત્રી આપું છું.

૧૨.૦ કંપની સાથે ત્રિપક્ષીય કરાર કરવા સહમત છું તથા ત્રિપક્ષીય કરાર કરતી વખતે પસંદ કરેલ સુક્ષ્મ પિયત પધ્ધતિની કુલ રકમના ૫% લેખે એડવાન્સ પેટે જમા કરાવવા બંધાઉં છું.

૧૩.૦ સરકારી ધારા ધોરણ પ્રમાણે કંપની દ્વારા મળવા પાત્ર સબસીડી મને મંજૂર રહેશે.

૧૪.૦ ઉપરોકત વિષયે આપશ્રી ને વિનંતી કે શકય એટલી વહેલી તકે ઉપર જણાવેલ વિસ્તારમાં ટપક / ફુવારા પિયત પધ્ધતિ સેટ બેસાડવા માટેનો કુલ ખર્ચ જણાવશો જેથી વહેલી તકે એ અંગે નિર્ણય લઈ શકાય.

હું આથી જાહેર કરું છું કે ઉપર આવેલ માહિતી મારી જાણ પ્રમાણે સત્ય છે. અગર કોઈ પણ વિગત અસત્ય જણાય તો મને કોઈ જાતની અગાઉથી જાણ કે કારણ આપ્યા વગર અમારી અરજી રદ્દ કરી શકશો.

આભાર સહી — આપનો ભવદીય,

આભાર સહ.........

ખેડૂતની સહી

તા. : .............................. — નામ : ...........................................................

બિડાણ : મુખ્ય તથા પેટા ખેડૂતનાં નામનાં નીચે જણાવેલ પત્રકોની ખરી નકલો સામેલ છે.

૧. ફોર્મ નં. ૮–અ.

૨. ૭/૧૨ નો ઉતારો.

૩. ફોર્મ નં. ૧૬/પિયત પાણીનો સ્ત્રોત

---

## ગ્રામ પંચાયત દ્વારા ખરાઈ

આથી પ્રમાણીત કરવામાં આવે છે કે ઉપરોકત ખેડૂતનાં ખેતર ઉપર તપાસ કરતાં અને જરૂરી દસ્તાવેજનાં આધારે માલૂમ પડેલ છે કે ખેડૂત પાસે સિંચાઈ માટેના માન્ય જળ સ્ત્રોત અને વીજ જોડાણ / ડિઝલ એન્જીન ઉપલબ્ધ છે.

ગ્રામ સેવક / વિસ્તરણ અધિકારી — તાલુકા વિકાસ અધિકારી

(સહી , સિક્કો તથા તારીખ) — (સહી, સિક્કો તથા તારીખ)

પ્રતિશ્રી,

ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિમિટેડ

પો. ફર્ટીલાઈઝરનગર ટાઉનશીપ–૩૯૧૭૫૦. જિલ્લો. વડોદરા

તા.ક. : આ ફોર્મની વધારે નકલની જરૂર પડે તો ઝેરોક્ષ કરાવીને પણ ભરી શકાય છે / રજુ કરી શકાય છે.

**સંપર્ક કચેરીની માહિતી**

| અ.નં. | તાલુકો | જિલ્લો | સંપર્ક સ્થાન |
|---|---|---|---|
| (૧) | રાજકોટ | રાજકોટ | રીજીયોનલ ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. રીજીયોનલ ઓફીસ,<br>૭, ભારતી, ડો. યાજ્ઞીક રોડ, જાગનાથ મંદિરની સામે,<br>રાજકોટ – ૩૬૦ ૦૦૦૧. ફોન. ૦૨૮૧–૨૪૬૫૪૨૧/૨૪૮૦૧૭૨ |
| (૨) | રાજકોટ | રાજકોટ | વેર હાઉસ ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. વેરહાઉસ, રઘુવીર ઓઈલ મીલની બાજુમાં,<br>માધાપર – ૩૬૦ ૦૦૧. ફોન. ૦૨૮૧–૨૪૮૮૨૩૧ |
| (૩) | મોરબી | રાજકોટ | ડેપો ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. ફર્ટીલાઈઝર ડેપો,<br>લાતી પ્લોટ – ૧૩ સામે, મોરબી – ૩૬૩ ૬૪૧. મો. ૯૮૨૪૬ ૫૪૩૧૧ |
| (૪) | જામનગર | જામનગર | વેરહાઉસ ઈન્ચાર્જ<br>જી. એસ. એફ. સી. વેર હાઉસ<br>C/o. જયેર સ્ટીલ, પ્લોટ નં. ૪૮, ઉદ્યોગનગર, ૦૨૮૮–૨૫૭૧૧૩૭<br>હાપા (જામનગર) – ૩૬૧ ૧૨૦ |
| (૫) | જામખંભાળીયા | જામનગર | ડેપો ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. ફર્ટીટલાઈઝર ડેપો,<br>જોધપુર ગેઈટ, જામખંભાળીયા – ૩૬૧ ૩૦૫. |
| (૬) | ધ્રોલ | જામનગર | ડેપો ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. ફર્ટીલોઈઝર ડેપો<br>બસ સ્ટેન્ડ પાસે, ધ્રોલ – ૩૬૧ ૨૧૦ મો. ૯૮૨૪૬ ૫૪૩૧૨ |
| (૭) | જુનાગઢ | જુનાગઢ | એરીયા ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. એરીયા ઓફીસ,<br>કોટેચા કોર્મર્શીયલ કોમ્પ્લેક્ષ,<br>ઉજા માળે, સરદાર પટેલ ભવન સામે,<br>જયશ્રી સિનેમા રોડ, જુનાગઢ ૩૬૨ ૦૦૧. ફોન. ૦૨૮૫–૨૬૫૧૫૮૧,<br>૨૬૨૪૬૩૭ |
| (૮) | જુનાગઢ | જુનાગઢ | ડેપો ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. ફર્ટીલાઈઝર ડેપો,<br>દત્તાર રોડ, જુનાગઢ – ૩૬૨ ૦૦૧. મો. ૯૮૨૪૬ ૫૪૩૧૭ |
| (૯) | માંગરોલ | જુનાગઢ | ડેપો ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. ફર્ટીલાઈઝર ડેપો માધવ ઓઈલ ગોડાઉન,<br>માંગરોલ (જે)–૩૬૨ ૨૨૫ મો. ૯૮૨૪૬ ૫૪૩૧૮ |
| (૧૦) | જુનાગઢ | જુનાગઢ | વેરહાઉસ ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. વેરહાઉસ<br>મજીદ મીલ, જુનાગઢ – ૩૬૨ ૦૦૧. ફોન. ૦૨૮૫–૨૬૬૧૨૭૫ |
| (૧૧) | ઉના | જુનાગઢ | ડેપો ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. ફર્ટીલાઈઝર ડેપો<br>મેહતા આંખ હોસ્પીટલની સામે,<br>૩૬, માર્કેટ યાર્ડ, ઉના – ૩૬૨ ૫૬૦. મો. ૯૮૨૪૬ ૫૪૩૨૧ |
| (૧૨) | બીલખા | જુનાગઢ | ડેપો ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. ફર્ટીલાઈઝર ડેપો<br>સ્ટેશન રોડ, બીલખા – ૩૬૨ ૧૧૦. |

| | | | |
|---|---|---|---|
| (૧૩) | કેશોદ | જુનાગઢ | ડેપો ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. ફર્ટીલાઈઝર ડેપો<br>રાજ સિનેમા રોડ,<br>કેશોદ – ૩૬૨ ૨૨૦. મો. ૯૮૨૪૬ ૫૪૩૧૯ |
| (૧૪) | વેરાવળ | જુનાગઢ | ડેપો ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. ફર્ટીલાઈઝર ડેપો<br>સેન્ટ્રલ લાઈબ્રેરી પાછળ,<br>વેરાવળ – ૩૬૨ ૨૬૫. ફોન. ૦૨૮૭૬ ૨૪૫૫૬૮ |
| (૧૫) | તલાલા–ગીર | જુનાગઢ | ડેપો ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. ફર્ટીલાઈઝર ડેપો<br>સાસણ રોડ,<br>તલાલા–ગીર – ૩૬૨ ૧૫૦. મો. ૯૪૨૬૭ ૧૦૨૩૮ |
| (૧૬) | માલીયા–હાટીના | જુનાગઢ | ડેપો ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. ફર્ટીલાઈઝર ડેપો (બી)<br>રેલ્વે સ્ટેશન રોડ,<br>માલીયા – હાટીના ૩૬૨ ૨૪૫ |
| (૧૭) | કુતીયાણા | પોરબંદર | ડેપો ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. ફર્ટીલાઈઝર ડેપો<br>કસ્ટમ ચોક, બસ સ્ટેન્ડની બાજુમાં,<br>કુતીયાણા – ૩૬૨ ૬૫૦. ફોન. ૦૨૮૦૪–૨૬૦૬૧૮ |
| (૧૮) | રાજુલા સીટી | અમરેલી | ડેપો ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. ફર્ટીલાઈઝર ડેપો<br>છટાડીયા રોડ,<br>રાજુલા સીટી – ૩૬૫ ૫૬૦. ફોન. ૦૨૭૯૪–૨૨૩૬૦૬ |
| (૧૯) | અમરેલી | અમરેલી | વેરહાઉસ ઈન્ચાર્જ<br>જી.એસ.એફ.સી. ફર્ટીલાઈઝર ડેપો,<br>હરીક્રિષ્ના બીલ્ડીંગ, સુખનાથ રોડ,<br>અમરેલી – ૩૬૫ ૬૦૧. ફોન. ૦૨૭૯૨–૨૨૩૫૬૨ |

# ૬. સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના

(૧) રાજ્યના ખેડુતોના લોકજૂથોની માંગણીઓ તેમજ જરૂરીયાતોને તેમજ નદીઓ પરના મોટા ચેકડમો દ્વારા મળેલ પરિણામો પરથી રાજ્ય સરકારે સરદાર પટેલ સહભાગી જળ સંચય યોજનાના ચોથા તબક્કાનું આયોજન કરેલ છે.

(૨) નદીઓ પર ઔદ્યોગિકગૃહો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા બનાવવામાં આવતાં ચેકડેમો :
સ્થાનિક વોકળા સિવાય મોટી નદીઓ અથવા જળસંપત્તિ વિભાગ દ્વારા આઈડીન્ટીફાઈડ રીવર તરીકે ગણાતી તમામ નદીઓ પરના ઓછામાં ઓછા ૧૦ ચો.કિ.મી મુકત સ્ત્રાવક્ષેત્ર ધરાવતાં ચેકડેમો જેની ઓછામાં ઓછી ઉંચાઈ ૨.૦ મીટર હોય તેવા કોઈપણ કિંમતના ચેકડેમોનો આ પ્રકારના ચેકડેમોમાં સમાવેશ થશે. આ ઉપરાંત સ્થાનિક વોકળા ઉપરના રૂ. ૩ લાખથી વધુ અંદાજિત કિંમત ધરાવતાં પરંતુ રૂા. ૧૫ લાખની મર્યાદામાં અંદાજીત કિંમત હોય તેવા ચેકડેમોનો પણ સમાવેશ આ પ્રકારના ચેકડેમોમાં થશે.

(૩) ખેડૂત લોકજૂથો તથા સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા બનાવવામાં આવતા નાના ચેકડેમો :
ખેડૂત લોકજૂથો રૂા. ૩ લાખની મર્યાદામાં અંદાજિત કિંમત હોય તેવા ચેકડેમો બનાવી શકશે.

(૪) જે ગામમાં અત્યાર સુધીમાં કોઈપણ યોજના હેઠળ કુલ મળીને ૧૦ કરતાં ઓછા ચેકડેમ થયેલ હોય તેવા ગામમાં ચેકડેમના બાંધકામને પ્રાધાન્ય આપવાનું રહેશે. તે જ પ્રમાણે જે વિસ્તારમાં હાલમાં કોઈપણ પ્રકારની વહેણની સિંચાઈની સુવિધા ઉપલબ્ધ ન હોય તેવા વિસ્તારના ચેકડેમોને પણ પ્રાધાન્ય આપવાનું રહેશે.

(૫) સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના
(૮૦% સરકારી ફાળો / ૨૦% લોક ફાળો)
ચેકડેમ બનાવવા આપ શું કરશો ?

- (૧) આપ જે વિસ્તારમાં ચેકડેમ બનાવવા માંગતા હો તે વિસ્તારની સરદાર પટેલ સહભાગી જળસંચય યોજનાની પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરવો.
- (૨) નજીકની પેટા કચેરીમાંથી ચેકડેમ બનાવવા માટેનું નિયત અરજીપત્રક વિનામુલ્યે મેળવવું.
- (૩) અરજીપત્રકમાં જરૂરી વિગતો ભરીને નીચેના જોડાણો સાથે અરજીપત્રક રજુ કરવું.
  - ➢ રૂા. ૫૦૦/– ફિકસ ડીપોઝીટ
  - ➢ અગીયાર લાભાર્થી ખેડુતોનું લોક જુથોના ૭/૧૨
  - ➢ સુચીત ચેકડેમની જગ્યા દર્શાવતો ગામનો નકશો.
  - ➢ રહેઠાણનો આધાર પુરાવો.
- (૪) ઉપરોકત વિગતો સાથે બિડાણ સહિત અરજી પત્રક નજીકની પેટા કચેરીને પરત કરી પહોંચ મેળવી લેવી.
- (૫) આપની અરજી મંજુરી થયે પેટા કચેરી આપને આ બાબતની જાણ કરશે. ત્યારબાદ ચેકડેમના કામનું કબુલાત નામુ રજુ કરવું.
- (૬) પેટા કચેરી આ ચેકડેમના કામનો શરૂ કરવાનો હુકમ (વર્કઓર્ડર) આપશે.
- (૭) ચેકડેમનું કામ પૂર્ણ થયે થયેલા કામ મુજબ સરકારશ્રી દ્વારા ૮૦ ટકા રકમનું ચુકવણુ કરવામાં આવશે.

નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ગાંધીનગર

# સંપર્ક કચેરીઓની માહિતી

| અ.નં. | તાલુકો | સ.પ.સ.જ.સં.વર્તુળ, રાજકોટ હેઠળના પેટા વિભાગના મુખ્ય મથકો | રાજકોટ સિંચાઈ યોજના વર્તુળ, રાજકોટ હેઠળ ૮૦:૨૦ યોજના અંતર્ગત ચેકડેમના કામો માટે સૂચિત વિભાગ / પે. વિભાગ |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| જામનગર જિલ્લો | | | ઉંડ સિંચાઈ વિભાગ, જામનગર. ફોન. (૦૨૮૮) ૨૬૭૦૦૦૪, ૨૫૫૩૩૨૫ |
| ૧ | ધ્રોળ | ધ્રોળ | સિંચાઈ યો.પે.વિ./૧, ધ્રોળ (યોજના બાંધકામ વિભાગ – ૧, રાજકોટ.) ફોન. (૦૨૮૯૭) ૨૨૨૦૦૩ |
| ૨. | જોડીયા | ધ્રોળ | સિંચાઈ યો.પે.વિ./૧, ધ્રોળ (યોજના બાંધકામ વિભાગ – ૧, રાજકોટ.) ફોન. (૦૨૮૯૭) ૨૨૨૦૦૩ |
| ૩. | જામનગર | જામનગર | સિંચાઈ યો. પે. વિ. ૬/૨, જામનગર (ઉંડ નહેર વિભાગ, જામનગર) ફોન. (૦૨૮૮) ૨૬૭૦૨૨૭ |
| ૪. | લાલપુર | જામનગર | સિંચાઈ યો. પે. વિ. ૬/૨, જામનગર (ઉંડ નહેર વિભાગ, જામનગર) ફોન. (૦૨૮૮) ૨૬૭૦૨૨૭ |
| ૫. | ભાણવડ | જામજોધપુર | વર્તુ–૨ મુ. કા. પે.વિ., ભાણવડ (ઉંડ સિંચાઈ વિભાગ, જામનગર) ફોન. (૦૨૮૯૬) ૨૩૨૨૫૬ |
| ૬. | કલ્યાણપુર | ખંભાળીયા | વર્તુ–૨, મુ. કા. પે. વિ., ભાણવડ (ઉંડ સિંચાઈ વિભાગ, જામનગર.) ફોન. (૦૨૮૯૬) ૨૩૨૨૫૬ |
| ૮. | જામખંભાળીયા | ખંભાળીયા | સિ. યો. પે. વિ. – ૫/૧ જામનગર (ઉંડ સિંચાઈ વિ. જામનગર.) ફોન. (૦૨૮૮) ૨૫૬૭૦૮૦ |
| ૯. | દ્વારકા | ખંભાળીયા | સિ. યો. પે. વિ. – ૫/૧ જામનગર (ઉંડ સિંચાઈ વિ. જામનગર.) ફોન. (૦૨૮૮) ૨૫૬૭૦૮૦ |
| રાજકોટ જિલ્લો | | | રાજકોટ સિંચાઈ યોજના વિભાગ, ૨/૬ બહુમાળી ભવન, રાજકોટ. ફોન. (૦૨૮૧) ૨૪૭૩૫૭૦ |
| ૧. | મોરબી | મોરબી | બાંધકામ પે. વિ. ૩/૨, નવા બસ સ્ટેશન સામે, મોરબી . (યો. બાં. વિ. ૩) રાજકોટ. ફોન. (૦૨૮૨૨) ૨૨૨૭૪૩ |
| ૨. | માળીયા – મીયાંણાં | મોરબી | બાંધકામ પે. વિ. ૩/૨, નવા બસ સ્ટેશન સામે, મોરબી . (યો. બો. વિ. ૩) રાજકોટ. ફોન. (૦૨૮૨૨) ૨૨૨૭૪૩ |
| જૂનાગઢ જિલ્લો | | | જુનાગઢ સિંચાઈ યોજના વિભાગ, ૨/૩ બહુમાળી ભવન, જુનાગઢ. ફોન. (૦૨૮૫) ૨૬૩૧૫૯૭ |
| ૧. | માંગરોળ | કેશોદ | સિં.યો.પે.વિ. નં. ૭/૧, જુનાગઢ. (જુનાગઢ સિંચાઈ યોજના વિભાગ, જુનાગઢ.) ફોન. (૦૨૮૫) ૨૬૩૦૨૨૭ |
| ૨. | વેરાવળ | કેશોદ | સિં.યો.પે.વિ. નં. ૭/૧, જુનાગઢ. (જુનાગઢ સિંચાઈ યોજના વિભાગ, જુનાગઢ.) ફોન. (૦૨૮૫) ૨૬૩૦૨૨૭ |
| ૩. | માળીયા હાટીના | કેશોદ | સિં.યો.પે.વિ. નં. ૭/૧, જુનાગઢ. (જુનાગઢ સિંચાઈ યોજના વિભાગ, જુનાગઢ.) ફોન. (૦૨૮૫) ૨૬૩૦૨૨૭ |
| ૪. | કોડીનાર | કોડીનાર | ક્ષાર.અં.પે.વિ. ઉના (ક્ષાર અંકુશ વિભાગ, ભાવનગર ) ફોન. (૦૨૭૮) ૨૪૩૧૨૧૨ |
| ૫. | તલાલા | કોડીનાર | ક્ષાર.અં.પે.વિ. ઉના (ક્ષાર અંકુશ વિભાગ, ભાવનગર ) ફોન. (૦૨૭૮) ૨૪૩૧૨૧૨ |

| | | | |
|---|---|---|---|
| ૬. | ઉના | કોડીનાર | ક્ષાર.અં.પે.વિ. ઉના (ક્ષાર અંકુશ વિભાગ, ભાવનગર )<br>ફોન. (૦૨૭૮) ૨૪૩૧૨૧૨ |
| ૭. | સુત્રાપાડા | કોડીનાર | ક્ષાર.અં.પે.વિ. ઉના (ક્ષાર અંકુશ વિભાગ, ભાવનગર )<br>ફોન. (૦૨૭૮) ૨૪૩૧૨૧૨ |
| **ભાવનગર જિલ્લો** | | | ભાવનગર સિંચાઈ યોજના વિભાગ, ભાવનગર |
| ૧. | ભાવનગર | ભાવનગર | ભા.સિ.યો.પે.વિ. નં. ૩ (ભા.સિં.યો.વિ. ભાવનગર) |
| ૨. | ઘોઘા | ભાવનગર | ભા.સિ.યો.પે.વિ. નં. ૩ (ભા.સિં.યો.વિ. ભાવનગર) |
| ૩. | મહુવા | મહુવા | ક્ષા. અંકુશ. પે. વિ. તળાજા (ક્ષા.અં.વિભાગ, ભાવનગર)<br>ફોન. (૦૨૮૪૪) ૨૨૨૨૪૯ |
| ૪. | તળાજા | મહુવા | ક્ષા. અંકુશ. પે. વિ. તળાજા (ક્ષા.અં.વિભાગ, ભાવનગર)<br>ફોન. (૦૨૮૪૪) ૨૨૨૨૪૯ |
| **અમરેલી જિલ્લો** | | | અમરેલી સિંચાઈ વિભાગ, અમરેલી |
| ૧. | રાજુલા | રાજુલા | ઘાતરવાડી ર. મુ. કા. પે. વિ. રાજુલા<br>(અમરેલી સિંચાઈ વિભાગ અમરેલી) |
| ૨. | જાફરાબાદ | રાજુલા | ઘાતરવાડી ર. મુ. કા. પે. વિ. રાજુલા<br>(અમરેલી સિંચાઈ વિભાગ અમરેલી) |
| **પોરબંદર જિલ્લો** | | | પોરબંદર સિંચાઈ વિભાગ, પોરબંદર<br>ફોન. (૦૨૮૬) ૨૨૫૩૮૯૭ |
| ૧. | પોરબંદર | પોરબંદર | સિ.યો.પે.વિ. ઉપલેટા.<br>(પોરબંદર સિંચાઈ વિભાગ, પોરબંદર)<br>ફોન. (૦૨૮૨૬) ૨૨૦૨૯૮ |
| ૨. | રાણાવાવ | પોરબંદર | સિ.યો.પે.વિ. ઉપલેટા.<br>(પોરબંદર સિંચાઈ વિભાગ, પોરબંદર)<br>ફોન. (૦૨૮૨૬) ૨૨૦૨૯૮ |
| ૩. | કુતીયાણા | પોરબંદર | સિ.યો.પે.વિ. ઉપલેટા.<br>(પોરબંદર સિંચાઈ વિભાગ, પોરબંદર)<br>ફોન. (૦૨૮૨૬) ૨૨૦૨૯૮ |

# ૭. ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી. હસ્તક રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ

રાજ્યમાં જમીન અને જળ સંરક્ષણ કામગીરી રાજ્ય સરકારના ખેતીવાડી ખાતા દ્વારા વર્ષો સુધી ચલાવવામાં આવતી હતી. પરંતુ આ કામગીરીની અગત્યતા, રાજ્યના વિકાસમાં તેનો ફાળો, ખેડૂત ઉપયોગિતા તથા કામમાં ફાયદા તથા ઝડપ લાવવા વિગેરે મુદ્દાઓને ધ્યાને લઈને રાજ્ય સરકારે પુખ્ત વિચારણાના અંતે અલગ સંસ્થા ઉભી કરવાનો નિર્ણય લીધો હતો. તેના અનુસંધાને ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ લી.ની સ્થાપના માર્ચ – ૧૯૭૮ માં કરવામાં આવી હતી. શરૂમાં કોતર સુધારણા યોજનાની કામગીરી સોંપાયા બાદ રાજ્યભરમાં જળસ્ત્રાવ ધોરણે એકસૂત્રી કામગીરી કરવાના આશયથી અને ૧૯૮૨ થી કમાન્ડ વિસ્તાર સિવાયની સમગ્ર વિસ્તારની કામગીરી નિગમને સોંપવામાં આવી છે.

**નિગમના ઉદ્દેશો :**

- વરસાદ આધારિત (સૂકી) ખેતીનો વિકાસ
- જમીન સંરક્ષણની વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા પાણી / પવનથી થતું ધોવાણ અટકાવવાનું.
- વરસાદી પાણીનો ભૂગર્ભમાં તથા જમીન પર સંગ્રહ કરવો.
- વનીકરણ, બાગાયત વિકાસ, ગૌચર સુધારણા જેવી આનુસંગિક પ્રવૃત્તિઓ દ્વારા આવક વધારવી તથા જમીન સંરક્ષણ કરવું.
- સિંચાઈના જળાશયોને કાંપથી પુરાતા અટકાવી તેનું ઉપયોગી આયુષ્ય જાળવવું તથા પાણી સંગ્રહ કરવાની ક્ષમતામાં વધારો કરવો.
- ક્ષારની અસરવાળી જમીનને લાંબા સમય સુધી ખેત ઉત્પાદક બનાવવી.
- પડતર અને કોતરવાળી જમીન સુધારી, ઉત્પાદન મેળવવા યોગ્ય કરવી.
- ગ્રામ્ય મજૂરોને તેમના રહેઠાણ નજીક રોજગારી પૂરી પાડવી.
- કુદરતી આપત્તિઓમાં આકસ્મિક રાહતની કામગીરી.
- જમીન સંરક્ષણ અને જળ સંચય પ્રત્યે લોક જાગૃતિ કેળવવી.
- લોકભાગીદારીના અભિગમનો વ્યાપ વધારવો.
- પર્યાવરણની સમતુલા જાળવવી.
- ઉપરના ઉદ્દેશોને સાર્થક કરવા માટે રાજ્ય સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે.

**(૧) બિન આદિજાતિના વિસ્તારો માટે વોટરશેડ કાર્યક્રમ :**

- બિન આદિજાતિ વિસ્તારના તમામ જિલ્લાઓ માટે
- વોરટશેડના તમામ ખાતેદારો માટે
- ૫૦% સહાય – ૩૦% લોન, ૨૦% લોક ભાગીદારી રોકડમાં.
- કંટુરબંડીગ, લેન્ડ લેવલીંગ, લેન્ડ શેપીંગ, ટેરેસીંગ, નાલાપ્લગીંગ, ગૌચર સુધારણા, વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર તથા અન્ય

**(૨) અનુસુચિત જાતિના ખાતેદારો માટે વોટરશેડ કાર્યક્રમ : (ખાસ અંગભૂત યોજના)**

- તમામ જિલ્લાઓ માટે અનુ. જાતિના ખાતેદારો માટે
- ૫૦% લોન – ૫૦% સહાય.
- કંટુરબંડીગ, લેન્ડ લેવલીંગ, લેન્ડ શેપીંગ, ટેરેસીંગ, નાલાપ્લગીંગ, ગૌચર સુધારણા, વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર, તથા અન્ય.

**(૩) આદિજાતિના ખાતેદારો માટે વોટરશેડ કાર્યક્રમ :**

- તમામ જિલ્લાઓના આદિવાસી વિસ્તાર
- ૭૫% સહાય – ૨૫% લોન.
- કંટુરબંડીગ, ટેરેસીંગ, નાલાપ્લગીંગ, લેન્ડ શેપીંગ, લેન્ડ લેવલીંગ, વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રકચર, ગૌચર સુધારણા તથા અન્ય.

**૪) જળ સંગ્રાહક સ્ટ્રકચર :**

- રાજ્યના તમામ જિલ્લાઓ.
- ૮૦% સહાય – ૨૦% લોક ભાગીદારી રોકડમાં / શ્રમદાન તરીકે.
- તમામ ખાતેદારો માટે

**(૫) ગામતળાવ ઉંડા કરવા :**

- સૌરાષ્ટ્રનાં તમામ જીલ્લા.
- ૯૦% સહાય ૧૦% લોક ફાળો.

## ઉપરોકત યોજનાઓનો લાભ મેળવવા માટે સંપર્ક કચેરીઓની માહિતી

| ક્રમ | તાલુકો | જીલ્લો | સંપર્ક કચેરીની માહિતી | સંપર્ક નંબર |
|---|---|---|---|---|
| | | તમામ જીલ્લાની વિભાગિય કચેરી | વિભાગીય કચેરી<br>શ્રી નાયબ નિયામક (જમીન સંરક્ષણ)<br>ગુ.રા.જ.વિ.નિગમ લી.<br>શ્રી વી. એચ. પટેલ<br>કલેકટર કચેરીની અંદર, રાજકોટ. | ફોન.(૦૨૮૧) ૪૭૨૩૯૧ |
| (૧) | જુનાગઢ | જુનાગઢ | શ્રી મ.નિ. (જ.સ.) ગુ.રા.જ.વિ.નિ.લી., પેટા વિભાગ કચેરી<br>શ્રી સી.આઈ. પટેલ.<br>સરદારબાગ જુનાગઢ. | ફોન. (૦૨૮૫) ૨૬૩૦૪૪૭ |
| | જુનાગઢ, વંથલી, ભેંસાણ,<br>વિસાવદર માણાવદર | | ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ), ચાર્જ કચેરી<br>સરદાર બાગ જુનાગઢ. | |
| | કેશોદ, માળિયા, માંગરોળ,<br>મેંદરડા, વેરાવળ | | ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ),<br>કેશોદ. પી. ડબલ્યુ. ડી. કમ્પાઉન્ડ | |
| | ઉના, સૂત્રાપાડા, કોડીનાર, તલાજા | | ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ), ચા.ક.<br>કોડીનાર રોડ, ઉના. | |
| (૨) | પોરબંદર, રાણાવાવ, કુતિયાણા | પોરબંદર | ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ), ચા.ક.<br>ચારણનાં ડેલા પાસે, છાયા પ્લોટ,<br>સત્યનારાયણ મંદિરની સામે ગલી, પોરબંદર | |
| (૩) | તાલુકા / જીલ્લા મથક | અમરેલી | શ્રી મ.નિ. (જ.સ.) ગુ.રા.જ.વિ.નિ.લી.<br>પેટા વિભાગ કચેરી<br>શ્રી એ.જી. આમરોલીયા<br>એ/૩૧૧, બહુમાળી ભવન, અમરેલી. | ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૧૪૩ |
| | અમરેલી,<br>લાઠી, બાબરા | | ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ), ચા.ક.<br>હવેલી રોડ, ભાવના ચશ્મા ઘરનાં ખાંચામાં, અમરેલી. | |
| | ધારી, બગસરા,<br>કૂંકાવાવ | | ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ), ચા.ક.<br>ધારી સૂર્ય નિવાસ સ્ટેશન રોડ, ધારી. | |
| | સાવરકુંડલા,<br>ખાંભા, લીલિયા | | ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ), ચા.ક.<br>દરબાગર ગઢ, સાવરકુંડલા | |
| | રાજુલા,<br>જાફરાબાદ | | ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ), ચા.ક.<br>રાજુલા, ખાદી ભંડારનાં મેડા ઉપર, રાજુલા | |
| (૪) | ભાવનગર | ભાવનગર | શ્રી મ.નિ. (જ.સ.) ગુ.રા.જ.વિ.નિ.લી.<br>પેટા વિભાગ કચેરી<br>શ્રી આર. એચ. સિકરવાર,<br>કમલ બીલ્ડીંગ, ડીન ચોક, ભાવનગર. | ફોન. (૦૨૭૮) ૨૨૧૦૩૧૫ |
| | ભાવનગર<br>ઘોઘા શિહોર | | ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ), ચા.ક.<br>દાણા પીઠ, ભાવનગર. | |
| | પાલીતાણા<br>ગારિયાધાર | | ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ), ચા.ક.<br>બહારપરા હાઉસીંગ બોર્ડની બાજુમાં, | |

| | | | | |
|---|---|---|---|---|
| | મહુવા<br>તળાજા<br><br><br>ગઢડા, બોટાદ ઉમરાળા<br>વલ્લભીપુર | | સુખસાગર સોસાયટી, પાલીતાણા.<br>ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ), ચા.ક.<br>વૃંદાવન પાર્ક, કોલેજ પાસે,<br>માળીભાઈના મકાન પાસે, મહુવા<br><br>ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ), ચા.ક.<br>રામજી મંદિર પાસે. ગઢડા | |
| (૫) | રાજકોટ<br><br><br><br><br>મોરબી<br>માળિયા(મી)<br>ટંકારા, વાંકાનેર<br><br>જસદણ<br>ગોંડલ<br>કોટડાસાંગાણી<br><br>રાજકોટ<br>પડધરી<br>લોધિકા<br><br>ધોરાજી, ઉપલેટા,<br>જામકંડોરણા<br>જેતપુર | રાજકોટ | શ્રી મ.નિ. (જ.સ.) ગુ.રા.જ.વિ.નિ.લી.<br>પેટા વિભાગ કચેરી<br>શ્રી આર. આર. દુબે<br>મેમણ બોર્ડીંગ સર્કિટ આફિસ સામે, રાજકોટ.<br><br>ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ),<br>સામે કાંઠે તાલીમ કેન્દ્ર, શોભેશ્વર રોડ,<br>મોરબી.<br><br>ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ),<br>ચાર્જ કચેરી<br>જસદણ મોસુકા રોડ, મણીનગર લાખિ પ્લોટ, જસદણ.<br><br>ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ),<br>ચાર્જ કચેરી<br>મેમણ બોર્ડીંગ, રાજકોટ.<br><br>ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ), ચા.ક.<br>રેલ્વે સ્ટેશનની બાજુમાં, ઠાકરશી ભવનનાં મકાનમાં, પાણી ટાંકા પાસે, ધોરાજી. | ફોન. (૦૨૮૧)<br>૨૪૪૦૯૪૦ |
| (૬) | જામનગર<br><br><br><br><br>ધ્રોલ, જોડીયા, જામનગર<br>કાલાવડ<br><br>લાલપૂર<br>જામજોધપૂર<br><br>દ્વારકા<br>કલ્યાણપૂર<br><br>જામખંભાળીયા<br>ભાણવડ | જામનગર | શ્રી મ.નિ. (જ.સ.) ગુ.રા.જ.વિ.નિ.લી.<br>પેટા વિભાગ કચેરી<br>શ્રી એમ. યુ. જાખણિયા<br>સુભાસ માર્કેટ પાસે, લાલા મેન્શન રણજીત રોડ, જામનગર.<br><br>ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ), ચા.ક. ધ્રોલ<br><br><br>ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ), ચા.ક. જૈન દેરાસરની બાજુમાં, લાલપૂર<br><br>ફિલ્ડ સુપરવાઈઝર, (જમીન સંરક્ષણ), ચા.ક. ભધાણ ચોક, દ્વારકા.<br><br>ફિલ્ડ સુપરવાઈઝર (જમીન સંરક્ષણ), ચા.ક. જામખંભાળીયા | ફોન. (૦૨૮૮)<br>૨૬૭૦૦૨૬ |

# ૮. વોટર એન્ડ સેનિટેશન મેનેજમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા સંચાલિત સ્વજલધારા યોજના

**(૧)** ગામ / તાલુકા કક્ષાએ પંચાયતી રાજની સંસ્થાઓ અથવા વપરાશકાર / જૂથો આગળ આવે અને સેકટર રીફોર્મ અંગેના નિયમોનું પાલન કરવા સહમત થાય તો તે વિસ્તારોમાં તેઓ પાણી પુરવઠા યોજનાઓ હાથ ઉપર લઈ શકે. દેશઆખામાં પાણી ક્ષેત્રે સુધારાઓ માટેની અપેક્ષાઓ અને જરૂરિયાતો વિસ્તૃત થવાના કારણે સેકટર રીફોર્મ પ્રોજેકટમાં પ્રગતિ થઈ છે. અને તા. ૨૫/૧૨/૨૦૦૨ થી સ્વજલધારા તરીકે કાર્યાન્વિત થયો છે.

**(૨) સિધ્ધાંતો :**

૨.૧ સ્વજલધારાના કેટલાક પાયાના સુધારા માટેના સિધ્ધાંતો છે કે જેને રાજ્ય સરકારો અને અમલીકરણ કરતી એજન્સીઓએ અપનાવવા / માનવા જરૂરી છે. આ સિધ્ધાંતો નીચે પ્રમાણે છે.

(૧) માંગ પ્રતિયોગી સુયોગ્ય અભિગમ સાથે પેયજળ યોજનામાં લોકોની પસંદગી મુજબ આયોજન, આલેખન, અમલીકરણ, નાણાકીય અને વહીવટી વ્યવસ્થા ઉપર નિયંત્રણ દ્વારા ગામલોકોની અધિકારો આધારિત સામુહિક ભાગીદારીનો સ્વીકાર,

(૨) પંચાયતની યોગ્ય કક્ષાએ પેયજળ અસ્કયામતો ઉપર સંપૂર્ણ માલિકી,

(૩) પંચાયત / લોકોને પાણી પુરવઠા અને સ્વચ્છતાની બધી યોજનાઓના આયોજન, અમલ, સંચાલન, જાળવણી માટે સત્તા.

(૪) મૂળ કિંમતમાં ભાગે પડતી નાણાકીય અથવા માલસામાન કે મંજૂરી રૂપે અથવા બંને પ્રકારે ભાગીદારી, સંચાલન અને જાળવણીમાં ઉપયોગ કરનારાઓની ૧૦૦ ટકા જવાબદારી.

(૫) સંકલિત સેવા વિતરણ વ્યવસ્થા,

(૬) અવિરત પેયજળ પુરવઠો જળવાઈ રહે તે માટે વરસાદી પાણીનો સંગ્રહ અને ભૂગર્ભ જળનું પ્રમાણ વધારવાના ઉપાયો અને

(૭) સરકારની ભૂમિકા સીધી સેવા પૂરી પાડનારાના બદલે આયોજન, નીતિનું ઘડતર, દેખરેખ અને સમીક્ષા તથા આંશિક નાણાકીય સહાયતામાં બદલવી.

૨.૨ સ્વજલધારાના બે પ્રવાહો છે. પ્રથમ પ્રવાહ (સ્વજલધારા – ૧) કે જે ગ્રામ પંચાયત અથવા ગ્રામ પંચાયતોના જૂથ અથવા તાલુકા પંચાયત માટે અને બીજા પ્રવાહો (સ્વજલધારા – ૨) કે જેમાં યોજના વિસ્તાર તરીકે જિલ્લો રહેશે.

## સ્વજલધારા – ૧

૨.૩ "સ્વજલધારા–૨" યોજનાના જિલ્લાઓની બહારના જિલ્લામાં રાજ્ય સરકાર ગ્રામ / તાલુકા પંચાયતમાં "સ્વજલધારા" અમલમાં લાવી શકશે. આવા મામલાઓમાં પાયાના સુધારા અંગેના બધા જ સિધ્ધાંતોને તે વિસ્તારમાં અનુસરવાના રહેશે. આ રીતે સ્વજલધારા–૧ હેઠળ પ્રારંભિક સુધારાઓ માટે ગ્રામ પંચાયત સૌથી નીચેનું એકમ રહેશે. ગ્રામ પંચાયતના જૂથ અથવા તાલુકા પંચાયત પણ યોજનાની દરખાસ્તો રજૂ કરી શકશે. પ્રાથમિક રીતે સ્વજલધારા–૧ ગ્રામ પંચાયત માટે હોઈ તેની પેયજળ યોજના સામાન્ય રીતે નાની હશે. જૂથ ગ્રામ પંચાયતોની યોજનાઓ કે જે પ્રતિબંધિત નથી તેમાં મૂડી ખર્ચમાં ભાગીદારી અને સંચાલન તેમ જ જાળવણી વ્યવસ્થા અને મૂડી એકત્રીકરણ માટે ખાસ અને ચોક્કસ પદ્ધતિ જરૂરી બનશે.

૨.૪ સ્વજલધારા–૧ હેઠળની ચોક્કસ દરખાસ્તો જો યોજના સ્વજલધારાની માર્ગદર્શિકા અનુસાર હશે તો જિલ્લા પાણી અને સ્વચ્છતા સમિતિ મંજૂર કરશે.

૨.૫ જો કોઈ એક જિલ્લામાં ૫૦ ટકા કરતાં વધારે તાલુકા / ગ્રામ પંચાયતો સ્વજલધારા – ૧ હેઠળ ગ્રામ પાણી પુરવઠા યોજના માટે માંગણી કરશે તો રાજ્ય સરકાર રાજ્ય પાણી અને સ્વચ્છતા મિશન પાસે પ્રસ્તાવ મુકીને સમગ્ર જિલ્લાને સ્વજલધારા–૨માં લઈ જવા વિચારણા કરશે.

## સ્વજલધારા–૨

૨.૬ સ્વજલધારા–૨ હેઠળ સુધારાઓનો પ્રારંભ કરવા માટે જિલ્લા એકમ રહેશે. સ્વજલધારા સફળ થવાની શકયતાઓ કયા જિલ્લાઓમાં રહેલી છે તે રાજ્ય સરકાર નક્કી કરશે અને સ્વજલધારા–૨ ના અમલીકરણ માટે દરખાસ્તો તૈયાર કરશે. આવી માંગણીઓ સાથે યોજનાના અમલીકરણ અંગે આયોજન, વિગતવાર યોજના અહેવાલ અને યોજનાની દરખાસ્ત હોવી જોઈશે. દરેક રાજ્ય / કેન્દ્ર શાસિત વિસ્તારમાં સ્વજલધારા–૨ હેઠળ જિલ્લાની પસંદગી રાજ્ય પાણી અને સ્વચ્છતા મિશન કરશે.

**(૩) લોકફાળો**

૩.૧ દરરોજ માથાદીઠ ૪૦ લીટર પેયજળ માટે ઓછામાં ઓછો લોકફાળો યોજનાની અંદાજિત મૂડી કિંમતના ૧૦ ટકા રહેશે અને ભારત સરકાર મૂડી કિંમતના ૯૦ ટકાની મર્યાદામાં નાણાકીય સહાય આપશે.

૩.૨ ૪૦ લીટર પેયજળની સગવડોથી રાજ્યના બધા જ વસવાટોને આવરી લેવાયા બાદ લોકો ૨૦ ટકા મૂડી કિંમત ભોગવે તે રીતે પાણી પુરવઠો માથાદીઠ ૫૫ લીટર સુધી કરી શકાશે. આવા રાજ્યોમાં પાણી પુરવઠા યોજનાઓ માટે માથાદીઠ ૫૫ લીટર કરતાં વધારે પુરવઠો પુરો પાડશે તો વધારાની કિંમત ગ્રામ પંચાયત / સમાજ / પંચાયતી રાજ સંસ્થાઓ / રાજ્ય સરકારે ભોગવવી પડશે અને ૫૫ લીટરની યોજનાની અંદાજિત કિંમત પૂરતા મર્યાદિત ખર્ચના ફકત ૮૦ ટકા સુધીનો ફાળો ભારત સરકારનો રહેશે.

૩.૩ યોજનાની મૂડી કિંમત પેટે લોકફાળો રોકડ / મજૂરી / જમીન કે આ બધાના એક સંયુકત રૂપમાં હોઈ શકે પણ ૫૦ ટકા લોકફાળો રોકડમાં જ હોવો જોઈએ. જો લોકફાળાની રકમ યોજનાની કિંમતના ૧૦ ટકા કરતાં વધારે હશે તો વધારાની રકમ સંચાલન અને જાળવણી ભંડોળ તરીકે રખાશે.

૩.૪ સમાજ આધારિત સંસ્થાઓ જેવી કે યુવક મંડળો, સ્વ–સહાય જૂથો, સ્થાનિક સંસ્થાઓ અને ગ્રામ પંચાયત તરફથી આવેલ ફાળો, લોકફાળા ઉપરાંતનો રહેશે અને તેનો લોકફાળાના ભાગ તરીકે સમાવેશ થશે નહીં. વધુમાં સંસદ સભ્ય અથવા ધારાસભ્ય તરફથી ફાળો કે સરકારી કાર્યક્રમો છે તેમાંથી આ માટે કોઈ ફાળો આપી શકાશે નહીં.

**સંચાલન જાળવણી અને વ્યવસ્થાપન**

૩.૫ પાણી પુરવઠા યોજનાના સંચાલન, જાળવણી અને વ્યવસ્થા સંબંધિત ખર્ચ સમાજ / ઉપયોગ કરનારાનું જૂથ / ગ્રામ પાણી પુરવઠા અને સ્વચ્છતા સમિતિ / પંચાયતી રાજ સંસ્થાએ સંપૂર્ણપણે ભોગવવાનો રહેશે. આવર્તક ખર્ચ જેવો કે સંચાલકોનો પગાર, વીજળી ખર્ચ અને વખતોવખત થનાર મરામત અને નવીનીકરણ ખર્ચનો તેમા સમાવેશ થશે.

**(૪) સંસ્થાકીય માળખું :**

યોજના માટે રાજ્ય સરાર સમન્વય સંસ્થાના રૂપમાં કામ કરશે. પંચાયતી રાજ સંસ્થાઓ અમલીકરણ કરતી એજન્સીઓ થશે. મુખ્ય સચિવ / મુખ્ય સવિચના દરજ્જાના અધિકારીના અધ્યક્ષપણા હેઠળ રાજ્ય પાણી અને સ્વચ્છતા મંડળ હોવું જરૂરી છે. જિલ્લા કક્ષાએ જિલ્લા પાણી સ્વચ્છતા મંડળે કરવાની બધી જ કામગીરી જિલ્લા પંચાયત / જિલ્લા પરિષદે કરવી જોઈએ. રાજ્ય પાણી અને સ્વચ્છતા મંડળ નોંધાયેલ સંસ્થા હોવી જોઈએ. રાજ્ય સરકારે સ્વજલધારા અને સંપુર્ણ સ્વચ્છતા ઝુંબેશ (ટી.એસ.સી.)ના સંકલિત અમલીકરણ માટે રાજ્ય મંડળને સંચાલન (અમલ) માટે જરૂરી મોકળાશ પુરી પાડવી જોઈએ. ગ્રામ કક્ષાએ ગ્રામ પંચાયત / ગ્રામ્ય પાણી અને સ્વચ્છતા સમિતિ અમલીકરણ એજન્સી રહેશે.

**(૫) યોજનાચક્ર :**

યોજના તૈયાર કરતી વખતે યોજનાના અમલીકરણનો વિગતવાર કાર્યક્રમ તૈયાર કરવો. સ્વજલધારા હેઠળની યોજનાઓએ જુદા જુદા ચાર તબક્કે અને યોજના પૂર્ણ થયા પછીના તબક્કે એમ ૩૬ મહિનાની બનેલી યોજનાને અનુસરવું પડશે. મોટે ભાગે જ્યારે એક જ ગ્રામ પંચાયતમાં સ્વજલધારા–૧ હેઠળ નાની યોજનાઓ હાથ ધરવાની હોય ત્યારે યોજના પ્રક્રિયો સમયાગાળો ૧૨ થી ૧૮માસ સુધીનો રહેશે. તેમ છતાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે દર્શાવેલ સમય સૂચક છે અને કેટલાક કિસ્સાઓમાં યોજનાઓ લાંબી મુદતની પણ હોઈ શકે.

**(૬) આ યોજના પાંચ તબક્કામાં વહેંચાયેલી છે :**

(૧) પ્રારંભિક તબક્કો

(૨) જાગૃતિકરણ અને પસંદગીનો તબક્કો.

(૩) તાલીમ

(૪) આયોજન પધ્ધતિ અને

(૫) અમલીકરણ અને શરૂઆત

**(૭) બિન સરકારી સંગઠનો (સ્વૈચ્છિક સંસ્થાઓ)ની ભાગદારી :**

સામાજિક જાગૃતિ, પ્રચાર–પ્રસાર અને ક્ષમતા વિકાસ, સહભાગી ગ્રામ મૂલ્યાંકન (પી.આર.એ.), સહભાગી શિક્ષણ અને સરકારી સંગઠનોની સેવાઓ ઉપયોગમાં લઈ શકાશે. તેમ છતાં યોગ્ય અને પારદર્શક પસંદગી પદ્ધતિ અપનાવવાની રહેશે. બિન સરકારી સંગઠનોની સેવાઓ લેતાં પહેલાં તેમને પેયજળ અને સ્વચ્છતા સેકટર રીફોર્મના સિધ્ધાંતો બાબતે યોગ્ય રીતે માહિતગાર કરી અને તાલીમ આપવી પડશે.

**(૮) મહિલાઓની ભાગદારી :**

ગામડાઓમાં પીવાના પાણી ભરવાની કામગીરી મુખ્યત્વે મહિલાઓ દ્વારા કરવામાં આવે છે તેથી તેમને પાણી પુરવઠા યોજનાઓના આયોજન, ટેકનોલોજીની પસંદગી, પાણીનાં સ્થળો, અમલીકરણ , સંચાલન અને જાળવણીમાં સક્રિય રીતે સાંકળવી જોઈએ. આ માટે ગ્રામ પાણી અને સ્વચ્છતા સમિતિમાં ઓછામાં ઓછા ૧/૩ સભ્યો મહિલાઓ હોવી જોઈશે. હેન્ડપંપની મરામત વગેરે તાલીમમાં પણ તેમને અગ્રતા મળવી જોઈએ. ગામડાઓમાં ફકત મહિલાઓના જ બનેલા વપરાશકાર જૂથની રચનાને વધારે ઉત્તેજન આપવું જોઈએ.

**(૯) ટેકનોલોજીના વિકલ્પ :**

લોકો સ્વકીરી શકે, તેમને પરવડી શકે અને તેઓ વાપરવા શકિતમાન હોય તેવી અનુકૂળ ટેકનોલોજી કોઈપણ ગામ માટે પસંદ કરવી જોઈએ.

**(૧૦) જિલ્લા સમિતિના અધ્યક્ષ અને સભ્ય સચિવની વિગત**

| અનું. નં | જિલ્લાનું નામ | જિલ્લા કલેકટર અને અધ્યક્ષશ્રી ડીડીબલ્યુએસસી સરનામું / ફોનનંબર / ઈ–મેઈલ | સભ્ય સચિવ ડીડીબલ્યુએસસી સરનામું / ફોન નંબર / ઈ–મેઈલ |
|---|---|---|---|
| ૧ | ભાવનગર | કલેકટરશ્રીની કચેરી, ભાવનગર<br>ફોન. નં. ૨૪૨૮૮૨૨ ફેકસ : ૨૪૨૭૯૪૧ | કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ નં. ૧, ગુ.પા.પુ.ગ.વ્ય.બોર્ડ, પાનવાડી કેમ્પસ ભાવનગર.<br>ફોન. ૨૪૨૬૪૩૯ ફેકસ ૨૫૨૦૪૧૮<br>ઈમેઈલ : eephd1bvn@sancharnet.in |
| ૨. | જૂનાગઢ | કલેકટરશ્રીની કચેરી, જુનાગઢ.<br>ફોન. નં. ૨૬૫૦૨૦૨ ફેકસ : ૨૬૫૧૩૩૨<br>ઈ મેઈલ : coljunag@guj.nic.in | કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ નં. ૧, ગુ.પા.પુ.ગ.વ્ય.બોર્ડ, જલભવન, બીજો માળે, જુનાગઢ.<br>ફોન. ૨૬૫૦૭૦૧ ફેકસ ૨૬૨૮૭૨૫<br>ઈમેઈલ : dnlphw_al@sancharnet.in |
| ૩. | જામનગર | કલેકટર ઓફીસ, જામનગર.<br>ફોન. નં. ૨૫૫૫૮૬૯ ફેકસ : ૨૫૫૮૯૯<br>ઈ મેઈલ : coljamna @guj.nic.in | કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ નં. ૧, બીજે માળ, એસ.પી.મહેતા માર્કેટ, જામનગર–૩૬૧ ૦૦૧<br>ફોન. ૨૫૫૪૨૨૫ ફેકસ ૨૫૫૫૧૪૬<br>ઈમેઈલ : wd@jam1.satyam.net.in |
| ૪. | પોરબંદર | કલેકટર ઓફીસ, પોરબંદર<br>ફોન. નં. ૨૨૪૨૮૦૦ ફેકસ : ૨૨૪૨૫૨૭<br>ઈ મેઈલ : colporba@guj.nic.in | કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, લો કોલેજની નજીક, જલભવન, પોરબંદર.<br>ફોન. ૨૨૪૨૫૦૮ ફેકસ ૨૨૪૭૫૦૬<br>ઈમેઈલ : wdpbr_ad1@sancharnet.in |
| ૫. | અમેરલી | કલેકટર ઓફીસ, અમરેલી<br>ફોન નં. ૨૨૨૩૦૭ ફેકસ : ૨૨૨૭૧૦<br>ઈ મેઈલ : colamrel@guj.nic.in | કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ નં. ૧, પાડીયા સ્મારક બિલ્ડીગ, સ્ટેશન રોડ, અમરેલી.<br>ફોન. ૨૩૦૬૮૧ ફેકસ ૨૨૧૭૯૮<br>ઈમેઈલ : eamr_ad1@sancharnet.in |
| ૬. | રાજકોટ | કલેકટર ઓફીસ, રાજકોટ.<br>ફોન. ૨૪૭૯૩૫૧, ફેકસ : ૨૪૫૩૬૨૧<br>ઈ મેઈલ : colrajko@guj.nic.in | ઓફીસ ઓફ ધી મેમ્બર સેકેટરી એન્ડ એકઝીકયુટીવ એન્જીનીયર, ડીસ્ટ્રીકટ વોટર સેનીટેશન કમીટી (સ્વજલધારા–૨) "જલ ભવન", સરીતા વિહાર સોસાયટી સામે, સૌ. યુનિ. રોડ, રાજકોટ–૦૫<br>ફોન. ૨૨૩૯૫૨૪ ફેકસ : ૨૨૩૪૫૯૧ |

# ૯. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા સંચાલિત ગ્રામિણ વિકાસના કાર્યક્રમો

| અ.નં. | યોજના | લાભાર્થી | હેતુ / ઉદ્દેશ | અમલીકરણ | સહાયનું ધોરણ |
|---|---|---|---|---|---|
| | (અ) | (બ) | (ક) | (ડ) | (ઈ) |
| (૧) | સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના (એસ. જી. એસ. વાય.) | ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને | ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને સંગઠિત કરી, સ્વનિર્ભર જૂથો બનાવી, તાલીમ તેમજ જરૂરી ધિરાણ આપી માળખાકીય સુવિધા અને બજાર વ્યવસ્થા સુધીના તમામ પાસા આવરી લઈ ગરીબ કુટુંબોને ગરીબી રેખાની ઉપર લવવાનો હેતુ છે. | | |
| (૨) | ખાસ રોજગાર કાર્યક્રમ (શ્રમયોગી) | ગ્રામ વિસ્તારના પ્રત્યેક ગામના પાંચ સૌથી ગરીબ પરિવારના ઉત્થાન માટે | (૧) ૧૫૦ દિવસની વેતન રોજગારી<br>(૨) આવાસ ઉપલબ્ધિ<br>(૩) નાનુ ઢોર<br>(૪) ફળાઉ ઝાડ<br>(૫) કૌશલ્ય તાલીમ સુધારણા | | |
| (૩) | સંપૂર્ણ ગ્રામીણ રોજગાર યોજના | પ્રત્યેક ગ્રામ પંચાયત | ગ્રામ્ય વિસ્તારોમાં વધારાનાં વેતન રોજગારી પુરી પાડવાનો અને તેના દ્વારા અન્ન સુરક્ષિતતા પુરી પાડવાનો અને પોષણ સ્તરને સુધારવાનો યોજનાનો મુળ ઉદ્દેશ છે. | જિલ્લા પંચાયત,<br>તાલુકા પંચાયત,<br>ગ્રામ પંચાયત | |
| (૪) | ઈન્દીરા આવાસ યોજના | ૫૦% ગરીબી રેખાના ધોરણે અને ૫૦% આવાસની ઘટ (હાઉસીંગ શોર્ટજ) ના આધારે (ફકત ગરીબી રેખાની નીચે આવતા કુટુંબો માટે જ) | ગ્રામીણ વિસ્તારમાં વસતા ગરીબી રેખા હેઠળ જીવતા અનુ.જાતિ / જનજાતિ, મુકત કરાયેલ વેઠીયા તેમજ અન્ય લક્ષ્યાંક જુથના લાભાર્થીને નિયત યુનિટ કોસ્ટમાં આવાસો પુરા પાડવા. | | યુનિટ કોસ્ટ<br>રૂા. ૪૦,૦૦૦ જેમા રૂા.૩૬,૦૦૦ રોકડા અને રૂા. ૪,૦૦૦ નો શ્રમ ફાળો ઠરાવેલ છે. |
| (૫) | વોટરશેડ કાર્યક્રમ | | (૧) ભૂમિ અને ભેજ સંરક્ષણ<br>(૨)જળ સંપતિ વિકાસ<br>(૩) વનીકરણ અને ઘાસચારો વિકાસ<br>(૪) માનવ સંસાધન વિકાસ | | પ્રતિ હેકટર<br>રૂા. ૬૦૦૦ |
| ૫.૧ | અનાવૃષ્ટિ શકયતા વિસ્તાર કાર્યક્રમ (ડીપીએપી) | – | – | – | – |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫.૨ | રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ (ડીડીપી) | આવરી લેવાયેલ તાલુકાના નામ : દ્વારકા , કલ્યાણપુર, ભાણવડ, ધ્રોળ, જામજોધપુર, જોડીયા, જામનગર, ખંભાળીયા, લાલપુર, માળીયા, જસદસ, વાંકાનેર, પડધરી, લોધીકા, ધોરાજી, ગોંડલ, કોટડાસાંગાણી, મોરબી, જામકંડોરણા, રાજકોટ, ટંકારા, વાંકાનેર | – | – | ૫૦૦ હેકટર વિસ્તાર |
| ૫.૩ | સંકલિત પડતર ભૂમિ વિકાસ યોજના (આઈડબલ્યુડીપી) | રાજ્યનાં નોન ડીપીએપી / ડીડીપી તાલુકાઓમાં જયા સિંચાઈની ટકાવારી ૩૦% થી ઓછી છે પાણીની તીવ્ર તંગી હોય તથા વેસ્ટલેન્ડનું પ્રમાણ વધુ હોય તેવા તાલુકાઓ | – | – | – |
| (૬) | ગોકુલ ગામ | ગ્રામ | રાજ્યનુંપ્રત્યેક ગામ કેટલીક ન્યુનત્તમ પ્રાથમિક સુવિધાઓથી સંપન્ન બને અને તેની સાથે તે સ્વચ્છ અને સુંદર બને તે પ્રકારના કામો આ યોજના હેઠળ હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ માટે નક્કી કરાયેલ કામોની યાદીમાં પાકો એપ્રોચ રોડ, ગામના પાદરથી ગામચોરા સુધીના રસ્તા, પીવાના પાણીની સુવિધાઓના કામો, સ્નાનઘાટ સહિતના ગામ તળાવોની રચના અને પુનઃ રચનાના કામો, પ્રાથમિક ઓરડા, બાલવાડી / આંગણવાડીના મકાન, પંચાયત ઘર, હવાડો, વિજળીકણ, ખાળકૂવાઓ/શોષખાડાના કામો, વ્યકિતગત / સામુહિક શૌચાલયને લગતા કામો ઉકરડાંઓનું | ગ્રામ પંચાયત | રૂ. ૧૫ લાખની મર્યાદામાં, અન્ય વિભાગના સંકલન સાથે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | વૈકલ્પિક જગ્યાએ સ્થળાંતર, ગામના મુખ્ય રસ્તાની બન્ને બાજુએ વૃક્ષારોપણ તથા ગૌચર પડતર જમીનમાં વનીકરણ જેવા કામોનો સમાવેશ થાય છે. | | |
| (૭) | એડીબી પ્રોજકેટ | આપિત્તગ્રસ્ત વિસ્તાર | (૧) આપત્તિગ્રસ્ત વિસ્તારમાં ગરીબોની મૂળભૂત જરૂરીયાત તથા સ્થાયી આવક ઉભી કરવા માટે<br>(૨) પ્રોજકેટ હેઠળ આવરી લેવાના કાર્યોમાં પીવાના પાણીના અન્ય સ્ત્રોત તૈયાર કરવા; જળસંરક્ષણ અને આરોગ્ય, શિક્ષણ અને ગ્રામ્ય ગરીબો, આદિવાસી કુટુંબો ખાસ કરીને સ્ત્રીઓની ચોક્કસ જરૂરીયાતોને અનુલક્ષીને ગરીબોની નિયમિત આવક ઉભી કરવાના નવગા અભિગમ કેળવવા વિગેરે છે. પ્રોજેકટનું પ્રાથમિક લક્ષ્ય ગરીબો માટેની ટેકનોલોજીને આધુનિક બનાવવા અંગેનો છે. | ગુજરાત રાજ્ય આપત્તિ સત્તા મંડળ ગ્રામ વિકાસ કમિશ્નર | |
| (૮) | ગ્રામીણ સ્વચ્છતા કાર્યક્રમ | ગ્રામીણ વિકાસ વિભાગનો સંપર્ક કરી જાણવું | ગ્રામીણ સ્વચ્છતા | ગ્રામીણ વિકાસ વિભાગ | વ્યકિતગત સૌચાલયોની યોજનામાં કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ શૌચાલયની યુનિટ કોસ્ટ વધુમાં વધુ રૂા. ૩૭૫/- સહાય ચુકવવામાં આવે છે. રાજ્ય પુરસ્કૃત યોજના હેઠળ હાલની શૌચાલયની યુનિટ કોસ્ટ સહાયમાં (૧) ગરીબી રેખા હેઠળના લાભાર્થીઓ<br>રૂા. ૧,૮૦૦૦/- સહાય (૨) વહીવટી ખર્ચ રૂા. ૨૦૦/- |

# ૧૦. મત્સ્યોદ્યોગ વિભાગ, ગુજરાત રાજ્ય : ગુજરાત સરકાર દ્વારા મત્સ્યોદ્યોગ માટેની વિવિધ યોજના અંગે

## ૧૦.૧ દરિયાઈ મત્સોદ્યોગ માટે વિકાસ યોજના :

| ક્રમ | યોજનાનું નામ | યોજનાની વિગત |
|---|---|---|
| ૧. | FSH-2<br>મત્સ્ય બીજનું ઉત્પાદન<br>મત્સ્ય બીજ ઉછેર.<br>૧૦૧/૨ મત્યાબીજ સામાન્ય<br>૮૦૧/૧–ખાસ અંગભૂત | મત્સ્ય બીજનાં ઉછેર માટે<br>૧ એક લાભાર્થીને ૪.૦૦ લાખ સ્પોન ૧ લાખ ફ્રાય ફીંગરલીંગ સુધી<br>▪ સ્પોનથી ફ્રાય સુધી ૧૦૦૦ નંગ ફ્રાયના રૂા. ૭૦/– ૩૩% રીકવરી.<br>▪ ફ્રાયથી ફીગરલીંગ સુધીના ૧૦૦૦ નંગ ફીંગરલીંગના રૂા. ૧૭૦/– ૧૨% રીકવરી લાભાર્થીને મહેનતાણા પેટે ચુકવી શકાય. |
| ૨. | FSH-5<br>૧૦૧/૬ મત્સ્ય ખેડૂત વિકાસ સંસ્થા | (૧) મત્સ્ય ઉછેર, મત્સ્યબીજમાં ૫૦% રાહત.<br>(૨) તળાવ સુધારણા ખર્ચના અને વધારેમાં વધારે રૂા. ૨૦,૦૦૦/– સુધીની રાહત. પંચાયત / બેનીફીશરીઝને.<br>(૩) તાલીમાર્થી, પ્રતિ લાભાર્થીને રૂા. ૧૦૦/– સ્ટાઈપન્ડ દશ દિવસ માટે. |
| ૩. | FSH-5<br>૮૦૦/૧ ખાસ અંગભૂત યોજના | (૧) તાલીમ, પ્રતિ, તાલીમાર્થીને રૂા. ૧૦૦/– સ્ટાઈપન્ડ દશ દિવસ માટે. |
| ૪. | FSH-6<br>૧૦૧/૮ જળાશય મત્સ્યોદ્યોગ વિકાસ | (૧) ફીંગરલીંગ સ્ટોકીંગ, ૫૦% રાહત.<br>(૨) સાયકલ બોકસ ૫૦% રાહત રૂા. ૧૦૦૦/–<br>(૩) બોટનેટ–ઓથોરાઈઝ ડીલર અથવા મહત્તમ જી.એફ.સી.સી. માંથી ખરીદીનાં ૫૦% અથવા રૂા. ૫,૦૦૦/– રાહત બે માંથી ઓછું હોય તે.<br>(૪) મત્સ્ય વેંચાણ સહાય – રૂા. ૩૦૦૦/– પ્રતિ મહિલાને એકવાર.<br>(૫) કેજપેન – જળાશયમાં પેન રેરીંગ ખર્ચના ૫૦% જેવી કે ઝુંપડી, છાણ, બાવળ સાફ કરવા, પેન બાંબુનું બનાવવા જાળી ખરીદવા વગેરે.<br>(૬) વર્કીંગસેડ જળાશય ઉપર. |
| ૫. | FSH-6<br>૮૦૦/૧ ખાસ અંગભૂત | (૧) મત્સ્ય વેચાણ સહાય – રૂા.૨,૦૦૦/– પ્રતિ મહિલાને એકવાર.<br>(૨) સાયકલ બોકસ – રૂા. ૩,૦૦૦/– યુનિટ ખર્ચના ૫૦% રાહત ઓથોરાઈઝ ડીલર કે જી.એફ.સી.સી.એ. પાસેથી ખરીદી કરી શકે. |
| ૬. | FSH-10☜<br>૧૦૩/૧ આધુનિક સાધનો પૂરા પાડવા<br><br><br><br><br><br><br>માછીમારોના કુટુંબને દૈનિક ભથ્થું. | * આધુનિક સાધનોમાં<br>કિંમતના — મહત્તમ<br>૧. જી.પી.એસ. + નેવીગેટર ઈન્ડીકેટર સાથે — ૫૦% — રૂા.૨૦,૦૦૦/–<br>૨. ફીશફાઈન્ડર — ૫૦% — રૂા.૧૦,૦૦૦/–<br>૩. વી.એચ.એફ.રેડીયો — ૫૦% — રૂા. ૫,૦૦૦/–<br>૪. લાઈફ સેવીંગ એપ્લાયન્સ — ૫૦% — રૂા. ૫,૦૦૦<br>વધારેમાં વધારે રૂા. ૩૦,૦૦૦/– અથવા ૩૦% રાહત મળવા પાત્ર છે.<br>* માછીમારોના ટંડેલ / ખલાસી / ભંડારી પાકિસ્તાન માછીમારી દરમ્યાન પકડાયેલ હોય તો રૂા. ૫૦/– દૈનિક ભથ્થનું તેમનાં કુટુંબને મળવા પાત્ર છે. |
| ૭. | FSH-12☜<br>૧૦૩/૩ હોડીઓનું યાંત્રિકરણ | * એફ.આર.પી.હોડી/ગીલ જાળથી માછીમારથી મોટી હોડી માન્ય યાર્ડમાં બનાવેતો તે પર ૩૩% અથવા ૨૦,૦૦૦/–, બે માંથી જે ઓછું હોય તે રાહત મળવા પાત્ર છે. |
| | પગડીયા સહાય ☜☜ | * પગડીયાઓને સાયકલ / જાળ ખરીદીનાં ૫૦%, મહત્તમ રૂા. ૧,૦૦૦/– રાહત મળવા પાત્ર છે. યુનિટ ની કિંમત રૂા. ૨,૦૦૦/– |

| | | |
|---|---|---|
| ૮. | FSH-24<br>૧૦૫/૧ ફીશ માર્કેટીંગ સહાય | * ઈન્સ્યુલેટેડ બોકસસ આઈસ / થર્મોકોલ પેટી ખરીદીના ૫૦%, મહત્તમ રૂા .૧,૦૦૦/–<br>* વોર્શીગ કન્ટેનર / પ્લાસ્ટીક / સીન્ટેક્ષ / નીલકમલ / ટબ / ધમેલા ખરીદીના ૫૦%, મહત્તમ રૂા. ૫૦૦/– ની મર્યાદામાં.<br>* આઈસ ક્રસર (નાનું) કિંમતના ૫૦% અથવા રૂા. ૨,૫૦૦/– ની મહત્તમ મર્યાદામાં રાહત.<br>* વજન કાંટા કિંમતના ૫૦% અથવા રૂા. ૫૦૦/– ની મહત્તમ મર્યાદામાં રાહત.<br>* રેકડી ખરીદીના ૫૦% અથવા રૂા. ૨,૫૦૦/–ની મર્યાદાંમા રાહત. |
| ૯. | FSH-12 ☜<br>૧૦૩/૪ હોડીઓનું યાંત્રિકરણ | * બહારના યંત્રો ઓ.બી.એમ. મરીનર જી.એફ.સી.સી.એ. દ્વારા અથવા તેમાંથી ખરીદીના ૩૦% રૂા. ૨૦,૦૦૦/– ની મર્યાદામાં રાહત. સાત વર્ષમાં એકવાર. |
| ૧૦. | FSH-18<br>૧૦૯/૧ મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓને સંગીન બનાવવી | મેચીંગ શેરફાળો. એકવાર. |
| ૧૧. | FSH-22<br>૮૦૦/૨ માછીમાર આવાસ યોજના | માછીમાર કે માછીમારના વ્યવસાયમાં જોડાયેલ મકાન વિહોણાંને રૂા. ૪૦,૦૦૦/– નું મકાન નક્કી કરેલ પ્લાન પ્રમાણે ૩૫ ચો. મી. જમીનમાં રજીસ્ટર મંડળી દ્વારા બનાવી ૧૦૦% રાહત મળવાપાત્ર છે. ૧૦,૨૫,૫૦કે ૧૦૦ ના જુથમાં મકાન મંડળીએ તેના નામની જમીન પર બનાવવાનું રહે છે. મકાનના પ્રમાણમાં બોર, કોમ્યુનિટી હોલ મળવાપાત્ર છે. |
| ૧૨. | FSH-22<br>૮૦૦/૧ ખાસ અંગભૂત યોજના | –––––––––ઉપર જણાવ્યા મુજબની યોજના છે.–––––––– |
| ૧૩. | FSH-15<br>૧૦૯/૧ વિસ્તરણ | મસ્ત્યોદ્યોગ પ્રવૃતિની ખીલવણી અને લોકોના માછલી પ્રત્યેની સુગ ઓછી થાય અને વ્યવસાય તરીકે અપનાવી રોજગારી મેળવવાનો આશય. ફિલ્મશો, લોકમેળા, શિબિર, ગ્રામ્ય મુલાકાત, રેડીયો, ટી.વી કાર્યક્રમ, ચોપાનીયા, પુસ્તીકા બહાર પાડવી. |
| ૧૪. | FSH-16<br>૧૦૯/૨ કર્મચારીઓને તાલીમ | મસ્ત્યોદ્યોગની આધુનિક જાણકારી અધિકારીઓ / કર્મચારીઓમાં મળી રહે તે માટે રાજ્ય બહાર / રાજ્યમાં વિવિધ સંશોધન / પ્રસાર કરતી તકનીકોની જાણકારી મળે તે માટે તાલીમ. |
| ૧૫. | ડીઝલ સેલટેક્ષ રાહત યોજના ☜ | માછીમાર કે પોતાની બોટ ધરાવતો હોય અને રજીસ્ટર થયેલ બોટનું ડીઝલકાર્ડ કઢાવેલ હોય અને માછીમારીમાં જતી હોય તેવા બોટ ધારકને ખરીદ કરેલ ડીઝલના પ્રતિ લીટરના રૂા. ૫.૧૦/– અને ભાવ વધારા ઘટાડા મુજબ સેલટેક્ષ રાહત મળવા પાત્ર છે. |
| ૧૬. | આબકારી જકાત રાહત યોજના☜ | માછીમારી માટે ચાલુ બોટ હોય તેના સેલટેક્ષ રાહત મેળવેલ હોય તે ડીઝલ ખરીદી પર રૂા. ૧.૫૦ પ્રતિ લિટર આબકારી જકાત રાહત મળવાપાત્ર છે. |

**નોંધ :** ☜ **ફકત દરિયાઈ (મરીન) મત્સોદ્યોગ માટે**

☜☜ **ફેશ વોટર માટે**

## ૧૦.૨ મત્સ્ય પાલન માટે અન્ય સહાય યોજનાઓ :

મત્સ્યોદ્યોગના સર્વાંગી વિકાસ માટે રાજ્ય તેમજ કેન્દ્ર સરકારે વિવિધ યોજનાઓ અમલમાં મુકેલ છે. આ યોજનાઓ અંતર્ગત મત્સ્ય ખેડૂતોને મત્સ્યોદ્યોગના જુદા–જુદા હેતુઓ મટો સરકારી સહાય પુરી પાડવામાં આવે છે, તેની વિગત નીચે દર્શાવેલ છે.

**(૧) ઝીંગા ફાર્મ વિકસાવવા માટેની સહાય :**

નવા સાહસીકોને નવા ઝીંગા ફાર્મ બનાવવા માટે પ્રોત્સાહન પુરુ પાડવા માટે અને ઉત્પાદન ક્ષમતા વધારવા માટે ઝીંગા ઉછેર કરતાં ખેડૂતોને સ્થાયી ખર્ચની ૨૫ ટકા અથવા જળ વિસ્તારનાં પ્રતિ હેકટર દીઠ રૂા. ૪૦,૦૦૦/– બે માંથી જે ઓછું હોય તે મળવાપાત્ર છે. આ લાભ વ્યકિત દીઠ ૫ હેકટર અથવા તેથી વધુ વિસ્તાર માટે રૂા. ૨ લાખ સુધી સીમીત છે.

**(૨) ઝીંગા ફાર્મમાં પાણી શુધ્ધિકરણ એકમ બનાવવા માટેની સહાય :**

ઝીંગા ઉછેર તળાવોમાં વાયરસ (રોગાણું) થી ખૂબ જ નુકસાન થાય છે, વાયરસથી ખેડૂતને થતાં રોગોની એક ફાર્મમાંથી બીજા ફાર્મમાં સમાંતર ફેલાવો અટકાવવા માટે ૫૦ હેકટર અથવા વધુ વિસ્તાર ધરાવતા ઝીંગા ખેડૂતને સ્થાયી રકમનનાં ૨૫ ટકા, ૫.૦ હેકટર જળવિસ્તાર ધરાવતા ફાર્મ માટે વધુમાં વધુ રૂા. ૧.૫ લાખ તથા ૧૫ હેકટરથી વધુ વિસ્તાર ધરાવતા લાભાર્થીને વધુમાં વધુ રૂા. ૬ લાખ સુધીની સહાય તળવાનાં પાણીના શુધ્ધીકરણ એકમની સ્થાપના માટે આપવામાં આવે છે.

**(૩) ઝીંગા ખેડૂતો માટે જમીન તથા પાણીની ચસકાણી માટેના સાધનોની ખરીદી માટે સહાય :**

ઝીંગા ફાર્મ માટેના પાણી અને જમીનના વિવિધ પરિબળોનાં નિયમિત અભ્યાસ માટે મત્સ્ય ખેડૂતોને પાણી પૃથ્થકરણ માટેનાં સાધનોની કુલ કિંમતના ૨૫ ટકા રકમ જેમા ઓછામાં ઓછું ૧૦ હેકટર જળ વિસ્તાર ધરાવતા ફાર્મને વધુમાં વધુ રૂા. ૩૦,૦૦૦/– ની સહાય મળવાપાત્ર છે.

**(૪) નાના પાયે ઝીંગા બીજ ઉત્પાદન એકમ (હેચરી) સ્થાપવા માટેની સહાય :**

